વ્યક્તિ-સમષ્ટિના સમગ્ર-સ્વસ્થ વિકાસ માટેનું પ્રકાશન

આપણું **વિચારવલોણું**

# વાર્તામેળો-૩

## બાળકલમે વહેતી વાર્તાઓ



સંપાદક : દર્શા કિકાણી

વર્ષ : ૭ ઓગષ્ટ, ૨૦૧૯ અંક : ૭ રૂ. ૨૫.૦૦

# વાર્તામેળો

સંપાદક : દર્શા કિકાણી

• પ્રકાશક •
વિચારવલોણું પરિવાર
અમદાવાદ

# નિવેદન

આપણી વિચારપ્રક્રિયા, આપણા વર્તનો અને વૃત્તિઓ આપણા વ્યક્તિત્વનું ઘડતર કરે છે. પણ આ વિચારો આવે છે ક્યાંથી? એ માટે આપણે કોઈ ખાસ પ્રયત્ન નથી કરવો પડતો. તે આપમેળે આપણી જાણ બહાર આપણામાં ઠલવાયા કરે છે. આ વિચારો આપણી માનસિકતા ઘડે છે. આપણી પસંદ-નાપસંદ ઊભી કરે છે. તો એમાં આપણું કોઈ કર્તુત્વ ખરું? આપણી પસંદગી ઉપર આપણી પોતીકી કોઈ છાપ ખરી?

એવું થઈ શકે જો અમુક ઉંમર પછી આપણે આ વિષે સભાન થઈ જઈએ. વિચારો તો આપણી આસપાસ સતત મંડરાયા કરશે, પણ તેને પકડવા, નાણી જોવા, સ્વીકારવા કે ફેંકી દેવા તે આપણા હાથની વાત છે. કાળક્રમે આપણી કોઈ ચોક્કસ વિચારધારા થઈ શકે જે આપણી પોતીકી હોય, પોતાના અનુભવોમાંથી બનેલી હોય. એવું પણ બને કે જેમ જેમ વિચારોની સ્પષ્ટતા થતી જાય, વિવિધ અનુભવો થતા જાય તેમ તેમ તે બદલાયા કરે. પણ આવું તો થાય જો આપણે નક્કી કરીએ કે આપણે શું વાચવું છે, કઈ બાબતોને સમય આપવો છે, કેવા લોકોના પ્રવચનો સાંભળવા કે લેખો વાંચવા છે, કોનો સત્સંગ કરવો છે, કેવા અનુભવોને મહત્ત્વ આપવું છે.

આજે જ્યારે આપણી આસપાસ સાચી-ખોટી માહિતી ધોધમાર વરસતી હોય ત્યારે આપણી પોતીકી વિચારધારા ભાગ્યે જ રહી શકે. આ બાબત આપણને કઠપૂતળી બનાવી દે છે. બહુ બધા પપૂધપૂઓ, સંગઠનો, રાજકીય પક્ષોને આવી કઠપૂતળીઓની જરૂર છે, જે તેમની વાતો આંખ-કાન બંધ કરીને સ્વીકારી લે અને તે મુજબ વર્તે. આપણે નક્કી કરવાનું છે કે આપણે એ બનવું છે?

મોટા ગજાના વિચારક, વિનોબાના સાથી દાદા ધર્માધિકારીએ સરસ વાત લખી છે : 'તમારું શરીર જીર્ણ થાય, પણ તમારું મન જીર્ણ થાય તે ન ચાલે. કોઈનો વિચાર સ્વીકારશો નહીં. કોઈ પણ વિભૂતિનો વિચાર સ્વીકારશો નહીં. કોઈ પણ સંગઠનનો વિચાર સ્વીરારશો નહીં. પછી તે ગાંધીનો હોય, વિનોબાનો હોય કે સર્વોદયનો હોય. વિચાર તમારો હોવો જોઈએ. તમારા અંતઃકરણમાંથી પ્રેરણા મળવી જોઈએ અને તમારી બુદ્ધિ વિચાર કરવા માટે હંમેશા મુક્ત રહેવી જોઈએ. તટસ્થ, નમ્ર બુદ્ધિ, જેમાં કોઈ પણ આગ્રહ નથી તેવી. તમને કોઈએ અહિંસાનો પાઠ આપ્યો હોય, દાખલો આપ્યો હોય તો તે ભૂલી જાવ. કોઈ પણ સિદ્ધાંતથી આપણે બંધાઈ ગયા નથી, અહિંસાથી પણ નહીં.'

આશા રાખીએ કે આપણે આ બાબતે સભાન રહીએ અને સર્વ દિશાએથી આવતા શુભ અને સુંદર વિચારોને આવકારતા રહીએ.


મુનિ દવે

૨૫મી ડિસેમ્બર, ૨૦૧૮ — વિચારવલોણું પરિવાર, ફોન : ૦૭૯-૨૬૭૫૧૩૫૭

# પ્રસ્તાવના

સતત ત્રીજા વર્ષે આ પુસ્તકના માધ્યમથી, આપ સૌને મળતાં મને આનંદ થાય છે. આજના માહિતી વિસ્ફોટના સમયમાં જ્યારે બાળકે મૌલિક વિચારવાનું અને લખવાનું ઓછું કરી નાખ્યું છે, તેવા સમયમાં બાળકને મૌલિક વિચારવા અને રચનાત્મક લખવા માટે પ્રોત્સાહિત કરવા યોજેલ વાર્તાલેખન સ્પર્ધાના અમારા ગયા બે વર્ષના સુખદ અનુભવથી દોરાઈને આ વર્ષે પણ અમે વાર્તાલેખન સ્પર્ધા યોજી.

- ગત વર્ષોની જેમ જ સ્પર્ધાની વિગતો ગુજરાતભરમાં અનેક શાળાઓ સુધી માત્ર E-media ની મદદથી E-mail, WhatsApp અને Facebook વગેરે દ્વારા પહોંચાડી.
- Webgurjari.com, Readgujarati.com , Aksharnaad.com જેવી જાણીતી Gujarati websitesનો ભરપૂર સથવારો મળ્યો. આભાર! ગયા વર્ષની બધી ઈનામી વાર્તાઓ આ ત્રણે સાઈટ પરથી પ્રકાશિત કરવામાં આવી હતી.
- તો જિલ્લાશિક્ષણાધિકારીની ઓફિસમાંથી પૂરો સપોર્ટ મળ્યો.
- દિવ્યાંગ વિદ્યાર્થીઓને આ વર્ષે પણ આપણે આ સ્પર્ધામાં સામેલ કર્યાં. જો કે તેમનો રિસ્પોન્સ ઠંડો છે એટલે આગામી વર્ષોમાં તેમને સ્પર્ધામાં સામેલ કરવા માટે એક પ્રશ્નાર્થ ખડો થયો છે.
- ચોપડી કે મેગેઝીનમાંથી થતી ઊઠાંતરી રોકવા સોગંદનામું પણ લીધું અને છતાં મૌલિકતાની કમી વરતાય છે. પણ, આ વર્ષે આપણે એક મોટો ફેરફાર કર્યો :
- મારા પતિ શ્રી રાજેશ કીકાણીના સુચન મુજબ શિક્ષકોને આ સ્પર્ધામાં આવરી લીધાં, 'જો શિક્ષકો ઉત્સાહથી ભાગ લેશે તો વિદ્યાર્થીઓને વધુ ઉત્સાહ મળશે' એવા આશય સાથે. મને કહેતાં આનંદ થાય છે કે શિક્ષકોએ સુંદર પ્રદર્શન કર્યું છે.

**થોડાં તારણો :** સમગ્ર ગુજરાત અને મુંબઈમાંથી ટોટલ ૧૨૮૫થી વધુ વાર્તાઓ, ૧૧૭ શિક્ષકો, ૧૮-૨૦ દિવ્યાંગ વિદ્યાર્થીઓ, ૬ અંગ્રેજી અને ૧૬ હિન્દી વાર્તાઓ.

- સુખદ આશ્ચર્ય : અંગ્રેજી માધ્યમની ઘણી શાળાઓમાંથી ગુજરાતીમાં વાર્તાઓ આવી.
- સારી શાળાઓમાં આ સ્પર્ધાને એક પ્રોજેક્ટ તરીકે પ્રમોટ કર્યો અને બાળકોને નવું લખવા પ્રેર્યા.
- આ વખતે મોબાઈલ, ટેબલેટ, અવકાશી યુદ્ધ, સ્વચ્છતા, પર્યાવરણ, સુપર વુમન, એલિયન, પરી જેવા સાંપ્રત અને સકારાત્મક વિષયો સાથે ભુત, ચુડેલ,ડાકણ જેવા નકારાત્મક વિષયો પણ હતા.
- બાળકોએ સુંદર અક્ષરો, રંગીન ચિત્રો અને સ્ટીકરોથી સજાવી વાર્તાઓ મોકલેલ છે.
- છેલ્લું અને સૌથી અગત્યનું તારણ : ગયા વર્ષની જેમ જ દીકરીઓ વાર્તા-સ્પર્ધામાં મેદાન મારી ગઈ છે! પણ શિક્ષકોના વિજેતા ગ્રુપમાં માત્ર એક મહિલાનો સમાવેશ થયો છે!

ગયાં વર્ષની સ્પર્ધાનાં બંને ગ્રુપમાંથી પસંદગીની સારી ૨૦-૨૫ વાર્તાઓ પુસ્તક સ્વરૂપે 'વાર્તામેળો-૨' નામે વિચારવલોણું દ્વારા પ્રગટ થઈ છે. જો આ પુસ્તક ગુજરાતની દરેક શાળા સુધી પહોંચે તો એનાથી રૂડું શું ? એ દિશામાં અમારા પ્રયાસો જારી છે. આ વર્ષની વાર્તાઓ પણ 'વાર્તામેળો-૩' સ્વરૂપે પ્રગટ થઈ રહી છે જેનો અમને આનંદ છે.

૨૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ યોજેલ ઈનામ સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે બાળ સાહિત્યના રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા માનનીય શ્રી ચંદ્રકાંત શેઠ, અતિથિ વિશેષ તરીકે સૌને ચકલી ચળવળનું ઘેલું લગાડનાર શ્રી જગત કીનાખાબવાલા, બાળ સાહિત્યના રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા માનનીય શ્રી હરીશ નાયક તથા ઓરિગામી કળાના જાણીતા કસબી, બાળ પ્રવૃત્તિ પ્રેમી શ્રી જયંત ધરમશી હાજર રહ્યા હતા. સમગ્ર પ્રોગ્રામનું સંચાલન જાણીતા કવિ અને વાર્તાકાર પ્રજ્ઞાબેન પટેલે કર્યું હતું.

- વાર્તાઓ shrotlist કરવા માટે શ્વેતલ ગજ્જર, કિરાતી ઠાકોર અને નંદિની ભાવસારનો આભાર.
- ડીઝાઈનવર્ક માટે શ્રી દેવપાલ શાહનો આભાર.
- પ્રખ્યાત વાર્તાકાર શ્રી નટવરભાઈ પટેલ, શ્રી સાકળચંદભાઈ અને જાણીતા કવિ અને વાર્તાકાર પ્રજ્ઞાબેન પટેલે વિજેતાઓની આખરી પસંદગી માટે ભાષા તજ્જ્ઞ તરીકે સેવા આપી હતી.
- સ્પર્ધાના બિલકુલ શરૂઆતના સ્ટેજથી અત્યાર સુધી ડગલે ને પગલે સાથે રહેનાર મિત્ર અને HighCourt ના Advocate શ્રીમતી સ્વાતિ સોપારકરનો આભાર.
- સહયોગી સંસ્થાઓ 'વિચારવલોણું' અને 'આત્મન્ ફાઉન્ડેશન'નો પણ ખૂબખૂબ આભાર.
- પ્રાર્થના માટે નીતાબેન શાહ (સ્વામીનારાયણ શાળા, ગાંધીનગર) તથા તેમની શાળાનાં વિદ્યાર્થીઓનો આભાર.
- મારી અંગત પરિકલ્પના, મારું સપનું પૂરું કરવાની સાથેસાથે જરૂરી સલાહસૂચન અર્પી હંમેશની જેમ જ મારા પતિ શ્રી રાજેશ કિકાણીએ મને તન-મન-ધનથી સહકાર અર્પ્યો છે.
- આ વર્ષે DD Gujarati ટીવીએ 'Good News' પ્રોગ્રામ અંતર્ગત આપણા પ્રયત્નને સમાવી લઈ સારું કવરેજ આપ્યું છે. ગુજરાત સમાચાર, DNA વગેરે છાપાઓમાં પણ આપણા વાર્તા લેખનના પ્રયોગનો સરસ સમાવેશ કરાયો છે.

વર્ષોવર્ષ બાળકો વાર્તા લખતાં રહે અને આપણે સૌ તેમની વાર્તાઓ વાંચતાં રહીએ તે આશા સાથે,

આભાર

૧૭/૦૪/૨૦૧૯

દર્શા કિકાણી

## અનુક્રમણિકા


| અ.ન. | વાર્તાનું નામ | બાળકનું નામ | પાન નં. |
|---|---|---|---|
| ૧. | ટેબલેટ ચોરી થઈ ગયું | દેવયાની જગદીશભાઈ છોડાવાડિયા | ૮ |
| ૨. | સૌથી વહાલી છુટ્ટી | સનોબાર અંગારીયા | ૧૩ |
| ૩. | અવકાશી યુદ્ધ | જાડેજા રિદ્ધિ જગદીપસિંહ | ૧૬ |
| ૪. | સુપર વુમન | કાવ્યા સેજપાલ | ૧૯ |
| | પ્રોત્સાહન ઈનામ | | |
| ૫. | વડદાદાનો સંપેલો પરિવાર | પલ ચેતનકુમાર પટેલ | ૨૨ |
| ૬. | મહેનતનું સપનું | સોનપરા યુગ મુકુંદભાઈ | ૨૭ |
| ૭. | સાન્તાનું સિક્રેટ | જોશી આશ્કા હિતાર્થ | ૨૯ |
| ૮. | મારું ઘર | યજ્ઞાર્થ મેહુલભાઈ વોરા | ૩૨ |
| ૯. | સાત બરણી | રાઠોડ રૂપાલી ભીખાભાઈ | ૩૫ |
| ૧૦. | એક અદ્ભુત દેવી | આયુષી વિપુલભાઈ નકુમ | ૩૯ |
| | દિવ્યાંગ વિદ્યાર્થીઓ - પ્રોત્સાહન ઈનામો | | |
| ૧૧. | ચતુર કોણ? | વ્હોરા આસરા અલ્તાફભાઈ | ૪૪ |
| ૧૨. | ઢાલ સોનાની કે ચાંદીની? | પ્રજાપતિ તન્વી પ્રકાશભાઈ | ૪૫ |
| | શિક્ષકો | | |
| ૧૩. | ગુરુજીના આશીર્વાદ | પંચાલ બિપીનચંદ્ર વિષ્ણુભાઈ | ૪૬ |
| ૧૪. | શિલ્પી-નવ સર્જનનો | આર્ય વિજયસિંહ લક્ષ્મણસિંહ | ૫૪ |
| ૧૫. | મેઘધનુષ | ડૉ. વિજયભારતી સી. ગોસ્વામી | ૫૭ |
| ૧૬. | મોબાઈલ | ડૉ. પ્રકાશ બી. દવે | ૬૩ |
| ૧૭. | ઈબુચાચા | પીયુષ પી. જોટાણિયા | ૬૬ |
| | પ્રોત્સાહન ઈનામ | | |
| ૧૮. | સાચી સજા | પ્રકાશ દોલતરામ કુબાવત | ૭૨ |

## ૧. ટેબલેટ ચોરી થઈ ગયું ...

(દેવયાની જગદીશભાઈ છોડાવાડિયા, ધો. ૧૦, બાપ્સ સ્વામીનારાયણ વિદ્યામંદિર)

એક હતું વન. વનનું નામ સુંદરવન. જેવું નામ તેવું જ આ વન. વનની શરૂઆતમાં જ ખળખળ કરતી નદી. નદીની આજુબાજુમાં નાનું નાનું કૂમળું ઘાસ ને તેની આજુબાજુમાં નાના ને લીસા એવા પથ્થર.

આ અરણ્યમાં ઊંચા ઊંચા પર્વત ને એ પર્વત પરથી પડતી સરવાણી સપાટ મેદાનમાંથી વહેતી નદીઓ. આ જોતાની સાથે જ કોઈનું પણ મન મોહિત થઈ જાય! આ વનમાં ઘણા પશુ-પંખીઓ રહે. હની હરણ, વેન્સી વરુ, સની શિયાળ, હેપ્પી હાથી, શેરસિંહ સિંહ, જિંકી જિરાફ, કોમેડી કૂતરો, સમજુ સસલો, શેમી વાઘ અને બીજા ઘણા બધા પ્રાણીઓ પોતાના પરિવાર સાથે હસી-ખુશીથી આ જંગલમાં રહેતા હતા.

આ પ્રાણીઓમાં સંપ તો ખરેખરો. સૌ હળીમળીને રહે. આ આધુનિક યુગનો પ્રભાવ પણ આ સુંદરવનના પ્રાણીઓને પડી ગયો. તેથી જ સુંદરવનના પ્રાણીઓ પણ મોર્ડન થઈ ગયા.

સૌ કોઈને કમ્પ્યૂટર, મોબાઈલ, ટેબલેટ, ટી.વી., ફ્રિજ, એર કન્ડિશનર, લેપટોપ, ઓવન, વોશિંગ મશીન વગેરે વગર ચાલે જ નહિ. હવે તો સૌ એકબીજા સાથે વાત કરવા મોબાઈલ જ વાપરે. પત્રની પરંપરા તો સાવ બંધ જ થઈ ગઈ. અત્યારે તે સૌ કોઈને આખા વિશ્વમાં શું ચાલી રહ્યું છે તેની પણ ખબર જ હોય. મોબાઈલની ઓનલાઈન ન્યુઝ ચેનલ દ્વારા એકબીજા સાથે સતત સંપર્ક રાખવા માટે તથા બીજા વનોની સાથે સંપર્ક રાખવા કમ્પ્યૂટર, ટેબલેટ, મોબાઈલ જેવા સાધનોનો જ ઉપયોગ થાય.

સુંદરવનમાં ઠેર ઠેર પાણીનાં પરબ હતાં. તે પરબમાં માટલાનું ઠંડું પાણી ભરાતું પણ પરબમાં માટલાનાં ઠંડા પાણીની જગ્યાએ ફ્રિજનું ઠંડું પાણી મુકાયું. તેનું કારણ હતું, માટલાનું પાણી કોઈ પીવે જ નહિ. બધાને ફ્રિજનું પાણી પીવા જ જોઈએ. આવી રીતે સૌ આધુનિક ઈલેક્ટ્રોનિક સાધનો જ વાપરે. બધા જ મોર્ડન સાધનોની વાત કરે. ઈન્ડોર ગેમ અને આઉટ ડોર ગેમ સાવ બંધ જ થઈ ગઈ. કેમ કે, વીડિયો ગેમ આવી ગઈ ને! આવા અનેક ઈલેક્ટ્રોનિક સાધનોની દુકાન હતી હેપ્પી હાથીની. હાથીભાઈ પણ ખૂબ જ ખુશ હતા.

તેઓ અતિ આધુનિક પહેરવેશ પહેરે ને ગાડીઓમાં ફરે. કોઈ પાસે બાઈક તો કોઈ પાસે સ્કૂટી. કોઈ પાસે રીક્ષા તો વળી કોઈ પાસે ફોરવ્હિલ. અરે, જે પ્રાણીઓ ખેતી કરે છે તે પ્રાણીઓ પાસે આધુનિક ટ્રેક્ટર, જે.સી.બી. વગેરે તો હોય જ.

એક ગામથી બીજા ગામ જવું હોય તો પ્રાણીઓ પોતાના વાહનોનો ઉપયોગ કરે. અરે, ગામમાં ને ગામમાં ફરવું હોય તો પણ તેઓ ચાલે નહિ. આખા ગામમાં ફરતી બસ ને બસનો ડ્રાઈવર સમજુ સસલો. સમજુ બસ દ્વારા પ્રવાસીઓને આખા સુંદરવનમાં ફેરવે. પ્રાણીઓનાં

બચ્ચાંઓને શાળાએ જવું હોય તો તે પોતપોતાની સાઈકલ વાપરે. આમ, આખું વન આનંદ કરે.

આખું વન વાહનોનો ઉપયોગ કરે પણ તેઓ ટ્રાફિકના તમામ નિયમો પાળે. હેલ્મેટ રોજ પહેરે. સીટબેલ્ટ પણ દરરોજ બાંધે. ક્યારેય પણ જિંકી જિરાફ (પોલીસ ઓફિસર સુંદરવનના પોલિસ સ્ટેશનની)ને કાંઈ પણ ફરિયાદ આવે નહિ.

આ તો વાત થઈ સુંદરવનના પ્રાણીઓનાં વાહનોના વપરાશની. તેઓ માત્ર ઈલેક્ટ્રોનિક સાધનો કે વાહનોથી જ મોર્ડન નહોતા થયાં, પણ તેઓ પોતાના પહેરવેશથી પણ એટલાં જ મોર્ડન હતાં. તેઓના પહેરવેશ એટલે ...

હવે આ આધુનિક પ્રાણીઓ તો સાદા કપડાં પહેરે જ નહિ. ખાદીના કપડાં પહેરવા ન ગમે. સૌને જીન્સ, ટી-શર્ટ જ પહેરવા જોઈએ. આવા કપડાંના ડિઝાઈનર તો જોઈએ જ ને! અને આ કપડાંના ડિઝાઈનર હતા કોમેડી કૂતરાભાઈ. કોમેડી કૂતરાભાઈનાં કપડાં તો આખા સુંદરવનમાં ફેમસ. સુંદરવનનાં કોઈ પણ પ્રાણીને જઈને પૂછીએ કે સૌથી સારા કપડાં કોઈ ડિઝાઈન કરે તો સૌ પ્રથમ જવાબ મળશે કોમેડી કૂતરાભાઈ. આવું હતું અતિ આધુનિક સુંદરવન.

અતિ આધુનિક સુંદરવનનાં પ્રાણીઓ આટલાં મોર્ડન હોય તો તેના દ્વારા ચાલતી પ્રવૃત્તિઓ પણ મોર્ડન જ હોય ને. સુંદરવનમાં આધુનિક દવાખાનાં, શાળા, પોસ્ટર, ઓફિસ, પોલીસ સ્ટેશન, બસ-સ્ટેશન વગેરે પણ હતું. આ બધામાં આધુનિક સાધનોનો જ ઉપયોગ થતો.

દવાખાનામાં મોર્ડન દવાઓ તથા ઓપરેશનના સાધનો વપરાતાં. જેનાથી ગમે તેવું દુ:ખ હોય તો તે આંખના પલકારામાં દૂર થઈ જતું. કોઈ વ્યક્તિનો અકસ્માત થયો હોય તો તેને ત્યાં લેવા માટે એમ્બ્યુલન્સ પણ આવે. એ એમ્બ્યુલન્સની અંદર ડૉકટરો હતા, જે પ્રાથમિક સારવાર ચાલુ કરી દે, જેનાથી જો તેમનું મૃત્યુ થવાનું હોય તો તેનો ૬૦% ભય ટળી જાય.

શાળામાં સૌ બાળકો PPT દ્વારા જ ભણે. સૌ કોઈ પોતાનાં ટેબલેટ લઈને આવે ને તેમાં જ ભણે. બસ સ્ટેશનમાં LED TV વાળી બસો જ જોવા મળે. પોલિસ સ્ટેશનમાં આધુનિક સિક્યોરિટી ગોઠવાઈ ગઈ હતી. પણ, આવા હસતાં-કૂદતાં પ્રાણીઓને કોઈની નજર લાગી ગઈ ને ...

સુંદરવનમાં એક ગંભીર સમસ્યા આવી ગઈ. સમસ્યા એ હતી કે સુંદરવનની સૌથી પ્રખ્યાત શાળામાં શિક્ષકો જ ન હતા. શાળી હતી સંસ્કારયુક્ત શિક્ષણની શાળા. શાળાનું નામ "સંસ્કારયુક્ત શિક્ષણની શાળા" હતું તો તેમાં શિક્ષકો પણ સંસ્કારી જ હોવા જોઈએ ને. પણ, આવા સંસ્કારી શિક્ષકો શોધવા ક્યાંથી? આ એક વિકટ પ્રશ્ન હતો.

આ પ્રશ્ન રાજા શેરસિંહ સિંહ પાસે આવ્યો. શેરસિંહે કહ્યું કે હું આ શિક્ષકોની તપાસ કરીશ અને જ્યાં સુધી શિક્ષકોની ૧૦૦%ની ચકાસણી ન થાય ત્યાં સુધી કોઈ પણ શિક્ષકોએ આ શાળામાં ભણાવવા માટે જવું જ નહિ. આ વાત સાથે સૌ સંમત થયા ને વાતને માન્ય પણ રાખી.

થોડા દિવસ સુધી શેરસિંહે સૌની પરીક્ષાઓ લીધી. છેલ્લે સાત દિવસ પછી શેરસિંહે બે શિક્ષકોની નિમણૂક કરવાનું વિચાર્યું. તેમણે કરેલ દરેક પરીક્ષામાં આ બંને શિક્ષકો પાસ થઈ ગયા હતા. આ બંને શિક્ષકો હતા. રોમી વાઘ અને વેન્સી વરૂ. શાળામાં બધા જ પ્રાણીઓનાં બચ્ચા જાય. રોમી અને વેન્સી પણ બાળકોને આધુનિક રીતે જ શીખવે. સૌને PPT દ્વારા સમજાવે. સૌ કોઈ હોંશે હોંશે ભણે. તેમની સાથે દરરોજ એક સારી સંસ્કારી વાર્તા કહે. તેમાંથી શ્રદ્ધા, વિશ્વાસ, સહનશક્તિ, દયા, પ્રામાણિકતા, પુરુષાર્થ, વિવેક વગેરે ગુણો વિષે જાણવા મળે.

પ્રાણીઓ આધુનિકત્તાના રંગે રંગાયેલા હોય તો તેમના બચ્ચાને પણ એ રંગ લાગે જ ને! બધા જ વિદ્યાર્થીઓ પણ મોર્ડન જ થઈ ગયા. કોઈ પણ નોટબુકમાં લખે નહિ. સૌને ટેબલેટ જ જોઈએ. તેથી તેઓ પોતાની સાથે પોતાની ઘરેથી ટેબલેટ લઈને જ ભણવા આવે. જે કાંઈ રોમી અને વેન્સી ભણાવે તે ધ્યાનથી સાંભળે ને જે લખવા જેવું હોય તે પોતાના ટેબલેટમાં લખી લે.

આવી રીતે સૌ ભણતા. આ સૌમાં સૌથી હોંશિયાર હેરી હરણ. દર વખતે પહેલો નંબર જ આવે. તેથી હેરી સૌને ગમે. પણ તેમના વર્ગમાં એક ઈર્ષાળુ વિદ્યાર્થી પણ હતો. તેનું નામ હતું સની શિયાળ. આ હેરી હરણ સની શિયાળને ન ગમે. એના મનમાં એમ જ કે મારે કંઈ પણ કરીને હેરીને પાછળ જ પાડવી છે. તેના માટે તેમણે યુક્તિઓ પણ વિચારવા માંડી. તેમણે એક સરસ યુક્તિ વિચારી પણ જ્યારે જ્યારે તે પોતાની યુક્તિ પાર પાડવા જાય ત્યારે ત્યારે વર્ગમાં તેને લગતી કોઈ વાર્તા કહેવામાં આવે. તેથી તે પાછો વળી જાય. આવું ઘણી બધી વાર થયું. પણ તેમણે હાર ન માની ને છેલ્લે ...

તેમણે વિચાર્યું કે હેરી પોતાનો રેકોર્ડ પોતાના ટેબલેટમાં જ રાખે છે તો જો હું તેનું ટેબલેટ જ ચોરી લઉં તો હેરીનો બધો જ રેકોર્ડ મને મળી જાય ને હેરીને આ વખતની પરીક્ષામાં ન આવડે ને મારો પ્રથમ નંબર આવી જાય. આવો વિચાર આવતા જ તે વિચારને અમલમાં મુકવાનું વિચાર્યું. રાત્રે જ્યારે હેરી સૂઈ ગઈ ત્યારે તે છુપાઈને હેરીના ઘરે ગયો. તેનું ટેબલેટ છુપાઈને તેણે લઈ લીધું. પછી કાંઈ બન્યું જ ન હોય તેવી રીતે પોતાના ઘરે જઈને સૂઈ ગયો.

રોજની જેમ આજે પણ હેરીએ શાળાએ જવા માટે તૈયાર થઈ પોતાની કીટ તૈયાર કરી. કીટમાં જોયું તો તેમનું ટેબલેટ જ ન મળે. તેણે પોતાનું ટેબલેટ આખા ઘરમાં શોધ્યું પણ ક્યાંય ન મળ્યું. તેણે તેના માતા-પિતાને પણ આ બાબત અંગે વાત કરી. તેમણે પણ આખા ઘરમાં તથા આજુબાજુમાં તપાસ કરી પણ હેરીનું ટેબલેટ મળે જ નહિ.

હેરીના મમ્મી-પપ્પાએ આ વાત શેરસિંહને કરી. શેરસિંહ તો આખા સુંદરવનનો રાજા. પણ આ ચોરીની વાત સાંભળતાની સાથે જ આશ્ચર્ય સાથે શેરસિંહ બોલી ઊઠ્યો, સુંદરવનમાં ચોરી!

પહેલા તો શેરસિંહને વિશ્વાસ જ ન થયો. પણ હેરીની વાત સાંભળીને શેરસિંહને થોડો ઘણો વિશ્વાસ આવ્યો. શેરસિંહે તરત જ ઈમરજન્સી પોલિસ સ્ટેશને ફોન કર્યો. ઈમરજન્સી પોલિસ સ્ટેશનના વડા પોલિસ હતા જિંકી જિરાફબેન. જિંકી જિરાફ તરત જ શેરસિંહ પાસે આવી. શેરસિંહે બધી જ વાત જિંકીને કરી.

જિંકી પણ બોલી ઊઠી. 'સુંદરવનમાં ચોરી! આપણા આ હસતા-રમતા સુંદરવનને જરૂર કોઈની નજર જ લાગી ગઈ છે.'

હેરી ઘરે ગઈ. હેરી ખૂબ જ રડી. પણ રડવાથી થોડું ટેબલેટ પાછું મળવાનું હતું. ટેબલેટનો કોઈ અતોપત્તો જ ન લાગ્યો. જિંકીએ તપાસ શરૂ કરી. જિંકીએ સૌ પહેલા હેરીનું આખું ઘર જોઈ લીધું. ત્યારબાદ તેમની આજુબાજુમાં તપાસ કરી. પણ ટેબલેટ તો ક્યાંય મળે જ નહિ.

જિંકી તો સંસ્કારયુક્ત શાળામાં ગઈ ને ત્યાં પણ તપાસ કરી પણ ટેબલેટ તો મળવાનું નામ જ ન લે. ચોરનો ક્યાંય પત્તો લાગ્યો જ નહિ. ઘણી તપાસો પણ થઈ.

જિંકીને લાગ્યું કે આ ચોર ખૂબ જ બુદ્ધિશાળી છે. તેમણે વિચારીને જ ચોરી કરી. હવે આ ચોરને પકડવા માટે મારે પણ કાંઈ યુક્તિ વિચારવી પડશે.

તરત જ જિંકીને એક યુક્તિ સૂઝી. આ યુક્તિથી ચોક્કસ ચોર પકડાઈ જશે, જિંકીને વિશ્વાસ હતો. તે તરત જ હેરીના ઘરે ગઈ ને પૂછ્યું હેરી તારું ટેબલેટ ક્યાંથી ચોરાયું હતું? હેરીએ કહ્યું મારા ઘરેથી. જિંકીએ ત્યાં ધ્યાનથી તપાસ કરી. પણ કાંઈ પણ પુરાવા મળ્યા નહિ. જિંકી ઉદાસ થઈ ગઈ. પણ તેણે હાર ન માની. આમ ને આમ ઘણા દિવસ વીતી ગયા પણ ટેબલેટ હાથમાં આવ્યું નહિ. હેરીએ શાળાએ જવાનું પણ બંધ કરી દીધું.

જિંકીને પણ ચિંતા થવા માંડી કે આ ચોર હજી સુધી પકડાયો કેમ નહિ. સુંદરવનના તમામ દરવાજા ઉપર કડક સિક્યોરિટી ગોઠવી, પણ ચોર હજુ પણ ન પકડાયો.

આખા સુંદરવનમાં CCTV કેમેરા હતા. જિંકીએ બધા જ CCTV કેમેરા ચેક કરાવ્યા. એક પણ CCTV કેમેરામાં આ લુચ્ચો ચોર પકડાયો ન હતો.

હેરીના ઘર પાસેનો CCTV કેમેરો ખાસ ચેક કર્યો પણ ચોર ખૂબ જ ચાલાક હતો. જે સમયે ચોરી થઈ હતી તે સમયથી આ કેમેરો બંધ થઈ ગયો હતો. પણ કહેવાય છે ને કે ઓછી બુદ્ધિવાળા જ ચોરી કરે. ચોરી થાય ત્યારે કાંઈક ને કાંઈક તો ચોર સરખું કરવાનું ભૂલી જ જાય છે.

આ ચોરે પણ ભૂલ કરી જ હતી. તેણે જે કપડું CCTV કેમેરા ઉપર નાખ્યું હતું તે કપડું તેમણે કેમેરાની બાજુમાં જ મૂકી દીધું હતું. જિંકીએ તે કપડું જોયું ને તરત જ તે લઈ લીધું.

જિંકીને તરત જ યુક્તિ સૂઝી. તેમણે તરત જ કપડા પરથી ફિંગરપ્રિન્ટ લઈ લીધી. બીજા દિવસે જિંકીએ શેરસિંહને કહ્યું કે મારે આખા વનમાં રહેલા તમામ પ્રાણીઓની

ફિંગરપ્રિન્ટ જોઈએ છે. શેરસિંહે ફિંગરપ્રિન્ટ લેવાની હા પાડી ને સૌ પહેલા તેમણે પોતાની જ ફિંગરપ્રિન્ટ આપી.

શેરસિંહે આખા વનના તમામ પ્રાણીઓને ચોકમાં બોલાવ્યા ને કહ્યું જિંકીને આપણા સૌની ફિંગરપ્રિન્ટ જોઈએ છે. સૌએ પોતપોતાની ફિંગરપ્રિન્ટ જિંકીને આપી. શેરસિંહે જિંકીના કહેવા પ્રમાણે જાહેરાત કરી કે આવતા રવિવારે સૌએ આ ચોકમાં જમા થવું. જિંકી આપણને સૌને ચોર કોણ છે તેની જાહેરાત કરશે. સૌ કોઈ ચોરને જોવા માટે ઉત્સાહિત હતા.

રવિવાર આવતાની સાથે જ સૌ કોઈ આ ચોકમાં ભેગા થયા. સૌ એકબીજાની સામે જોઈને પૂછવા લાગ્યા. ચોર કોણ હશે? કેવો હશે? વગેરે પ્રશ્નો બધા પ્રાણીઓના મનમાં ગૂંજતા હતા. સિંહને પણ એમ હતું કે આ ચોર કોણ હશે?

ચોકમાં ભેગા થયેલ પ્રાણીઓમાં સંસ્કારયુક્ત શાળાના તમામ વિદ્યાર્થીઓ પણ હાજર હતા. રોમી વાઘ અને વેન્સી વરુ પણ ત્યાં ઉપસ્થિત હતા. સની પણ ત્યાં જ હતું. તેને થોડી બીક હતી પણ તે જરા પણ બહાર દેખાડતો ન હતો.

છેલ્લે જિંકી આવી ને તે બોલી કે 'મને ખબર છે કે તમે સૌ ચોરને જોવા માટે ઉત્સાહિત છો.' સૌ પ્રાણીઓ જોરથી બોલી ઊઠ્યા, 'હા જિંકી કહે કે ચોર મળી ગયો છે.'

'ચોર છે સંસ્કારયુક્ત શાળાનો એક વિદ્યાર્થી સની શિયાળ.' સૌ પ્રાણીઓ સની શિયાળની સામુ જોવા માંડ્યા. શિયાળ તો સાવ ડંઘાઈ જ ગયું. સનીએ થોડી આનાકાની કરી કે મેં ચોરી નથી કરી. ચોર કોઈ બીજું હશે, હું નથી. પણ જિંકીની લાલ લાલ આંખો જોઈને સની છેવટે સાચું બોલી ગયો કે હા, મેં જ ચોરી કરી છે.

રોમી વાઘ અને વેન્સી વરુ સની પાસે ગયા ને સનીને કહ્યું કે 'અમે રોજ સુંદર તથા સંસ્કારી વાર્તા કહેતા ને રોજ એમાંથી કાંઈને કાંઈ બોધ તો મળતો જ હતો. શું તે બોધને તે જીવનમાં ઉતાર્યો જ નથી?' આ સાંભળી સનીને ખૂબ જ પસ્તાવો થયો.

રોમી કહે કે 'શું આપણે પ્રામાણિકતાના પાઠ નથી ભણ્યા?' સની કાંઈ પણ બોલી શક્યો નહિ ને રડવા લાગ્યો. રોમી વાઘ અને વેન્સી વરુને પણ પસ્તાવો થયો કે એક શિક્ષક થઈને તેઓએ પોતાના વિદ્યાર્થીઓમાં સારા સંસ્કાર ન પૂરી શક્યા.

રોમી અને વેન્સીએ સનીને સમજાવ્યું કે આપણે સ્વાર્થ માટે થઈને કોઈની વસ્તુની ચોરી ન કરવી. જીવનમાં હંમેશા પ્રામાણિકતા રાખવી.

શેરસિંહે સનીને બે મહિનાના કેદની સજા સંભળાવી અને એના માતા-પિતાને પણ ખૂબ શરમાવું પડ્યું.

**બોધ :** આપણે જીવનમાં ક્યારેય ચોરી ન કરવી અને પ્રામાણિકતા જીવનમાં રાખવી.

''પ્રામાણિક જીવન રાખીશ,
વિશ્વાસુ સૌ તણો બનીશ.
મારો સંકલ્પ અમારો સંકલ્પ ...''

## ૨. સૌથી વહાલી છુટ્ટી

(સનોબર અંગારીયા, ધો. ૮-અ, ધ આદિત્ય બિરલા પબ્લિક સ્કૂલ)

રુચિબહેન અને તેમના નાની બહેન શુચિબહેન બંને બહેનો તેમના મમ્મી-પપ્પાને લઈને બહારગામ રહેતા હતા. રુચિબહેન કોલેજમાં ભણાવવાની નોકરી કરે અને શુચિબહેન કોલેજમાં ભણે. આમ તો આ લોકોને તેમના વતનમાં ઘરનું ઘર હતું. પણ બહારગામમાં તેઓ ભાડે રહેતા હતાં. મકાન માલિક કુસુમબહેન નીચે રહે અને રુચિ-શુચિ ઉપર રહે.

કુસુમબહેને એક પોપટ પાળ્યો હતો. રુચિબહેનને પાંજરામાં પુરેલો પોપટ જોઈને દુઃખ લાગ્યું. એક ટબમાં પાંજરું મૂકી કુસુમબહેને તેની ઉપર અરધી ડોલ પાણી નાખ્યું. પોપટ થથરી ઊઠ્યો. કુસુમબહેને પોપટને નવરાવી નાખ્યો.

'અરે, અરે, આવુ ન કરાય આ તો તેને નાહવાની ઈચ્છા ન હોય તો પણ બિચારાને પરાણે નાહવું પડે. ટબમાં જરાક જેટલું પાંજરું ડૂબે એટલું જ પાણી પહેલેથી નાખો. પછી તેમાં પાંજરું મૂકો. તેને નાહવુ હશે તો પાણીમાં પડશે. નહીંતર પાંજરામાં ઉપરના ભાગમાં બેઠો રહેશે. તેને પરાણે નવરાવો એતો જુલમ કર્યો કહેવાય.' - રુચિબહેને પોપટનો પક્ષ ખેંચ્યો.

બીજા દિવસે રુચિબહેને પૂછી પૂછીને જાણી લીધું કે કુસુમબહેન પોપટને શું ખવડાવે છે.

'જમરૂખ અને મરચું.'

બિચારો પોપટ એકની ને એક વસ્તુ ખાઈને કંટાળી ગયો હશે. રુચિબહેનનાં મમ્મી-પપ્પા બજારમાંથી રોજ નવો નવો ભાગ લેતા આવે અને પોપટને ખવરાવે. કદીક ભોંયશિંગ લાવે. રુચિ-શુચિ અને મમ્મી-પપ્પા બધાં ફોલીફોલીને પોપટને શિંગ આપે, પણ પોપટ તો ફોલેલી શિંગને પણ ફોલી નાખે. તેનું લાલ ફોતરું ઉખાડીને પછી શિંગ ખાય. કદીક સરગવાની શિંગ લાવે. તેના બીજ પણ ફોલીને આપે છતાં પોપટ તેને બીજી વખત ફોલી તેનું પાતળું ફોતરું ફેંકીને નવું નક્કોર ચમકતું બીજ કાઢીને જમે અને નાચતો જાય. કદીક ચોળીની શિંગ, કદીક ગુવારની શિંગ, કોઈ દિવસ વળી વટાણાની શિંગ લાવીને ખવડાવે. કદીમ બદામ લઈ આવે. મમ્મી-પપ્પા શાક લઈને ક્યારે આવે તેની રાહ પોપટ પણ જોયા કરે. ભાગ ખવડાવતાં ખવડાવતાં રુચિ-શુચિ ગીત ગાય :



''જમરૂખ, બોરાં, શિંગ, વટાણા,
મરચાં રેશમ-પટ્ટી,
સરગવો તો બહુ બહુ વહાલો,
સૌથી વહાલી છુટ્ટી.''

પછી તો પોપટ સાદ પાડી પાડીને રુચિ-શુચિને બોલાવે. રુચિ-શુચિ એને ''પોપટ! પોપટ!'' એમ બોલાવે. તેથી પોપટ પણ એમને ''પોપુ-પોપુ'' એમ બોલાવે. કોઈ દિવસ તો બહુ ખુશ થાય ત્યારે ''પોપટે-પોપટે-પોપટે-પોપટે'' એમ લાંબુ લાંબુ બોલે.

દૂધવાળો આવીને બૂમ મારે કે તરત પોપટ મોટેથી રુચિ-શુચિને સાદ પાડે - 'પોપુ! એ પોપુ!' રુચિ-શુચિ 'એ, હા.' - એમ જવાબ ન દે ત્યાં સુધી પોપટ સાદ પાડ્યા જ કરે.

દૂધ લઈને સીધા ઉપર ચાલ્યા જાય તો ચીસાચીસ કરી મૂકે. રુચિ-શુચિને પોપટ પાસે જવું જ પડે. પાંજરાનો દરવાજો થોડો ઊંચો કરીને અંદર હાથ નાખવો પડે અને પોપટને અડે પછી જ તેઓ પોતાને ઘેર જઈ શકે. તેમનાં મમ્મી-પપ્પા સાથે પણ પોપટ એટલું હળીમળી ગયેલો, પણ છોકરીઓ વારંવાર દોડતી આવે તેથી તે બે એને વધારે ગમતી.

ઘણીવાર તો હેત કરાવવાની તેને એટલી બધી ઉતાવળ આવી જાય કે તે ડોક ગોળ હલાવીને 'પાંજરાની અંદર હાથ નાખો.' - એમ સમજાવે. છોકરીઓ જરાક આછો આછો ભાર દઈને તેને પંપાળે એટલે પોપટ ધીમે-ધીમે ''પોપુ-પોપુ'' એમ બોલે અને રુચિ-શુચિ પોપટનું ગીત ગાય.

''જમરૂખ, બોરાં, શિંગ, વટાણા, ...''

પોપટ આમાં કાંઈ સમજે નહીં, પણ માથું જમણે ડાબે હલાવતો શાંતિથી સાંભળ્યા કરે. પોપટને તો મજા પડતી, પણ તેની કરતાં ય વધુ મજા તો રુચિ-શુચિને પડતી કે એક જીવતા પક્ષીને અડીને વહાલ કરી શકાતું હતું. અને સામે પક્ષી પણ માયાળુ, સામેથી વહાલ કરતું હતું.

પછી તો એ ઉપર જવા માટે ચીસો પાડતો. ''પોપુ! પોપુ!'' કહીને રુચિ-શુચિને સાદ પાડ્યા કરે અને પાંજરામાં ઠેકડા મારી ચાંચ ભટકાડ્યા કરે, એટલે કંટાળીને કુસુમબહેન ઘણી વખત પાંજરું રુચિ-શુચિને આપતા અને કહેતા, ''લો, આ તમારા વિના નથી રહેતો.''

રુચિએ યુક્તિ કરી : બારી-બારણાં બંધ કરી દે. પંખો પણ બંધ કરી દે અને રોજ પોપટને બહાર કાઢે. પોપટ આખા ઘરમાં આંટા મારે. ઊડતાં તો આવડતું નહોતું તેથી બે પગે ચાલ્યા કરે. મોટા કારભારીની જેમ ઠસ્સાથી ચાલે હોં! પછી રુચિ-શુચિ ગીત ગાવા માંડે : ''જમરૂખ, બોરાં, શિંગ, વટાણા, ..... ''

ત્યારે પોપટ રુચિના પગથી શરૂ કરી ચાંચથી તેનાં કપડાં પકડતો પકડતો તેના મોઢા સુધી ધીરે ચઢે. રુચિની દાઢીએ એક કાળો તલ. તે પોપટને ન ગમે તેથી તેને ખોતરવા તે રોજ પ્રયત્ન કરે. શુચિ ગીત ગાય તો પોપટ તેની ઉપર પણ ચઢતો અને તેના કાનનાં લવિગડાં સાથે રમતો.

રુચિ-શુચિના પપ્પા હોઠથી સીટી વગાડે તે તો પોપટને બહુ જ ગમે. તે ડોકી ડોલાવી, ડોલાવીને સાંભળે. અને પપ્પા પણ રુચિ-શુચિ ગાતાં તે જ ગીત સીટીમાં વગાડતા. કોઈ વાર રુચિ-શુચિના મમ્મીના ખોળામાં ચઢીને પોપટ બેસતો. પછી આ ગોઠણથી તે ગોઠણ અને તે ગોઠણથી આ ગોઠણ તે ચઢ-ઊતર કરતો.

પોપટને રુચિ-શુચિ બહુ વહાલથી બચી પણ ભરતાં. અરે, પોપટ પણ તેમને ગાલે પપ્પી કરતો. થોડીવાર પછી રુચિ-શુચિ તેને ફરીથી પાંજરામાં મૂકી દેતાં.

આ તો રોજનો ક્રમ થઈ ગયો. તેમાં એક વાર ખરું થયું હોં! રસોડામાં રુચિ-શુચિનાં મમ્મીના હાથમાંથી અચાનક થાળી નીચે પડી ગઈ. વાસણ પછડાતાં અવાજ થયો તેનાથી ચમકીને પોપટ ઊડ્યો અને દિવાલ સાથે અથડાઈને પાછો નીચે આવ્યો. પણ આજે પોપટને સમજાઈ ગયું કે હું પણ ઊડી પણ શકું છું. રુચિ-શુચિએ ફરીથી ગીત સંભળાવ્યું :

''જમરૂખ, બોરાં, શિંગ, વટાણા, ....''

સાંજે બધા પક્ષીઓ ઊડતાં ઊડતાં કિલકિલાટ કરતાં પોતપોતાના ઘર ભણી જતાં હોય ત્યારે હવે પોપટનું પાંજરું રુચિ અગાશીમાં લાવતી અને કપડાં સૂકવવાની દોરી ઉપર ટાંગી દેતી. પોપટડાં જ્યારે ''કિલુ કિલુ'' ગાતાં પસાર થતા ત્યારે આ પોપુલાલની પાંખો ફફડ ફફડ થતી અને તે આકાશ તાક્યા કરતો, ત્યારે રુચિ-શુચિ ગીત ગાતાં :

''જમરૂખ, બોરાં, શિંગ, વટાણા, ...''

પોપટ ઉદાસ થઈને સાંભળ્યા કરતો. રુચિ રોજ સાંજે એને અગાશીમાં લઈ જઈને આવો ઉદાસ બનાવતી અને કહેતી, ''પોપુ! મને માફ કરજે. પણ હું તારી આંખમાં એક શમણું આંજુ છું.''

પછી તો ક્રમ થઈ ગયો કે રોજ બપોરે બારી-બારણાં બંધ કરી પાંજરું ખોલવાનું અને રોજ સાંજે અગાશીમાં પાંજરું ટીંગાવાનું. પછી તો પોપટ પાંજરાની બહાર નીકળીને આંટા મારતો હોય ત્યારે રોજ જાણી જોઈને વાસણ પછાડવામાં આવતું અને પોપટભાઈ ઊડી પડતા. પહેલા પહેલા તો તાક નહોતી આવી એટલે જ્યાં ત્યાં ભટકાતા. પણ પછી તો તેને ધીરે ધીરે ધાર્યું ઊડતાં આવડી ગયું. ઊડીને વળગણણી ઉપર બેસતો, કબાટ ઉપર બેસતા, રેડિયો ઉપર બેસતો, પંખાના પાંખિયા ઉપર બેસતો, રુચિ શુચિને ખભે પણ હવે ઊડીને જ બેસતો. ક્યારેક તો આખા રૂમના આકાશમાં ગોળ ઊડ્યા કરતો. પણ સૌથી પહેલું ઊડવા માટે વાસણના ખખડાટ જરૂરી રહેતો.

અને એક દિવસ પોપટ ખુલ્લા આકાશમાં ઊડી ગયો અને પાછો ન આવ્યો.

કુસુમબહેન રડતાં રડતાં બોલ્યાં, 'આપણો પોપટ ઊડી ગયો. મેં એને નાનકડું પોપટડું હતો ત્યારથી પાળ્યો હતો. હવે તેને મીંદડી ખાઈ જશે તો? અરે, તેને કૂતરાએ પકડી લીધો હશે તો?'

થોડા દિવસ પછી રુચિબહેને કુસુમબહેનને કહ્યું, 'અમે હવે બીજે રહેવા જવાના છીએ.' કુસુમબહેન કહે, 'કેમ? અહીંયા શો વાંધો છે? અરે, ભાડુ વધારે લાગતું હોય તો થોડુ ઓછું આપજો.'

બાલમિત્રો, તમે કહી શકો છો કે રુચિ-શુચિ કુસુમબહેનનું મકાન ખાલી કરી આ બીજા મકાનમાં રહેવા શા માટે ગયા હશે?

બોધ : કોઈ પણ સારું કામ કરો પણ ખરાબ ન કરો.

## ૩. અવકાશી યુદ્ધ

(રિદ્ધિ જગદીપસિંહ જાડેજા, શ્રીમતી ન.ચં. ગાંધીકુમારી વિદ્યામંદિર, ભાવનગર,

સચિન અને સુકેતુ બંને ગાઢ મિત્રો હતા. બંને એક સાથે જ અભ્યાસ કરતા હતા તેમજ બંનેએ વિજ્ઞાન અને સાહસમાં ખૂબ જ રસ અને શોખ હતો. બંને મિત્રોએ વિજ્ઞાનન એક પ્રયોગશાળા પણ ઊભી કરી હતી. જેમાં તેઓ બંને વિજ્ઞાનની અવનવી શોધો અને સંશોધન કર્યા જ કરતા હતા.

એક વખત ભારત સરકારશ્રી તરફથી આ બંને વૈજ્ઞાનિક અને સાહસિક મિત્રોને આમંત્રણ મળ્યું કે જો તેઓને અવકાશમાં મંગળમાં ગ્રહની શોધમાં જવાની ઈચ્છા હોય તો તેમને જોઈતી તમામ પ્રકારની સગવડ અને સુવિધાઓ પૂરી પાડવામાં આવશે! ભારત સરકારનું આમંત્રણ મળતા જ બંને મિત્રોના ચહેરા ઉપર રોનક અને આનંદ છવાઈ ગયો. હાશ! મનગમતી પ્રવૃત્તિમાં ખૂબ જ મજા આવશે તેવું તેઓ બંને વિચારતા હતા.

ત્યારબાદ ભારત સરકારની વૈજ્ઞાનિક પ્રયોગશાળામાં તેઓ બંને મિત્રોએ વૈજ્ઞાનિક તેમજ દરેક પ્રકારની અદ્યતન અને લેટેસ્ટ તાલીમ મેળવી મંગળના ગ્રહ ઉપર જવાની તૈયારી કરવા લાગ્યા.

પંદરમી ઓગષ્ટના રોજ બંને મિત્રો તેમના માતા-પિતા, વૈજ્ઞાનિકો તેમજ મિત્ર મંડળ તરફથી મંગળગ્રહની યાત્રા સફળ રહે તેની શુભેચ્છાઓ મેળવી. અદ્યતન અને કોમ્પ્યૂટરોથી તૈયાર એવા યાનમાં બેસી મંગળ ગ્રહની સફરે ઉપડી ગયા. તેઓની ખાસ શોધ તો એ હતી કે મંગળ ગ્રહ અસ્તિત્વ ધરાવતો હોય તો તે ગ્રહ કેવા પ્રકારનો હશે અને શું તે ગ્રહ ઉપર મનુષ્ય જીવન ટકી શકે ખરું! ત્યાંનું વાતાવરણ, આબોહવા, ત્યાંની જમીનની ફળદ્રુપતા, વનસ્પતિ વગેરે બાબતોનું વૈજ્ઞાનિક પૃથક્કરણ કરી માહિતી સંકલિત કરી ભારત સરકારને આપવાની હતી.

સચિને યાનની સ્પિડ મધ્યમ રાખી હતી. બંને મિત્રો આ નવા સાહસમાં નીકળતા જ કેટલાક અન્ય યાનો સચિન-સુકેતુના યાનનો પીછો કરવા લાગ્યા. સુકેતુએ બાયનોક્યુલર આંખે લગાડી પાછળ આવતાં યાનો તરફ ઝીણવટભરી રીતે નિરીક્ષણ કર્યું. હા, આ યાનો દુશ્મન દેશ તરફથી તેઓને ખાસ રોકવા અને આંતરવા માટે જ તેમનો પીછો કરી રહ્યાં હતાં. સુકેતુએ સચિનનું ધ્યાન તે યાનો તરફ દોર્યું. સચિન પણ તુરંત સમજી ગયો હતો કે ભારત દેશ વૈજ્ઞાનિક તેમજ અદ્યતન પ્રકારની ટેકનોલોજી અને માહિતી પ્રાપ્ત કરે અને તેનો વિકાસ કરે તે દુશ્મનોને બિલકુલ પસંદ ન હોવાથી તે આવી અડચણો ઊભી કરી રહ્યું હતું.

ત્યારબાદ સચિને યાનની ઝડપ એકદમ વધારી દીધી. જોતજોતામાં દુશ્મનોના યાન પાછળ રહી ગયાં. બંને મિત્રોના ચહેરા ઉપર આ આનંદ છવાઈ ગયો. પરંતુ તે આનંદ થોડી જ ક્ષણો જ ટક્યો. કારણ કે દુશ્મનોના યાનોએ પૂરી શક્તિ અને તાકાતથી સચિન

સુકેતુના યાનનો પીછો પકડ્યો હતો.

સચિન અને સુકેતુ સમજી ગયા કે હવે દુશ્મનોનો મુકાબલો કરવો જ પડશે! ત્યારબાદ જાગૃત બની ગયા, જે મુજબ સચિને યાનનું સંચાલન કરવાનું અને સુકેતુએ દુશ્મનોનો પ્રતિકાર કરવાનું આયોજન કર્યું. અચાનક સુકેતુએ યાનની અંદર રહેલ અસંખ્ય સ્વીચોમાંની લાલ અને પીળા રંગની સ્વીચો દબાવી. સ્વીચો દબાવતાં જ યાનના પાછળના ભાગમાંથી એક ધારદાર હથિયાર બહાર નીકળ્યું અને આંખના પલકારામાં જ પાછળ આવતા એક દુશ્મનના યાનનો ભૂકો બોલવતાં પસાર થઈ ગયું.

દુશ્મનો પણ સાવચેત થઈ ગયા અને સચિન સુકેતુના યાનને ચારે તરફથી ઘેરી લેવામાં આવ્યું.

પરંતુ સચિન સુકેતુનું યાન ખૂબ જ આધુનિક અને કોમ્પ્યુટરોથી તૈયાર હતું. દુશ્મનોના યાનમાંથી ફાયરીંગ ફકત આગળ અને પાછળના ભાગમાંથી જ થઈ શકતું હતું. જ્યારે સચિન સુકેતુના યાનમાંથી તો ચારે તરફથી ફાયરીંગ, બોમ્બાર્ડીંગ, તોપમારો, લેસર કિરણ વગેરેનો મારો થઈ શકતો હતો. દુશ્મનોને એમ હતું કે સચિન સુકેતુનું યાન ચારે ચરફથી ઘેરાઈ ચૂક્યું હોવાથી તેઓ શરણ આવી જશે! પરંતુ આતો બંને બહાદુર બાળકો ખૂબ જ બુદ્ધિશાળી અને સાહસિક હતા તેમજ તેઓનું યાન પણ અતિ સારું અને સુપર હતું. જેથી દુશ્મનોના શરણે જવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો ન હતો! આમ સચિન-સુકેતુએ નિર્ણય કરી લીધો હતો કે આજે તો કોઈ પણ હિસાબે અને ભોગે દુશ્મનોના દાંત ખાટા તો કરી જ નાખવા છે.

ત્યારબાદ સચિને અચાનક યાનની ઝડપ બમણી કરી નાખી. દુશ્મનો ચોંક્યા. તેમણે આવી કશી કલ્પના કરેલ નહીં. તેઓ વધુ સાવચેત થાય તે પહેલાં જ સચિને એક લીલા રંગની સ્વિચ દબાવી. સ્વિચ દબાવતાં જ યાન ભમરડાની જેમ ચારેય તરફ ફરવા લાગ્યું. સુકેતુએ તુરંત જ અન્ય એક સ્વિચ દબાવી, જે દબાવતાં જ યાનના ચારેતરફના ભાગમાંથી લેસર કિરણોનો મારો શરૂ થયો અને લેસર કિરણોની ઝપટમાં દુશ્મનોનાં યાનો એક પછી એક ચડતાં જ જેમ અગ્નિમાં મીણબત્તી ઓગળી જાય તેમ દુશ્મનોના યાનો લેસર કિરણોમાં ઝપટે ચડતાં જ ક્રમશઃ ઓગળવા લાગ્યા. સામે દુશ્મનોએ પણ ખૂબ જ ફાયરીંગ કર્યું. પરંતુ તેઓ સચિન-સુકેતુના યાન આગળ ટકી શક્યા નહીં. અને જોત જોતામાં દુશ્મનોના યાનોનો ભૂકો બોલી ગયો. જે એક બે યાનો બચ્યાં તે પણ મુઠ્ઠીવાળી પોતાના વતન ભણી ચાલ્યાં ગયાં.

આ જોઈ સચિન અને સુકેતુએ એકબીજાને અભિનંદન પાઠવ્યા. આ અવકાશી યુદ્ધની વાત આખા દેશમાં ફરી વળી.

ત્યારબાદ થોડા સમયમાં તો સચિન સુકેતુએ મંગળના ગ્રહની શોધ પણ કરી

લીધી. તેમજ તે ગ્રહ ઉપર થોડો સમય રોકાયા. ત્યાંનુ વાતાવરણ, આંબોહવા, જમીનની ફળદ્રુપતા, વનસ્પતિઓની ઉત્પત્તિ વગેરેની ઊંડાણપૂર્વક માહિતી મેળવી તેઓ ભારત પરત આવ્યા.

દિલ્હીના વિશાળ એરપોર્ડ ઉપર સચિન-સુકેતુના યાનનું ઉતરાણ થતાં જ તેમને સત્કારવા માટે ભારત સરકારશ્રી તરફથી એક ઉચ્ચ પ્રતિનિધિ મંડળ, અધિકારીગણ તેમજ દેશના અન્ય વિશાળ સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા કારણ કે અવકાશી યુદ્ધની ઘટનાના સમાચાર ટી.વી. ઉપર તેમજ વર્તમાનપત્રોમાં ખૂબ જ ચમકેલા જેના કારણે સચિન-સુકેતુને પ્રત્યક્ષ નિહાળવા માટે પણ લોકોની વિશાળ સંખ્યા દેખાતી હતી.

બાદમાં સચિન-સુકેતુને રાષ્ટ્રપતિ ભવન ખાતે લઈ જવામાં આવ્યા. જ્યાં આગળ તે બંનેને ખુદ રાષ્ટ્રપતિના પોતાના હાથે મેડલો મળ્યાં હતાં.

આમ, સચિન સુકેતુના સાહસની ચર્ચાઓ દેશ આખામાં પ્રસરી ગઈ.



## ૪. સુપર વુમન

(કાવ્યા કે. સેજપાલ, ધો. -૭બી, શ્રેયાસ ફાઉન્ડેશન)

એક દિવસ હું મારી સહેલીઓ જોડે એક મોટા જંગલમાં ફરવા ગઈ હતી. હું ત્યાં છ દિવસ માટે ગઈ હતી. અમે ત્યાં જાતજાતના પ્રાણીઓ, ભાતભાતના જીવજંતુઓ અને ઝાડ જોયા હતા. અમારી જોડે એક સલાહકાર પણ હતો. અમે એક વિશાળ ઝાડ જોયું હતું. સલાહકારે કહ્યું કે, 'આ ઝાડ ૪૦૦ વર્ષ જૂનું છે. તે પછી અમે લોકો જમ્યા. અમે અમારા તંબુ માટે ખાલી જગ્યા શોધી. પછી અમે તે ખાલી જગ્યામાં તંબૂ બાંધ્યો. અમે છ સહેલીઓ હતી, તેથી અમે ત્રણ તંબૂ બાંધ્યા, બે-બે નો સમાવેશ થાય એવા. તે વખતે શિયાળો ચાલતો હતો તેથી અમને બધી સહેલીઓને ઠંડી લાગતી હોવાથી અમે બધાએ મળીને જંગલમાંથી લાકડા વીણીને ભેગા કર્યા અને પછી તાપણું કર્યું. તાપણું કરતાકરતા અમે બધાએ અંતાક્ષરી રમીને ખૂબ જ મજા કરી. એમ કરતાં કરતાં એક વાગી ગયો. વહેલા જમ્યા હોવાથી અમને બધાને ભૂખ લાગી હતી.

અમે બધાએ ભેગા મળીને નાસ્તો કર્યો. પછી, પોતપોતાના તંબુમાં જઈને સૂઈ ગયા. પછી મને ક્યારે ઊંઘ આવી ગઈ તેની મને ખબર જ ન રહી. ઊંઘમાં મને એક સપનું આવ્યું હતું. તે સપનામાં હું એકલી જંગલમાં બહાર ફરવા ગઈ હતી. ચાલતા-ચાલતા હું બહુ આગળ નીકળી ગયી હતી. હું જતી હતી, ત્યાં મને એક વાઘ દેખાયો. એણે મને જોઈને મોટી ત્રાડ નાંખી. એની ગર્જનાથી હું ખૂબ જ ડરી ગઈ હતી. ડરીને હું દોડવા લાગી. વાઘ થોડો દૂર હતો. એના આવતા-આવતા હું ઝાડ ઉપર ચઢી ગઈ. મને ઝાડ ઉપર ચઢવાનો ખૂબ જ ડર લાગતો હતો, હું ઝાડ ઉપર કોઈ દિવસ નહોતી ચઢી, પરંતુ વાઘના ડરથી કૂદકો મારતી ઝાડ ઉપર ચઢી ગઈ. વાઘ ઝાડ પાસે આવી ગયો. પછી, વાઘ મારી સામે તીરછી નજરે જોવા લાગ્યો. એટલે મને ખૂબ જ ડર લાગવા લાગ્યો. પછી હું રડવા લાગી. થોડીવાર રડીને હું શાંત ચિત્તે વિચારવા લાગી. હું શું કરું? આનો કંઈક ઉપાય વિચારવો પડશે. વિચારતા-વિચારતા મારી નજર એક હરણ પર પડી. હરણ અમારી બાજુ દોડતું આવતું હતું. પરંતુ તેને ખબર નહોતી કે ઝાડ નીચે વાઘ ઊભો છે.

વાઘને પણ નહોતી ખબર કે હરણ આ બાજુ દોડતું આવે છે, પરંતુ તેના દોડવાના અવાજથી વાઘ જાણી ગયો કે કોઈ પ્રાણી દોડતું આવે છે. વાઘે દોડવાના અવાજની દિશામાં નજર ફેરવી તો તેને જોયું કે હરણ દોડતું આવતું હતું. વાઘે હરણને જોઈને ત્રાડ નાંખી. હરણ વાઘને જોઈ ગયું. હરણ ડરીને દોડવા માંડ્યું. પણ એ દૂર જાય એના પહેલા વાઘે છલાંગ મારીને હરણને પકડી લીધું. વાઘે હરણને

પંજાથી મારી કાઢ્યું. પછી, વાઘ હરણને ખાઈ ગયો. હરણનું મૃત્યુ જોઈને મેં ખૂબ જ દુઃખ અનુભવ્યું.

વાઘ ફરી પાછો ઝાડ નીચે આવીને ઊભો રહી ગયો. હું વિચારવા લાગી કે આ વાઘ તો ખસતો જ નથી. હું કેવી રીતે નીચે ઉતરીશ અને તંબુ સુધી પહોંચીશ? એમ વિચારતા-વિચારતા મારી નજર દૂરથી આવતા શિકારી પર પડી. શિકારી આવતો હતો ત્યાં એની નજર એકદમથી જ વાઘ ઉપર પડી. વાઘની નજર શિકારી પર પડી. વાઘ શિકારી તરફ દોડવા લાગ્યો. વાઘ આવે એની પહેલા શિકારીએ સમયસૂચકતા વાપરી અને વાઘ પર તીર છોડ્યું. તીર વાઘના પગ પર વાગ્યું. વાઘને થોડું લોહી નીકળ્યું, છતાં વાઘે સામે આવવાનું ચાલુ રાખ્યું. અને વાઘ આવી પહોંચે એના પહેલા શિકારીએ રિવોલ્વર કાઢીને વાઘને ગોળી મારી. વાઘને ગોળી છાતીના ભાગમાં વાગી. વાઘ જમીન પર એકદમથી જ પડી ગયો. વાઘ થોડીવાર તરફડ્યો અને પછી વાઘ મરી ગયો. પછી શિકારીએ મને કહ્યું, ''બેટા, નીચે ઊતર, હું તને તારી જગ્યાએ મૂકવા આવું.''

મેં કહ્યું, ''મને ઊતરતા નથી આવડતું.''

શિકારીએ કહ્યું, ''હું ઉતારું, પગ નીચે કર.''

પછી, શિકારીએ મને પકડીને નીચે ઉતારી. પછી મને મારા તંબૂ સુધી મૂકી ગયા. પછી મારી આંખ ખુલી ગઈ.

જ્યારે મેં મારી આંખ ખોલી ત્યારે મને અવાજ સંભળાયો, ''મદદ કરો! મદદ કરો! મદદ કરો!'' પછી, મેં તંબૂમાં બેટરી શોધી અને બેટરી લઈને તંબૂની બહાર ગઈ. હું એ દિશા બાજુ જતી હતી જ્યાંથી તે અવાજ આવતો હતો. મારા ધબકારા વધવા માંડ્યા હતા, રૂંવાડાં ઊભા થઈ ગયાં હતાં અને ડર લાગવા લાગ્યો. પછી મેં ચારેબાજુ નજર કરી તો મેં એક જાદુગરનીને જોઈ. તે નેટથી બંધાયેલી હતી. હું ખૂબ જ ડરી ગઈ હતી. જાદુગરનીએ મને કહ્યું, 'મહેરબાની કરીને મારી મદદ કરો. હું મુશ્કેલીમાં છું.' મેં પૂછ્યું, 'હું તમને કેવી રીતે મદદ કરી શકું? તમે તો જાદુગરની છો. તમે તો કંઈ પણ કરી શકો છો.' એમણે મને કહ્યું, 'મારી એક સહેલી છે જે જાદુગરની છે', એણે મને કહ્યું છે કે, 'કોઈ માણસ આવશે અને પેલા ચપ્પાથી આ નેટ ફાડશે ત્યારે જ હું બહાર નીકળી શકીશ.' મેં એમને પૂછ્યું, 'તમને કેમ આમાં કેદ કરાયા છે?' તેમણે કહ્યું, 'હું એનાથી વધારે શક્તિશાળી છું એટલે એને મારાથી ઈર્ષ્યા થાય છે, એટલે એણે મને નેટમાં કેદ કરી દીધી છે.' મેં નેટ કાપીને તેમને બહાર કાઢ્યા. પછી તે મારાથી બહુ જ ખુશ થઈ ગયા. એમણે મારો આભાર માન્યો અને પૂછ્યું, 'તને શું જોઈએ છે? તને જોઈતું હોય એ હું તને આપીશ.' થોડીવાર વિચારીને

મેં કહ્યું, 'મારે સુપરવુમન બનવું છે.' એ માની ગયા. તેમણે એક જાદુઈ મેટ આપી, જેનાથી મારે જ્યાં જવું હોય ત્યાં જઈ શકાય. એક જાદુઈ ટોપી પણ આપી હતી, જેનાથી એવી ખબર પડે કે કઈ વ્યક્તિ મુશ્કેલીમાં છે. તેમણે મને જાદુઈ શક્તિઓ પણ આપી હતી, એ જાદુઈ મેટથી મેં આશ્રમમાં રહેતા ઉંમરલાયક લોકો માટે ગરમ-ગરમ ખીચડી હાજર કરી. પછી, એ જાદુઈ મેટ લઈ નાના બાળકના અનાથ આશ્રમમાં ઘણાં બધાં રમકડાં લઈને ગઈ. એ જોઈ બાળકો બહુ ખુશ થઈ ગયા. રસ્તા ઉપર ઠંડીમાં ઠુઠવાતા માણસો માટે મારા જાદુથી બ્લેંકેટ લઈ આપ્યા. જાદુઈ મેટ લઈને હું અંધજન મંડળમાં પણ ગઈ હતી. ત્યાં મેં જે લોકો આ દુનિયા જોઈ નહોતા શકતા એ લોકોને મેં જાદુથી આંખોમાં રોશની આપી. આ જાદુઈ શક્તિઓ ૫ દિવસ માટે હતી. આ બધુ જાદુગરની જોતા હતા, તે મારા ઉપર વધારે ખુશ થયા. તેમણે મને ખુશ થઈને એક સુંદર ડ્રેસ અને મોરપીંછ આપ્યું. એ મોરપીંછ કોઈ પણ વસ્તુને અડકાડું તો એ વસ્તુ સોનાની થઈ જતી હતી. હું જેમની મદદ કરતી હતી એ લોકો બહુ ખુશ થઈ જતા હતા. એમની ખુશી જોઈને મારી આંખમાં હરખના આંસુ આવી જતા. આ પાંચ દિવસ મને ખૂબ જ મજા આવી. આ યાદગાર દિવસોને હું કોઈ દિવસ નહીં ભૂલી શકું.



## ૫. વડદાદાનો સંપેલો પરિવાર

(પલ ચેતનકુમાર પટેલ, ધો.-૧૦-બ, બાપ્સ સ્વામિનારાયણ વિદ્યામંદિર, રાંદેસણ, ગાંધીનગર)

"એક મેકના બની રહીએ અમે
જંગલ અમારું સૌથી ન્યારુ.
જંગલ અમારું સૌથી ન્યારું.
આફત આવે દુઃખ આવે કદી ન હારીએ અમે
સંપ સુહૃદયભાવ એકતા રાખી
એકમેકના સાથી બની આફત ટાળીશું અમે."

એક વાર જંગલમાં દોડાદોડ શરૂ થાય છે. બધા જ પ્રાણીઓ દોડમદોડ કરવા લાગે છે. શું થયું હશે? કેમ બધાં દોડમદોડ કરે છે? તો ચાલો જાણીએ એક બાળ વાર્તા દ્વારા.

એક સુર્વણપુર નામનું ગામ હતું. આ ગામને અડીને એક ગંગા નામની નદી હતી અને આ નદીની પાસે એક વિશાળ જંગલ હતું. આ જંગલમાં વાઘ, સિંહ, વરુ, શિયાળ, ચિત્તો, અજગર, સાપ, દેડકો, કાગડો, પોપટ, કબૂતર, મેના, ઉંદર અનેક પ્રાણીઓ તથા પક્ષીઓ રહેતા હતાં. તેમનામાંથી ગમે તે એક પર મુસીબત આવે તો બધાં એક થઈ તે દુઃખ દૂર કરતાં આવા તો અનેક પ્રસંગો બન્યા હતાં.

એક વાર જંગલમાં બધા પ્રાણીઓ, પક્ષીઓની એક જૂનામાં જૂના વડદાદા હતા તેમની આગળ સભા ભરાય છે. આ વડદાદા તે જંગલનો ઈતિહાસ આ પ્રાણીઓ અને પક્ષીઓમાં સંપ રહે તે માટે જણાવે છે. વડદાદા કહે છે સાંભળો, આ જંગલ સદીઓથી એકમેક થઈને રહ્યું છે. આની એકતાને આજ સુધી કોઈ તોડી શક્યું નથી તો આપણે પણ આજથી આ પાકું કરીએ કે આપણી એકતાને કોઈ તોડી ના શકે.

આજે હું તમને જંગલમાં થયેલો એક પ્રસંગ કહેવા માગું છું. એકવાર કેટલાક શિકારીઓ હાથીને પકડવા માટે જંગલમાં આવે છે અને હાથીને પકડવા તેમણે મોટો ખાડો ખોદ્યો હોય છે. બધા ઢોલ-નગારાં વગાડી ઘોંઘાટ કરી હાથીઓને ભગાડે છે. અને આમાં એક હાથીનું બચ્ચું વિખૂટું પડી જાય છે અને બૂમાબૂમ કરે છે. તે તેની માને શોધવા દોટમદોટ કરે છે. તે બચ્ચું શિકારીએ કરેલા ખાડામાં પડી જાય છે અને બચવા માટે ઘણાં પ્રયત્ન કરે છે. પણ તેનાં બધાં પ્રયત્નો નિષ્ફળ જાય છે. આ બાજુ વડદાદાને ખબર પડે છે, મિટીંગ ભરાય છે. બધા જ પ્રાણીઓ એક થઈને સૌ પ્રથમ શિકારીઓથી ડર્યા વગર તેનો સામનો કરે છે. શિકારીઓ ઘણાં પ્રાણીઓ સાથે લડે છે પણ છેવટે તે નિષ્ફળ જાય છે. અને જંગલ છોડી એકતાની તાકાત સામે તેને ઝૂકવું પડે છે અને શિકારીઓ ભાગે છે. પછી બધા પ્રાણીઓ તે હાથીનાં બચ્ચાને ખાડામાંથી બહાર કાઢીને બધા એકબીજાને ભેટે છે.

બીજી વાત યાદ કરતાં વડદાદા એક ગીત ગાય છે.

''એક બાની ટીટોડીએ
ઈંડા મૂક્યા,
ઈંડાને સેવે, સ્વપ્ના જોવે,
બચ્ચા આવે તેની રાહ જુવે.''

એક વાર ટીટોડીએ પોતાનાં ઈંડા દરિયા કિનારે મૂક્યા હોય છે અને આ દરિયાદેવ એ ટીટોડીનાં ઈંડા દરિયામાં લઈ જાય છે અને એ અભિમાનમાં ટીટોડીનાં ઈંડા પાછા નથી આપતો. ટીટોડી બિચારી દરિયા દેવને ઘણી વિનંતી કરે છે કે 'દરિયા દેવ, આપ મારા ઈંડા પાછા આપો.' પણ દરિયા દેવ પણ અભિમાની, ઈંડા નથી આપતા. ટીટોડી બિચારી ઘણી જ આજીજી કરે છે. માથા પછાડે છે પણ દરિયાદેવ તે ઈંડા પાછા નથી આપતાં. ટીટોડી થાકી સંપેલા જંગલમાં જાય છે. તેને વિશ્વાસ છે કે જેનું કોઈ નથી તેના માટે ભગવાને આ સંપેલું જંગલ બનાવ્યું છે અને તેને વિશ્વાસ છે કે તેની મદદ સૌ કોઈ કરશે.

આ વાત તે વડદાદાને કરે છે કે 'વડદાદા મારા ઈંડા દરિયા દેવે લઈ લીધા છે અને તે અભિમાનને કારણ તેને પાછા નથી આપતા.' વડદાદા બધાં પક્ષીઓ, પ્રાણીઓને ભેગા કરે છે અને આની વાત કરે છે. અને બધા જ એક થઈ દરિયાદેવ પાસે જાય છે અને ઈંડાની માંગણી કરે છે. પણ અભિમાની દરિયાદેવ તે માનતાં નથી અને પ્રાણીઓ અને પક્ષીઓ પણ કાંઈ ઓછાં નહોતા. દરિયાદેવને પોતાનું અહં હતું તો આ બધાંને એકતાનું પ્રતીક હતું. આ બધાએ એક વિચાર કર્યો કે દરિયાદેવ આમ તો નથી આપવાના તો આપણે એમને એવું કાંઈ કરીએ કે તે આખું જીવન આ યાદ રાખે અને કોઈને આવું હેરાન ના કરે.

બધા પક્ષીઓ અને પ્રાણીઓ દરિયો પુરાવા ભાગે છે. જ્યાં ત્યાંથી કાંકરા, રેતી, વગેરે લઈને આવે છે અને દરિયામાં નાંખે છે. માંડ અડધો દરિયો ભરાય અને દરિયાદેવ એક છાલક મારે અને બધી મહેનત પાણીમાં જાય. પછી આ વાતની ખબર પક્ષીઓના રાજા ગરૂડને થાય છે. તે પણ મદદ માટે આવી જાય છે. બધાં પ્રાણીઓ અને પક્ષીઓ કાંકરા, રેતી, લાકડીઓ વગેરે નાંખે છે અને ગરૂડ એક પાંખથી પવન નાંખે તો છેક ૧૦ કિમી. સુધી દરિયો ભરાઈ જાય. આમ દરિયો રોજ ભરાતો જોઈ દરિયાદેવ બહાર આવે છે. એનું અભિમાન ઊતરી ગયું અને એકતાની સામે હાર માને છે. ટીટોડીને પોતાના ઈંડા સહી સલામત આપે છે. દરિયા દેવની ભૂલ હોવા છતાં સૌ તેમને માફી આપે છે અને વડદાદા તેને કહે છે કે આપણે પણ જીવનમાં નિરભિમાની રહેવું.

પછી વડદાદાને અને બધાને જમવાનો ટાઈમ થાય છે અને બધા માટે સારી રસોઈ બનાવી હોય છે. બધા હળી-મળીને જમે છે. જમ્યા પછી વડદાદા કહે છે, 'સારું, હું તમને વાત કરું. તમે ધ્યાન ધરીને સાંભળો.'

એક વાર ઘણાં દુષ્ટ માણસો જંગલનો નાશ કરવા માટે ઝાડ કાપવાને તેના સારા પૈસા આવે તેવા બદ ઈરાદાથી જંગલમાં આવે છે. જંગલમાં દુષ્ટ માણસોને ઝાડ કાપવાના સાધનો લઈ આવતા જોઈ વાંદરાભાઈ અને શિયાળભાઈ દોડતા દોડતા વડદાદા પાસે જાય છે ને બધી વાત કહે છે. તાત્કાલિક મીટિંગ ગોઠવાય છે ને બધાને સાથે હળીમળીને હુમલો કરવાની તથા આ બધાને ભગાડવાની તાલીમ અપાય છે. પછી બધા જ પ્રાણીઓ, પક્ષીઓ તે ઝાડ કાપનાર પર હુમલો કરે છે અને હાથી, વાઘ, સિંહ, વરુ, કાગડો, કબૂતર બધા જ એક થઈને હુમલો કરે છે. બધાને બંદી બનાવે છે ને તેમને વાત કરે છે. 'અમે તમને લાકડા, ગુંદર, કાગળ, ઓક્સિજન, ફળ, ફૂલ બધું જ આપીએ છીએ છતાં તમે આપના સ્વાર્થ માટે શું કામ અમને નષ્ટ કરો છો?' આ વડદાદા તેમને કરુણતાથી કહે છે. આવી ઘણી બધી શિખામણ સાંભળી બધાને અફસોસ થાય છે ને પ્રતિજ્ઞા કરે છે કે અમે આજથી આ વનસ્પતિની જાળવણી કરીશું. આ વાત કહેતા વડદાદા બધાને શિખામણ સાથે ટકોર સાથે કહે છે તમે બધા આજથી નિયમ લો કે અમે પણ આપણી આ વનસ્પતિની જાળવણી કરીશું. આમ વડદાદા સર્વેને ઘણી વાતો કરે છે. કબૂતરનાં સંપની, કીડીને બચાવવાની વાત પણ કેમ ભૂલાય. આની વાત પણ ગંભીરતા સાથે વર્ણન કરતા કહે છે.

''વૃક્ષો વાવો,
વરસાદ લાવો.''

જંગલમાં ગમે તેટલી ગરમી હોય, દુકાળ પડ્યો હોય તો પણ કોઈ પણ પક્ષી કે પ્રાણી આ જંગલને છોડી જાય જ નહીં. આમ દિવસે-દિવસે સંપનો પાયો કઠણ બનતો ગયો. આ જંગલમાં એક મુશ્કેલી ગઈ નથી કે બીજી ઊભી જ હોય. વડદાદા બધાને ઘણી જ બાળવાર્તાઓ બળ મળે એટલે કરતા કરતા ક્યારે સાંજ પડી ગઈ તેની જાણ ના પડી અને સાંજ થતા સૌ પોતાના ઘરે ગયા, જમ્યા અને આરામમાં ગયા.

આમ દિવસ પર દિવસ થતા ગયા. જંગલમાં બધુ બરાબર હતું. સૌ હળીમળીને રહે, રમે-જમે, મસ્તી કરે, તહેવારો ઉજવે, હળે-ફરે અને ગમ્મત કરે. આમ દિવસો તો વીતવા લાગ્યા અને રાત-દિવસ પસાર થવા લાગ્યા. સૌ બધા જ રોજ વડદાદાને પગે લાગે અને દિવસને ઉત્તમ બનાવે.

''સંપ ત્યાં જંપ.''

આ સોનેરી સુવાક્ય તો આ જંગલમાં રહેનારને ગળે ઊતરી ગયું હતું.

બસ, એવામાં એક દિવસની વાત છે. ઘણાં ખરા મસ્તીખોર યુવાનો પોતાની ગાડી લઈને આ જંગલમાં આવે છે. આટલું નહીં, દારૂ, સિગારેટ લઈને આ જંગલમાં વાયુ પ્રદૂષિત કરવાના વિચારથી આવે તેમ કહી શકાય અને જવાનીના જોશમાં એટલા ઘેલા થઈ ગયા હોય છે કે તેમને શું કરવું અને ન કરવું તેનું કંઈ ભાન નથી હોતું. દારૂ, માંસ,

મટન ખાય છે. સિગારેટો પર સિગારેટો પીવે છે અને તે અધૂરી સળગતી સિગારેટો જેમતેમ જંગલમાં ફેંકે છે. દારૂની બોટલો પણ ઝાડમાં જેમતેમ મારે છે અને ઝાડને દારૂ પીવડાવા કોશિશ કરે છે પણ તે નશામાં ચડી ગયેલા શિકારીઓને ક્યા ભાન કે ઝાડ દારૂ ના પીવે. નાના છોડો પર દારૂ રેડે છે. એટલું જ નહીં એક સળગતી દીવાસળી નાખે છે અને જોતજોતામાં આખું ઝાડ ગરમ-ગરમ થઈ જાય છે.

એક બાજુ પવન પોતાના જોરને અજમાવે છે અને આજુબાજુ હાહાકાર થાય છે. બધા મનુષ્યો ઘરની બહાર આવે છે અને પ્રાણીઓ-પક્ષીઓને તો જેમ બ્રહ્મ રાક્ષસ આવી ગયો હોય તેમ લાગે છે. અગ્નિ એટલી પકડ લે છે કે પવન પોતાનું મોડ અજમાવે છે અને જોતજોતામાં અગ્નિ આખા જંગલમાં લાગે છે. આ આગ જોઈ બધા પ્રાણીઓ-પક્ષીઓ ચિંતામાં આવી જાય છે. શું કરવું? ક્યાં જવું? આટલા બધા પ્રશ્નો અને રસ્તો કોઈ નહીં. બધા એક સાથે વડદાદા પાસે પહોંચી જાય છે ને વડદાદાને કહે છે, ‘વડદાદા, આ એક રાતમાં શું થઈ ગયું? સુખ ક્ષણનું આવે છે અને દુઃખ મણનું આવે છે.’ આખા જંગલમાં આગ લાગી છે, આગ ઓલવવાની વાત ક્યાં રહે? આગે તો કઠણ પક્કડ બનાવી છે. કેવી રીતે ઉપાય મળશે? વડદાદા કહે છે ‘તો તમે લોકો અહીંયાથી ચાલીને ક્યાંક જતા રહો. આપ સર્વે મને છોડીને ચાલ્યા જાઓ, મારી ચિંતા ના કરશો. આપનો જીવ બચાવી લો.’ ત્યારે ઘણી ચર્ચા ચાલે છે અને બધા કહે ‘તમે અમારા વડીલ છો. તમે અમને મોટા કર્યા, આપના ખોળે અમે રમ્યા-જમ્યા, આનંદકિલ્લોલ કર્યોને હવે આપ અમને કહો છો કે મને છોડીને જતા રહો તો એ નહીં બને.’

આ સાંભળી વડદાદા બોલ્યા, ‘આ મનુષ્યોને આપણા કરતા વધારે બુદ્ધિ આપી છે તો પણ તે પોતાના ઘરડાં મા-બાપને મૂકીને ચાલી જાય છે અને તમે આજે પોતાનાં જીવની પણ પરવા કર્યા વગર મારી સાથે મરવા તૈયાર છો તો હવે નક્કી કરો કે આગળ આપણે સંપથી સર્વે મુસીબત હલ કરી છે તેમ આપણે આ પણ હલ કરીશું. તો ચાલો બધા જ મંડી પડીએ.’ હાથી દોડતો દોડતો તળાવે જાય છે, સૂંઢમાં પાણી ભરે છે અને આગ ઓલવાનો પ્રયત્ન કરે છે. પક્ષીઓ પ્રાણીઓ બધા જ સાથે પ્રયત્ન કરે છે પણ કાંઈ થતું નથી. આગ તો બંધ થવાનું નામ નથી લેતી. ત્યારે વડદાદા કહે છે ચાલો આપણે ભગવાનને પ્રાર્થના કરીએ તે બધું સારું જ કરશે. પછી તો બધા ભગવાનને પ્રાર્થના કરવા મંડે છે. પોતાની યથાશક્તિ પ્રાર્થના ભગવાનને કરે છે. આમ બધાનાં સંપથી કરેલી પ્રાર્થનાને કારણે શ્રી ભગવાનને પણ દોડવુ પડે છે અને ઈન્દ્ર દેવને કહે છે જલદી વરસાદ વરસાવો.

નદીઓથી આ વડદાદાને ભરી દો. આ નહીં કરો તો આ મારા મિત્રો મરી જશે. થોડીવારમાં આકાશ કાળા વાદળોથી છવાઈ જાય છે. પ્રાણીઓ, પક્ષીઓ પ્રાર્થનામાં તળબોળ હોય છે અને વીજળીના ચમકારા, પવન ફૂંકાય છે અને વરસાદનું આગમન થાય છે. પછી વડદાદા સર્વેનો ઉપકાર માને છે. જેમ તમે મને મુસીબતમાં સાચવ્યો તેમ

મનુષ્યોએ પણ પોતાના માતા-પિતાને વૃદ્ધાશ્રમમાં ન મૂકવા પોતાની સાથે જ રાખવા.

તેથી મહંત સ્વામી કહે છે, ''સંપ, સુહૃદભાવ હશે તો તમને કોઈ નહીં તોડી શકે અને નહીં હોય તો એક ટાંકણી જેટલી ચિનગારી પણ આખા પરિવારનો નાશ કરશે.''

આ વાર્તા પરથી બોધ મળે છે કે ઘરના ફળિયાનાં, ગામનાં અને દેશનાં લોકોએ હળીમળી રહેવું. સંપ હશે તો કોઈ તમારું ખરાબ નહીં કરી શકે.


''એક લાકડીને તોડવી અને
લાકડીઓને એકસાથે તોડવામાં ઘણો ફેર છે.''

પરિવારમાં સંપ હશે તો, વડીલોની મર્યાદા હશે તો આપણા પરિવારને કોઈ જુદો નહીં કરી શકે. જીવનમાં ક્યારેય પણ વ્યસન ન કરવું. વ્યસનથી કેટલી બરબાદી થાય છે તે આપસૌ જાણો છો.

આપ સૌ સંપ રાખશો અને વ્યસનને છોડશો તે જ પ્રાર્થના.

''સંપ એટલે સ્નેહ, સદ્‌ભાવ અને સહકારનો સુમેળ.''

''સંપ થકી ઉપજે સુખ.''



## ૯. મહેનતનું સપનું

(યુગ મુકુંદભાઈ સોનપુરા, ધો-૯, અનુભૂતિ વિદ્યામંદિર, રાપર)

માણસો પોતાના જીવનમાં કંઈ પણ કરી શકે છે. અમુક માણસો આળસુ હોય છે. તો ચાલો આવી જ એક વાર્તા જોઈએ.

એક શહેર હતું. તેમાં આશરે ૫૫૦૦૦૦ જેટલી વસ્તી રહેતી હતી. તેમાં નગરપાલિકા ૯૦% કચરો વાળી લેતી પણ ગામના લોકો તો આળસુ. ૫ મિનિટમાં જ જેવું હતું તેવું જ થઈ જાય.

એક દિવસ એક માણસને આશ્ચર્ય થયું અને વિચાર્યું કે 'આવું કેમ? શહેરમાં માત્ર નગરપાલિકા જ કચરો સાફ કરશે તો પછી શહેરના લોકો શું કરશે?' પણ તે શહેર તો મોટું હતું અને એક માણસ તો આખા શહેરને ન પહોંચી શકે. પણ એ ભાઈને તો એક જ વિચાર આવતો હતો કે મારે ગમે તેમ કચરો સાફ કરવો જ છે. પછી એ માણસ તો એ જ વિચાર સાથે એક સાવરણો, સૂપડી અને કોથળો લઈ શહેરમાં કચરો સાફ કરવા નીકળી પડ્યો. ત્યાં એક દુકાનનો ખૂણો સાફ કરતો હતો. તે શેરીનો થોડો ભાગ સાફ કર્યા બાદ જોયું તો સૌથી પહેલા જે દુકાનનો કચરો સાફ કર્યો હતો તેમાં ૧૦ મિનિટમાં જ કચરો-કચરો થઈ ગયો. પછી તેને ફરીથી વિચાર આવ્યો કે, આમ તો મારી મહેનતનું કંઈ જ ફળ મળશે નહિ. પછી તેને એક યુક્તિ સૂઝી અને તે તરત જ ઘરે ગયો.

બીજા દિવસે કચરો સાફ કરવા જોઈતો સામાન લીધો. તેમણે સામાનમાં ગઈ કાલે લીધેલો સાવરણો, સૂપડી અને ગઈકાલે ભેગો થયેલો કચરો લઈ અને ફરી નીકળી પડ્યો. પછી તે એક ઝાડના ઓટલે ઊભા રહી, 'સુનો ... સુનો ... સુનો ...' એમ મોટેથી બોલ્યો, ત્યાં તો ઘણાં લોકો ભેગા થઈ ગયા અને એક માણસે મોટા અવાજથી પૂછ્યું, 'ઓ ભાઈ, શું થયું?' પેલા માણસે જવાબ આપ્યો કે, 'અરે, થોડીવાર શાંતિ રાખોને.' બધા લોકો શાંત થઈ ગયા અને પેલો માણસ બોલ્યો, 'કોને-કોને શહેરનો કચરો સાફ કરી પોતાના ગામને સ્વસ્થ બનાવવું છે?' બધાં લોકોનો એક જ બોલ હતો કે, 'હું તો શહેરનો કચરો સાફ નહિ કરું.' તો સામે પેલો માણસ બોલ્યો કે, 'અચ્છા, તો તમારે ઈનામ નથી જોઈતું?' સામે લોકોએ પ્રશ્ન કર્યો કે, 'ઈનામ, શેનું ઈનામ?' પછી પેલો માણસ જવાબ આપે છે કે, 'તમને નથી ખબર?' લોકોએ જવાબ આપ્યો કે, 'ના, અમને તો કંઈજ ખબર નથી.' પેલા માણસે જવાબ આપ્યો કે, 'હમણાં એક સ્પર્ધા ચાલુ થઈ છે કે આ વર્ષે જે જણ સૌથી વધુ કચરો ભેગો કરશે તેને એક ઈનામ મળશે, જુઓને એટલે જ તો હું કાલનો કચરો ભેગો કરું છું ત્યારે માંડ આટલો કચરો ભેગો થયો છે. તમારે ઈનામ જોઈતું હોય તો ચાલો રાહ શેની જુઓ છો?' ત્યાં ઊભા બધા જ લોકો સાવરણાં, સૂપડાં લઈ કચરો વાળવામાં લાગી જાય છે. બીજા લોકોને તે સ્પર્ધા વિશે કહીને તેમને કચરો સાફ કરવા કહે છે. આમ આખું શહેર કચરો વાળે છે. રસ્તા, શેરીઓ, બગીચા બધુ સાફ.

આ બધી ખબર જ્યારે નગરપાલિકા પાસે પહોંચે છે ત્યારે નગરપાલિકા તો ખુશ-ખુશાલ થઈ ગઈ. તેમના સિવાય પોલીસ પણ ખુશ થઈ ગઈ. નગરપાલિકા તો આખા શહેરમાં ફરી પણ તેમને એક પણ જગ્યાએ ગંદકી ન દેખાઈ. આ જોઈને તેમને આશ્ચર્ય થયું કે 'આ શહેરમાં તો અમે રોજ કચરો વાળીએ છીએ પણ કચરો સાફ કર્યા પછી ૧૦ મિનિટમાં તો કચરો-કચરો થઈ જાય છે. અને આજે તો જુઓ, આખું શહેર ચકાચક દેખાઈ રહ્યું છે. કોઈક તો જણ છે જેણે આ બધું કરાવ્યું છે. તે છે કોણ?' પછી નગરપાલિકાવાળાએ એક માણસને પૂછ્યું. પછી તે ભાઈએ પેલા માણસનું નામ, સરનામું કહ્યું.

પછી બધા જ નગરપાલિકાવાળા તો તે માણસના ઘરે ગયા. પછી તે બધા જ પેલા માણસના ઘરની બહાર ઊભા રહીને રીંગબેલ વગાડી પણ કોઈએ દરવાજો ખોલ્યો નહિ. બે વાર, ત્રણ વાર ઘણીવાર રીંગબેલ વગાડી પણ કોઈએ દરવાજો ખોલ્યો નહિ. પછી તે બધાએ આજુબાજુના લોકોને પૂછ્યું તો અમુક લોકો કહેતા કે, 'તે બીજે રહેવા જતા રહ્યા છે.' તો અમુક લોકો કહેતા કે, 'તેમને વિદેશમાં નોકરી મળી ગઈ છે.' એમ કહેતા નગરપાલિકાવાળા વિચારમાં પડી ગયા અને કાર્યાલયમાં પાછા ફર્યા.

એક દિવસ નગરપાલિકાવાળા પોતાના કાર્યાલયમાં પોતાનું કામ કરતાં હતા. અચાનક જ એક માણસે દરવાજા પાસે આવીને કહ્યું, 'સર, હું અંદર આવી શકું છું?' પછી નગરપાલિકાએ જોયું તો પેલો માણસ જ હતો. પછી તો બધા જ નગરપાલિકાવાળાએ ઊભા થઈને તેમનું સ્વાગત કર્યું. પછી બેસાડ્યા. ચા,પાણી, નાસ્તો આપ્યો પછી નગરપાલિકાવાળાએ પૂછ્યું કે, 'તમે અચાનક અહીં કેમ આવ્યા?' પેલા માણસે જવાબ આપ્યો કે, 'એ તો હું જ્યારે આવ્યો નેં ત્યારે આજુબાજુના પાડોશીએ કહ્યું કે તમે બધા મારા ઘરે આવ્યા હતા તેથી અચાનક આવ્યો છું.' પછી તેમણે ઘણીબધી વાતો કરી. પછી અચાનક ઊભા થઈને પેલા માણસે નગરપાલિકાને કહ્યું કે, 'મારે તમને એક ભેટ દેવાની છે.' એમ કહેતા જ પેલા માણસે પોતાના બેગમાંથી પોતાને મળેલું ઈનામ તેમને આપે છે. સામે નગરપાલિકાવાળા કહે છે કે, 'આ તો એવોર્ડ છે.' પછી માણસ કહે છે કે, 'હા જે દિવસે મારા ઘરે તમે આવ્યા હતા તે દિવસે મને આ એવોર્ડ મળ્યો હતો.' સામે નગરપાલિકાવાળા કહે છે કે, 'આ એવોર્ડ તમારો છે. આને તમે રાખો.' પછી પેલો માણસ કહે છે કે, 'ના, મેં તો ખાલી બે દિવસ કચરો સાફ કર્યો છે. પણ તમે તો રોજ સાફ કરો છો. આમે ય સૌથી વધુ કચરો તો તમે જ સાફ કર્યો છે, પણ કોઈ માનવા જ તૈયાર નથી. શહેરના બધા લોકો આળસુ છે તેમને જ્યારે મનાવતો હતો ત્યારે ઈનામનું નામ કહેતા જ બધા લોકો સફાઈ કરવા લાગ્યા પણ તમે તો મહેનતુ છો.' નગરપાલિકાવાળાએ એવોર્ડનો સ્વીકાર કર્યો. બીજી જ ક્ષણે તેને નોકરી મળી ગઈ. આ સાંભળી પેલો માણસ તો ખુશીથી ઉછળી પડ્યો. નોકરી પણ સ્વીકારી પછી એ માણસે બહુ નામ કમાયું અને કાર્યો કર્યા.

આમ આ માણસની જેમ આખો દેશ જો પૂરી લગનથી મહેનત કરે તો કોઈ પણ મુશ્કેલી દૂર થઈ શકે છે.

## ૭. સાન્તાનું સિક્રેટ

(આરકા હિતાર્થ જોષી, શ્રેયસ ફાઉન્ડેશન)

નાતાલની પૂર્વ સંધ્યાએ ચર્ચમાં એક અપંગ વ્યક્તિ પ્રભુ ઈસુને પ્રાર્થના કરે છે. વ્હિલચેર પર બેઠા બેઠા ઈશ્વર પ્રત્યે પોતાની કૃતજ્ઞતા પ્રગટ કરે છે. 'હે પ્રભુ! તારી કૃપા અમારા પર સતત વરસતી રહે અને આ જગતમાં હું તારા ગુણગાન ગાઈ શકું છું. તારી કરુણા અને પ્રેમ સદા સર્વત્ર સર્વ પર વરસે જ છે.' મારા પરિવાર સાથે હું નાતાલમાં સેન્ટ ઝેવિયર્સ કોલેજનાં ચર્ચમાં આવી. ચર્ચ રોશનીથી ઝગમગી રહ્યું હતું. લાઈટ તેમજ ડેકોરેશન અદ્‌ભુત હતું. નાતાલનો તહેવાર, ખાસ કરીને ખ્રિસ્તીઓનો તહેવાર. સૌ ખ્રિસ્તિ ભાઈ-બહેનો ઘર, શેરી, ચર્ચને રંગીન રોશની કરે અને સજાવે. સૌથી મહત્ત્વનો તહેવાર. નાતાલનું વૃક્ષ પણ સરસ રીતે સુશોભિત કરે. તેના પર તારાઓ, ફૂલ, રમકડાં, લાઈટસ્ મૂકી શણગારે. બાજુમાં સાન્તાક્લોઝ દાદા પણ હોય. તેમનું અમને જબ્બર મહત્ત્વ. એક આકર્ષણ. અમને બાળકોને અવનવી ભેટ આપે, અમારી સાથે નાચી-ગાઈને નાતાલની ઉજવણી રંગે-ચંગે કરે. આમ તો હંમેશની જેમ અલગ-અલગ ધર્મસ્થાનો પર જવાના આશયથી મમ્મી-પપ્પા મને લઈને અહીં આવ્યા, 'હું કાંઈક પામુ.' તે આશયથી - તે જ રૂટીન હતું.

ડિસેમ્બર મહિનાની ચાંદની રાત. ફૂલગુલાબી ઠંડી. યુવાધન અદમ્ય હિલોળે ચડ્યું હોય તેમ લાગતું. ચર્ચથી પાછા ફરી અમે આ ઘટનાને મનમાં આલેખી ઘરે આવ્યા. ખરેખર ઈશ્વરની કૃપા અદ્‌ભુત હોય તેમ ભાસતુ, કેમ કે શારીરિક રીતે અસમર્થ એવી વિકલાંગ વ્યક્તિ પોતાની નિર્માલ્યતા કે નિરાશા વ્યક્ત કરવાને બદલે ઈશ્વરની સતત વરસતી કરુણામાં ભીંજાતી હતી. અને લેશમાત્ર પણ પોતાની અસમર્થતાનો ઈશ્વરને દોષ નહોતો દેતો. આ નાતાલ પર્વની રાત્રે મારી સાથે પણ આવી જ એક ઈશ્વરીય અવિસ્મરણીય ઘટના ઘટી. રાત્રે બધા બાળકોની જેમ હું પણ મારી પથારીએ ઓશિકા પાસે માથું રાખી સૂતી. શિયાળાની કડકડતી ઠંડી. રજાઈને છોડવાનું મન જ ન થાય, બરાબર રાત જામી હતી. સવારે એક સરસ ગીફટ તો હોય જ, કેમ કે સાન્તાક્લોઝ દાદા મારા પર હંમેશા મહેરબાન તો ખરા જ. હું તેમની લાડલી. આખો રૂમ બંધ હોય, ક્યાંયથી હવા પણ ન આવી શકે, ત્યાં દરવાજાની તડમાંથી કે કોઈ જાણે ક્યાંથી, સફેદ દાઢીવાળા, સહુ બાળકોને અતિપ્રિય એવા દાદા ''સાન્તાક્લોઝ દાદા'' દુનિયામાં ફરીફરીને બધા જ નાના-નાના બાળકોને સાચવી લેતાં અને મને પણ સવારે નાની-મોટી ગિફ્ટ મળતી. આમ જ મારી આંખ મિંચાઈ ગઈ.

''ઊઠ ... દીકરા .... ઊઠ ... રે મારી વ્હાલસોઈ....''

કોઈ મને ઊઠાડી રહ્યું હોય તેવું લાગ્યું. સફાળી જાગીને જોયું તો લાલ-સફેદ

વસ્ત્રોમાં સજ્જ, લાલ ટોપીવાળા, સફેદ દાઢીવાળા સાન્તાક્લોઝ મારી નજર સામે. ખૂબ જ પ્રેમથી મારી સાથે વાતો કરતા મને કહે, 'દીકરા ... તને શું ગિફ્ટ આપું?' મારા તો હોશકોશ રહ્યા જ નહીં, કાંઈ બોલાયું જ નહીં. મેં કહ્યું, 'તમે આવી ગયા તે જ મોટી વાત, મારે કાંઈ જ ન જોઈએ.' મારી અંગત લાગણી તેઓ સમજી ગયા હશે. મને કહે, 'ચાલ આજે હું તને આશકાની ઓળખાણ કરાવું.' મને તેઓ ખૂબ જ સરસ જગ્યાએ લઈ ગયા. આછાંઆછાં અજવાસમાં ફૂલ ગુલાબી બગીચાઓની વચ્ચે, અનેરી સુગંધવાળા વાતાવરણમાં બેસાડીને મને કહે, 'આશકા એક એવી દીકરી છે કે જેના વિચારો એકદમ સ્વચ્છ, સ્પષ્ટ અને સત્યપ્રિય છે.' આખી દુનિયા જ્યારે પીઝા, પાર્ટી અને પીક્ચર પાછળ ભાગે છે જ્યારે આશકાનું વ્યક્તિત્વ એકદમ ભિન્ન, એવું અજોડ વ્યક્તિત્વ કે જેમાં ભગવાન ઈસુનો સંદેશો સ્પષ્ટ ... ભારોભાર કરુણા અને છલોછલ પ્રેમ.

એક નાતાલ સંધ્યાએ તેને ક્યાંકથી ગલૂડિયા મળ્યાં, ઠંડીમાં ઠૂઠવાતાં અને ઉઉઉ ... ઉઉ .. આક્રંદ કરતાં. આ નાના નાના ગલૂડિયાંઓને જોઈ તેનું હૃદય દ્રવી ઊઠ્યું. તેને વિચાર આવ્યો કે, 'ચાલો, આપણે તેમના માટે એક સરસ નાનું ઘર બનાવીએ.' તેનાથી ના રહેવાયું, તેણે ઘરના કંતાન ભેગા કરી, નકામા લાકડાઓ ભેગા કરી તેમના માટે એક ઘર બનાવ્યું. બધા ગલૂડિયાઓ બરાબર અંદર ગોઠવાઈ ગયા. આશકા જાણે તેમની 'મા' હોય તેમ બધું કહ્યું કરતાં. ગલૂડિયાઓને જમાડવાનું, રમાડવાનું, ઘરમાં ઓઢાડીને સુવરાવવાનું બધું જ કામ આશકા કરે. ઘરે લાવે તો ધમાલ ... ધમાલ ... મમ્મીનાં કપડાં ખેંચી જાય. દાદીના ચંપલને બટકાં ભરે, પપ્પાને પગે ચાટે, પલંગ નીચે સંતાઈ જાય, આમ આખું ઘર માથે લે પણ બધા ગલૂડિયાઓને પોતાની કરુણાથી ઘરે લાવી પ્રેમથી ઉછેરે."

સાન્તાદાદાની આશકા વિશેની આ બધી વાતો સાંભળી તેને આશકાને મળવાની અદમ્ય ઈચ્છા થઈ ગઈ. મને થયું પછી પેલા ગલૂડિયાઓનું શું થયું હશે? લાવ પૂછું તો ખરી. સાન્તાએ મારી સામે જોયું સસ્મિત કહે, ''પછી તો આ બધા ગલૂડિયાઓ આશકાનો અનેરો પ્રેમ પામ્યા અને આવા જ બીજા નાતાલ પર્વની વાત કહેતાની તો રહી જ ગઈ. આશકાએ બીજા વર્ષમાં પણ આવો જ એક આદર્શ રચ્યો. આશકા તેનાં પરિવારનાં સભ્યો સાથે કોઈ પ્રસંગે બહારગામ ગઈ હતી. ઘરે આવીને તેમની ખુલ્લી અગાશીમાં જોયું તો એક ખૂણામાં બિલાડીના નાનાં-નાનાં એક-બે નહીં પરંતુ પૂરા પાંચ બચ્ચાં. આ બચ્ચાં તાજાં જન્મેલાં હોય તેવું તેણીને જણાયું. તરત જ તેણે બચ્ચાઓ માટે અગાશીમાં ઓટલા નીચે ખાલી જગ્યામાં તેમનું ઘર બનાવ્યું. બચ્ચાંઓને તો દૂધ પીતાં પણ ન આવડે. આ વિકટ પરિસ્થિતિને પહોંચી વળવા આશકાએ સરસ ઉપાય કર્યો. દવાની પીપેટમાં દૂધ લઈ બચ્ચાંઓને પીવરાવવાનું ચાલુ કર્યું. સવાર, બપોર, સાંજ આશકાનો ધ્યેય મંત્ર ફક્ત આ બચ્ચાઓને ઉછેરવાનો જ. યુધિષ્ઠિર, ભિમ, અર્જુન, સહદેવ, નકુલ જેવા નામથી તરત બોલાવીને તેની અલગ દુનિયા જ રચી. ખરેખર આશ્ચર્ય થાય કે આ બધા જ બચ્ચા મોટા,

હૃષ્ટપુષ્ટ ઉછર્યા. આમ આશકાના પ્રેમ અને કરુણાના મહાસાગરમાં અબોલા જીવ નવજીવન પામ્યા.

ઘરમાં તો ધમાધમ કરતાં. લોકો કહેતાં પણ, 'બિલાડીઓ શું પાળી? બિલાડીઓ તે કંઈ પળાય?' પણ આ બધા સામાજિક વિરોધ વચ્ચે પણ તેણીનો પ્રેમ અકબંધ રહ્યો. નાતાલ પર્વમાં આથી વિશેષ ગીફ્ટ શું હોઈ શકે?

સાન્તાક્લોઝદાદાએ પોતાની વાત પૂરી કરી, મારા માથા પર હાથ ફેરવ્યો. દાદાએ મને કહ્યું, 'જો સમગ્ર દુનિયામાં આશકા જેવી માણસાઈ ધરાવતા લોકોનો સમુદાય બને તો કેવું!!!'

મને પણ લાગ્યું કે પૃથ્વી ઉછંગે ઉછરેલ માનવી, હું માનવી માનવ થાઉં તો ઘણું.

આ પંક્તિ સાર્થક થઈ. માનવતા જ માનવીનો સૌથી મોટો ધર્મ છે. કર્મ દ્વારા સમસ્ત જગતમાં પોતાની શક્તિને વ્યાપ્ત કરવી, જ્ઞાન દ્વારા સમસ્ત જગતમાં પોતાના મનને વ્યાપ્ત કરવું અને સૌંદર્ય બોધ દ્વારા સમસ્ત જગતમાં પોતાના આનંદને વ્યક્ત કરવો તે માનવતાનું મહાલક્ષ્ય છે. ભગવાને જે યોગ્યતા અને શક્તિ કે ક્ષમતા આપી છે તેનો સદ્ઉપયોગ કરી બીજાને મદદ કરવી. જીવન માત્ર પોતાનું ન બની રહેતા વૈશ્વિક ભાવના કેળવાય છે. 'પ્રેમ અને કરુણા જેવા અમૂલ્ય તત્ત્વોથી તારું જીવન પણ મહાન સિદ્ધિ પ્રાપ્ત થાય તેવું રહે.' માથે હાથ ફેરવી દાદાએ કહ્યું.

સાન્તાદાદાએ મને એક સરસ સંદેશો પણ આપ્યો.

''એક જ વૃક્ષથી ઉદ્યાનની શરૂઆત થઈ શકે છે.
એક જ સ્મિતથી મૈત્રીની શરૂઆત થઈ શકે છે.
એક જ ટહુકાથી વસંતના આગમનનો ખ્યાલ આવી શકે છે.
એક જ દિવાદાંડીના પ્રકાશે જહાજ સન્માર્ગે આવી શકે છે.
એક જ વચનથી જીવન પરિવર્તન થઈ શકે છે.
એક જ શુભવિચારથી જીવન માટે ક્રાંતિસર્જક બની શકે છે.
વિરાટ એવી નદીની શરૂઆત પણ,
એક નાનકડાં ઝરણાંથી થઈ શકે છે.''

''અરે ઊઠ! સવાર પડી ... સ્કૂલે નથી જવું?... અરે હજી ઊભી ના થઈ ... .'' જાગીને જોયું તો સામે મમ્મી.

બાજુમાં પડેલા મોજાં પાસે નાનાં-નાનાં ''બે રમકડાં'' અને એક ગુલાબનું ફૂલ ...

## ૮. મારું ઘર

(યજ્ઞાર્થ મેહુલભાઈ વોરા, ધો--૭, એલેમ્બિક વિદ્યાલય, વડોદરા)

અરે અરે હું આ ક્યાં આવી ગયો!!!!!

આ તો જંગલ છે. આટલા બધાં ઝાડ, આટલા બધા પક્ષીઓનો કલરવ!

ચીં ચીં ચીં ચીં, ઘૂં ઘૂં ઘૂં ઘૂં, કુહુ કુહુ

આહા કેટલી બધી ચકલીઓ, કેટલા બધા પોપટ, પેલી કોયલ, લક્કડખોદ, સમડી ઓહો, ઓહો, કેટલા બધા સરસ પક્ષીઓ અને તે પણ બધા સાથે!!!

અરે અરે આ શું ... આ તો ચકલીબેન ચીં ચીં ચીં ચીં

અરે, અરે ચકલીબેન કેમ ચીં ચીં ચીં ચીં કરો છો? શું થયું?

ચકલીબેન : તું અહીં કેમ આવ્યો છે, અમારી જગ્યામાં?

અરે જગ્યા તો મારી કે તમારી થોડી હોય? પૃથ્વીની ભૂમિ, ભગવાને દરેક સજીવ માટે બનાવી છે.

ચકલીબેન : 'તો પછી અમને કેમ મારીને ભગાડી મૂકો છો? તને ખબર છે, અમને ચકલીઓને તમારા બધા વચ્ચે રહેવું ખૂબ ગમતું હતું. પણ અમે જેવો માળો તમારા ઘરમાં બનાવીએ તેવો તે માળો તમે લોકો કાઢીને ફેંકી દો છો. પહેલાં તો અમે ઝાડમાં રહેતા હતા. તમે બધાએ ઝાડ પણ કાપી નાખ્યા. જેથી અમારે તમારા ઘરમાં અમારા બચ્ચાં માટે માળો બાંધવા આવવું પડે છે. અને તમે તે માળો ... અને પાછા તમારા ભણવામાં અમારી કવિતા આવે ''ચકીબેન ચકીબેન મારી સાથે રમવા આવશો કે નહીં .....''

તમે માણસો અમારી જાતિને મીટાવા માંગો છો અને અમે તમને બારખડીનો 'ચ' આપ્યો. તો પણ તમે અમને નામશેષ કરવા માંગો છો. પાછા મ્યુઝિયમમાં તમે અમારું પ્રદર્શન કરો છો. જા અહીંથી જતો રહે...'

ઘૂં ઘૂં ઘૂં ઘૂં ઘૂં, કુહુ કુહુ કુહુ, ઘૂં ઘૂં ઘૂં ઘૂં ઘૂં, કુહુ કુહુ કુહુ, અરે ચકીબેન તમે કેમ ગુસ્સે થયેલા લાગો છો?

ચકીબેન : 'અરે કબૂતરભાઈ અરે કોયલબેન, આ માણસો હવે આપણને જંગલમાં પણ નહીં રહેવા દે. શહેરમાં મોબાઈલના ટાવર, ઊંચા ઊંચા કોમ્પલેક્ષ, ઝાડો કાપી નાખ્યા, બારીઓમાં ચળકતા કાચ, વાહનોના અવાજ, આવી અનેક સુવિધા પોતાના માટે ઊભી કરે છે અને આપણું અસ્તિત્વ મીટાવવા માંગે છે. અને પોતે એકલા રહેવા માંગે છે.

નિર્દોષતા અને મધુર અવાજનો કલરવ આ માણસ જાતને હવે ખપતો જ નથી ને.

મોબાઈલની રીંગ ગમે છે અને મોબાઈલની રીંગમાં પાછો આપણો અવાજ રાખે છે. પણ વાસ્તવિકતામાં તે આપણી સાથે જીવવા માંગતા જ નથી ને.

અને હવે આ માણસ વિકાસના નામે બુલેટ ટ્રેન લાવે અને ઝાડ અને જંગલનો નાશ કરે છે.

હવે તમે જ કહો આ લોકોને કેવી રીતે માફ કરી શકાય?

આવો આવો સમડી બહેન, ગીધભાઈ, પોપટભાઈ, મેનાબહેન અને કાબરબેન આવો. મોરભાઈ, કાગડાભાઈ, સારસભાઈ, ટીટોડીબહેન, આવો બુલબુલ બહેન, આવો દરજીડાભાઈ, ઘુવડભાઈ.'

અરે આ શું, ચકલીબેન તો બધા પક્ષીઓને બોલવા માંડ્યા ...

અરે ચકલીબેન તમે આ શું કરો છો? હું ફરતો ફરતો તમારા જંગલમાં આવી ગયો અને તમે બધા પક્ષીઓ મને ખૂબ ગમ્યા એટલે તમારી સાથે વાત કરવા લાગ્યો અને તમે મને કાઢવા માંગો છો?

કા કા કાગડાભાઈ : અરે તમે અમારા નામ પરથી ક ખ ઘ ચ છ જ જેવી બારાખડી યાદ રાખો છો અને અક્ષરજ્ઞાન મેળવીને જ્ઞાની થાવ છો. અરે તમે માણસો જ્યારે બાળસ્વરૂપે હો છો ત્યારે તમારા માબાપ તમને અમારા આકારના નકલી પક્ષીઓના રમકડા આપીને રમાડે છે. પરંતુ સાથેમાં તે જ માબાપ તમને એવું નથી શીખવાડતા કે આ પક્ષીઓને પણ આપણે આપણી સાથે રાખવા જોઈએ.

માણસ મોટો તો થઈ જાય છે પણ બાળપણ ભૂલી જાય છે. મોટા થયા પછી અમારી માટે કોઈ લાગણી જ રાખતો નથી.

તને ખબર છે અમે જૈવિક જીવો છીએ. સફાઈ કામદાર છીએ. ઉત્સાહનું સ્વરૂપ છીએ. ઊંચાઈમાં એકતાનું પ્રતીક છીએ. જુદા જુદા રંગની ઓળખ અમે છીએ અને વધારેમાં બાળવાર્તાઓમાં સૌથી વધારે અમારા ઉપર જ વાર્તાઓ છે.

છતાં માણસના જીવનના અમે કોઈ ભાગીદાર જ નહીં? અમે તમારા ઘરમાં માળો બાંધીએ તો તમે તમારું ઘર ગંદુ થશે એમ કહીને અમારો માળો ઉપાડીને ફેંકી દો છો. તો અમે અમારા બચ્ચાં ક્યાં મૂકીએ?

જો હમણાં તમારા ઘર કોઈ તોડી નાખે તો? તમને કેવું થાય?

બધા જ પક્ષીઓ એક સાથે બોલવા માંડ્યા, આ શું ...? હવે હું શું કરું?

અમારા બચ્ચાંઓને તમે માણસ મારી નાખો છો. હવે તમને અમે અહીંથી જીવતો નહીં જવા દઈએ.

પોપટનો લીલો, કાગડાભાઈનો કાળો, મોરનો મોરપીંછ, કુકડાભાઈનો રંગબેરંગી વગેરે રંગોની ઓળખ પણ અમે જ આપી. અને જો તો ખરી આ કુકડાભાઈની હાલત! તેના ઈંડા થાય ત્યાં જ તે લઈ લેવામાં આવે છે. અને ઘણી જગ્યાએ તો ઈંડાના નાના બચ્ચાંને મોટા થતા પહેલાં જ મારી નાખવામાં આવે છે. કૂકડાભાઈને માણસ મજાથી આરોગે છે.

શું અમને જીવવાનો કોઈ હક નથી? અમે પ્રાણીને કે મનુષ્યને મારીએ છીએ? ભગવાનની બનાવેલ સૃષ્ટિમાં અમારી આવી દુર્દશા?

અમે કોઈ શાળા કે કોલેજમાં માળો બનાવીએ તો ત્યાં અમાર ઈંડાને તોડી નાખવામાં આવે છે. કોઈ કોઈ જગ્યાએ તો અમારી પાંખો જ કાપી નાખવામાં આવે છે.

જે શાળા અને કોલેજમાં અમારો અભ્યાસ થાય છે તે જ શાળામાં અમને અમારું ઘર બાંધવાનો હક નથી. આ તો માણસનું કેવું ભણતર.

માણસ પોતે પોતાની મોજ માટે પતંગ ઉડાડે અને અમારી પાંખો કાપી નાખે. આ જ માણસ જ્યારે બાઈક ઉપરથી પડે અને તેનો પગ તૂટી જાય ત્યારે કેવી બૂમો પાડીને રડતો હોય છે. પોતાનો પગ કપાઈ જાય તેની વેદનાનો અહેસાસ છે અને અમારી પાંખો કપાય તેનું કંઈ નહીં?

અમે આજે બધા પક્ષીઓ ભેગા મળીને તમારી આખી માણસ જાતને શ્રાપ આપીએ છીએ કે ભગવાન એકવાર તમને પક્ષી બનાવે...

અરે અરે આ શું? ખરેખર માણસ મોટો થઈને માણસ જીવસૃષ્ટિને જ નુકસાન પહોંચાડે છે? અરે હું પણ બાળક છું મને પણ કોઈ મારી નાખે તો? મારું કોઈ ઘર તોડી નાખે તો? મને કોઈ હેરાન કરે તો? મારા મા-બાપ તેને મારે અથવા કાયદાકીય પગલા લે અને આ બિચારા પક્ષીઓના જીવન માટે કોઈ કાયદો જ નહીં ....

મારો મારો આ માણસના છોકરાને મારો ... મારો ... મારી જ નાખો ...

મમ્મી મમ્મી મમ્મી ... પપ્પા પપ્પા .... બચાવો, બચાવો મને બચાવો ...

અરે શું થયું?

આ બધા પક્ષીઓ મને મારી નાખે છે ...

અરે બેટા હજી સવારના પાંચ વાગ્યા છે. તે કોઈ ખરાબ સ્વપ્ન જોયું લાગે છે. હજી શાળાએ જવાની વાર છે બેટા, પાછો ઊંઘી જા.

ના, ના, મારા એ સવાલનો જવાબ આપો, કે આપણા ઘરમાં કોઈ દિવસ કોઈ પક્ષીએ પોતાનો માળો બાંધ્યો હતો?

હા બેટા બાંધ્યો હતો, પણ તું કેમ આ પૂછે છે?

પછી આ માળાનું તમે શું કર્યું? અરે બેટા તે માળામાં ચકલીબેનના બે ઈંડા હતા અને પછી તેમાંથી બે બચ્ચાં થયાં અને મોટા થઈને ઊડી ગયા.

એટલે આપણે કોઈ દિવસ કોઈ માળાને ફેંકી નથી દીધોને?

ના, ના બેટા આપણે તો એવું કોઈ દિવસ નથી કર્યું.

મમ્મી પપ્પા આ વર્ષે હું પતંગ પણ નહીં ઉડાડું.

જો મારું ઘર હોય તો પક્ષીનું ઘર આપણી સાથે કેમ ન હોય?

હું શાળાએથી આવીને પૂંઠા અને પ્લાસ્ટિકની બોટલમાંથી પક્ષીનું ઘર બનાવીશ.

અને ચકલીબેનને તેમાં રહેવા બોલાવીશ.

ચીં ચીં ચીં ચીં કરતી ચકલીબેન આવશે અને કહેશે આ ''ઘર મારું''.

## ૯. સાત બરણી

(રૂપાલી ભીખાભાઈ રાઠોડ, ધો-૭-અ, શ્રી પ્ર.પુ.પ્રે. ડાંડિયા મિડલ સ્કૂલ, જાફરાબાદ)

ઘણાં વર્ષો પહેલાં એક વાળંદ રહેતો હતો. તે રાજ વાળંદ હતો. વાળંદ પોતાની પત્ની સાથે નાના ઘરમાં રહેતો હતો. તેઓ અમીર ન હતા. પણ ગરીબ પણ ન હતા. દર મહિને રાજા એને મહેનતાણુ આપતા અને તેનાથી એનું ગુજરાન ચાલતું હતું.

વાળંદને એનાથી સંતોષ ન હતો. એ વાળંદને પૈસાદાર બનવું હતું. તેણે પત્નીને કહ્યું, 'જેમ બને તેમ બચત કરીશું અને એમાંથી હું મજાનો ચંદનહાર તને ખરીદી આપીશ. તું ધનવાનની પત્ની જેવી લાગે એવી મારી ઈચ્છા છે.' વાળંદ અને તેની પત્નીએ કરકસરથી પૈસાની બચત કરી. એમ કરતાં સારી બચત થઈ ગઈ. પતિ-પત્ની તો ગયા સોનીને ત્યાં અને ખરીદીને લાવ્યા મજાનો ચંદનહાર.

વાળંદની પત્ની તો ખુશખુશાલ થઈ ગઈ અને વાળંદ બોલ્યો : 'હવે તું ધનિકની પત્ની જેવી દેખાય છે.' વાળંદને હજુયે આટલાથી સંતોષ ન હતો. હજુ ય તેને તો વધુ ને વધુ સોનુ મળી જાય એવી એની ઈચ્છા હતી અને અવાર-નવાર થતી.

એક સાંજે પોતાના ઘરથી નજીક એક જંગલમાં તે ફરવા ગયો. તે તો હંમેશાની જેમ સોનાનો વિચાર કરતો એક વૃક્ષ નીચે બેઠો હતો. તે વાળંદે મનમાં વિચાર્યું, 'અરે, હજુ વધારે સોનુ મળી જાય તો કેવું!' એ જ પળે તેણે એક અવાજ સાંભળ્યો. એ અવાજ વૃક્ષની ટોચેથી આવતો લાગ્યો.

ગેબી અવાજ આવ્યો અને તેને એવો અવાજ સંભળાયો કે 'ભાઈ વાળંદ, તારે ધનવાન બનવું છે ને? તારે હજુ સોનુ જોઈએ છે ને?'

વાળંદ બોલી ઊઠ્યો, 'હા, હા, તમારી વાત સાચી છે. મારે ધનિક બનવું છે. મારે સોનુ જોઈએ છે.'

ગેબી અવાજે પૂછ્યું, 'તારે કેટલું સોનુ જોઈએ છે ભાઈ? શું તારા માટે સોનાની સાત બરણી પૂરતી છે?'

વાળંદ બોલ્યો : 'હા, એ બરાબર છે. સાત બરણી સોનુ મળે એમ હું ઈચ્છું છું.'

ત્યાં વળી ગેબી અવાજ આવ્યો, 'તો ભલે, ભાઈ તું તારે ઘેર જા. ત્યાં તને સાત બરણી સોનુ મળી રહેશે.' વાળંદભાઈ તો કૂદતાક ને ઊભા થયા ને દોડ્યા ઘર તરફ. મનમાં ને મનમાં વિચારતા હતા 'આ સાચું હશે? કદાચ મને આ દિવાસ્વપ્ન તો નહીં આવ્યું હોય ને? સાત-સાત બરણી સોનુ? અહા! જરા વિચાર તો કરો!' વાળંદભાઈ તો દોડતાં-દોડતાં પહોંચ્યા ઘરે. ઘરે પહોંચતા તે બોલ્યો : 'અરે, અરે તું ક્યાં છે?' તેની પત્ની તો મલકતી મલકતી ઝડપથી બારણે આવી.

વાળંદે તેને પૂછ્યું : 'અરે, તે કંઈ જોયું ખરું?' પત્ની બોલી 'અરે તમે જ આવો અને જુઓ.' તે પતિને ઘરમાં લઈ ગઈ. અરે આ રહી સાત-સાત બરણી. વાળંદે કહ્યું, 'અરે વહાલી, એમાં શું છે એની તને ખબર છે? સોનુ છે. મારી વહાલી સોનુ! ચાલ, હું તને બતાવું.'

વાળંદે પહેલી બરણી ઉઘાડી અને ઢાંકણું ખોલ્યું. 'અરે જો તો ખરી, આખે આખી સોનાની!'

વાળંદ બોલી ઊઠ્યો, 'જો જો, હવે આપણે બન્યા ધનવાન. આપણી પાસે સાત-સાત બરણી સોનુ છે.

વાળંદની પત્ની તો ખુશખુશાલ. વાળંદ તો ઉન્માદથી ઘરમાં નાચવા લાગ્યો. તેની પત્નીએ નીચે બરણી પાસે બેસીને બરણીનું સોનુ નજરે જોવા એક પછી એક બરણીનું ઢાંકણું ઉઘાડ્યું.

એક ... બે ... ત્રણ .... ચાર ... પાંચ ... છ...' એમ ગણતાં ગણતાં છ બરણી છ બરણીનાં ઢાંકણા ખોલ્યા. તે બોલી ઊઠી. આ બધી સોનાની ભરેલી છે. કેવું આશ્ચર્ય! સાતમી બરણીનું ઢાંકણું ખોલતા તે નવાઈ સાથે બરાડી ઊઠી. સાતમી બરણી ખાલી હતી. તે બોલી ઉઠી, 'અરે આ તો અરધી ખાલી છે.'

વાળંદ બોલી ઊઠ્યો, શું કહે છે : 'આ બરણી અડધી ખાલી હોય જ કેમ?' વાળંદ અને તેના પત્ની આ સાતમી બરણી તરફ વિષાદભર્યા નયને જોતા રહ્યાં.

વાળંદે કહ્યું, 'વારુ, હવે જે હોય તે આપણે એમાં શું કરીએ. પણ આપણે એને અધૂરી જ શા માટે રહેવા દઈએ. ચાલો આપણે એનેય પેલી છ બરણીની જેમ ભરી દઈએ.'

પત્નીએ કહ્યું, 'ભરી દેવી? આપણે એનાથી ભરીશું?' વાળંદે કહ્યું, 'કેમ, સોનાથી જ વળી?' પત્નીએ કહ્યું, 'આપણે એટલુ બધુ સોનું કાઢીશું ક્યાંથી?'

વાળંદે કહ્યું, 'વારુ, હવે જે હોય તે. આપણે એમાં શું કરી શકીએ? પણ આપણે એને અધૂરી જ શા માટે રહેવા દઈએ? ચાલો, આપણે એનેય પેલી છ બરણીની જેમ ભરી દઈએ.'

પત્નીએ કહ્યું. 'આપણી પાસે એટલું બધું સોનુ અને તારાં દાગીના તો છે જ. એનાથી શુભ શરૂઆત કરીએ. હું સોની પાસે જઈને એને ઓગાળી લાવીશ અને એ સોનુ બરણીમાં નાખીશ.'

પત્ની બોલી ઊઠી, 'પણ હું અમીરની પત્ની જેવી લાગુ એમ તમે ઈચ્છતા હતા ને?' વાળંદે કહ્યું, 'તું તો પાગલ લાગે છે. એ વાત સાચી કે ધનિકો પત્નીને પહેરવા દાગીના આપે છે. પણ એથી જ એ સૌથી વધુ ધનવાન બનતા નથી. શ્રેષ્ઠ ધનિકો તો આની જેમ સોનુ બરણીમાં ભરી રાખે છે અને આપણી પાસે સાત-સાત બરણી સોનુ હશે તો સાથે જ આપણે ધનવાન ગણાઈશું.'

વાળંદ તો પત્નીના દાગીના લઈ ગયો. સોની પાસે ગયો. સોનીએ એને ઓગાળીને આપ્યા. આ સોનુ એણે સાતમી બરણીમાં ભરી દીધું.

પણ બરણી તો હજુ અધૂરી હતી.

વાળંદે કહ્યું, 'આટલું બધું ધાન ન વાપરતી. આપણે ઘણું ખાઈએ છીએ. ખાદ્ય પદાર્થો ઓછા કર અને તો જ આપણે પૈસા બચાવી શકીશું.' વાળંદે અને તેની પત્ની ખોરાક ઓછો ને ઓછા કરતા જ ગયા અને હવે તેઓ સુકલકડી જેવાં થઈ ગયાં.

રાજાની નજર આવ્યું કે વાળંદભાઈ દિવસે ને દિવસે દૂબળા થતા જાય છે અને ચિંતાતુર પણ રહે છે.

એક દિવસ રાજાએ પૂછ્યું, 'ભાઈ, તને શું થયું છે? હમણાં તું દુઃખી કેમ જણાય છે? સાવ દૂબળો થઈ ગયો છે. કાંઈ માંદગી તો નથી ને?' વાળંદે કહ્યું, 'ના, ના, મહારાજ. હું માંદો નથી. મને પૈસાની ચિંતા છે. બસ એ સિવાય કાંઈ નથી.' રાજાએ કહ્યું, 'વારુ, તારે વધારે ધનની જરૂર છે. એમ ને?' વાળંદે જવાબ આપ્યો, 'હા, મહારાજ, મારે વધુ ધન જોઈએ છે.'

રાજાએ કહ્યું, 'સારુ ભાઈ, હું તારું મહેનતાણું બમણું કરી આપું છું. આટલું પૂરતું છે ને?' વાળંદે કહ્યું, 'અરે, મહારાજ તમારો ઋણી છું. હવે બધું બરાબર થઈ રહેશે.' વાળંદે તો વધુ ને વધુ બચત કરવા માંડ્યો. વધુ ને વધુ સોનુ ખરીદવા લાગ્યો. પણ સાતમી બરણી તો અધૂરી જ રહી.

તેણે પત્નીને કહ્યું, 'હજી કરકસર કર. આમ આડેધડ ખર્ચ કરવા માંડીશું તો સોનુ ક્યાંથી આવશે?'

રાજાએ જોયું કે વાળંદભાઈ તો હજુયે ઉદાસ રહે છે. એક દિવસ રાજાએ કહ્યું, 'મેં તારો પગાર બમણો કર્યો છતાંય તું દૂબળો ને દૂબળો પડતો જાય છે. ચિંતામાં મગ્ન કહે છે. તને થયું છે શું?'

વાળંદને શું કહેવું એ સમજાયું નહિ. અને માત્ર સોનુ અને સોનુ અને વધુ ને વધુ સોનુ જોઈએ છે. આ વાત રાજાને કેવી રીતે સમજાવી? એણે સાત બરણીની વાત કોઈને ય કરી ન હતી.

ઓચિંતાના રાજા મોટે અવાજે બોલી ઊઠ્યા, 'મને બધી વાતની જાણ છે. પેલી સાત બરણી જે તને મળી છે એ સાત બરણી જ તારા દુઃખનું કારણ છે. ખરું ને?' વાળંદના આશ્ચર્યનો પાર ન રહ્યો. તે બોલી ઊઠ્યો, 'અરે, આપ નામદારને આ વાતની કેવી રીતે ખબર પડી?' રાજાએ હસીને કહ્યું, 'હું એ જાણું છું કારણ કે મને ય એક વખત આ બરણી લેવાનું કહેતો વૃક્ષમાંથી આવતો અવાજ મેં ય સાંભળ્યો હતો.' વાળંદે કહ્યું, 'તમે એ સ્વીકાર્યું કેમ નહીં, નામદાર સાહેબ?'

રાજાએ કહ્યું, 'હા, મેં સ્વીકાર્યું તો ખરું પણ મને તરત જ ખ્યાલ આવ્યો કે અહીં દાળમાં કંઈક કાળું છે. એ સાતેય સોનાથી ભરી બરણી મને આપી પણ સાતમી બરણી અડધી ખાલી હતી એનો મને ખ્યાલ આવ્યો.'

વાળંદે કહ્યું, 'બરાબર, નામદાર, સાતમી બરણી અડધી ખાલી છે.' રાજાએ કહ્યું, 'એટલે હું તો ગયો એ વૃક્ષના ભણી અવાજ પાસે જઈને કહ્યું, 'ભાઈ, સાતમી બરણી તો અડધી જ છે.' અવાજ આવ્યો, 'રાજા, તમારી વાત સાચી છે. એ સાતમી બરણી તો હંમેશા અડધી જ હોય છે. વાળંદે પૂછ્યું, 'પછી, શું થયું?'

રાજાએ કહ્યું, 'પછી મેં ગેબી અવાજને પૂછ્યું, 'તો આ સોનું વાપરવું કે બરણીમાં જ ભરેલું રહેવા દેવું.' વાળંદે આતુરતાથી પૂછ્યું, 'પછી એણે શો જવાબ આપ્યો?'

રાજાએ કહ્યું, 'ભાઈ, ત્યાંથી તો કોઈ જવાબ ન આવ્યો. ઘરે આવી બેઠો અને સાતેય બરણી વિશે વિચારવા લાગ્યો. પછી મને સપનું આવ્યું કે સાતમી બરણી હંમેશા અડધી રહેશે. અવાજે કહેલી એ વાતનો અર્થ સમજાયો. એનો અર્થ એ હતો કે એમાં ગમે તેટલું સોનુ ભરો તો ય તે અધૂરી જ રહેવાની.'

'મને સમજાયું કે આ તો હું લાલચમાં લપેટાઉં અને હું વધુ ને વધુ સોનુ ઝંખતો રહું એવી જાળ છે. બરણી તો ભરાવાની જ નથી અને મારી સોનાની લાલચ ક્યારેય તૃપ્ત થવાની નથી.' વાળંદ બોલી ઊઠ્યો, 'આ તે કેવી માયાજાળ!' રાજાએ કહ્યું, 'હા એ માયાજાળ હતી. પણ મેં એને પૂરેપુરી જાણી લીધી. અને હું એ જાળમાં ન સપડાયો.' રાજાએ ઉમેર્યું, 'ભાઈ, એ સાતમી બરણી એટલે 'લાલસાની બરણી' . જેમ જેમ સોનુ મેળવો તેમ તેમ વધુ ને વધુ મેળવવાની લાલસા જાગે, પણ એનો અંત જ ના આવે.'

વાળંદે પૂછ્યું, 'મહારાજ, એ જાળમાંથી કેવી રીતે મુક્ત થયા?' રાજાએ જવાબ આપ્યો, 'એ તો સાવ સાદું સીધું હતું. હું તો ગયો ગેબી અવાજવાળા વૃક્ષ પાસે અને એને પોતાની સાતેય બરણી પાછી લઈ લેવા વિનંતી કરી. કારણ મારે એનો ખપ ન હતો.'

વાળંદ બોલી ઊઠ્યો, 'પછી શું થયું મહારાજ?'

રાજાએ કહ્યું, 'અવાજે કહ્યું. કંઈ વાંધો નહીં હું એ બરણીઓને પાછી લઈ જઈશ. પછી ઘરે આવીને જોયું તો સાતેય બરણીઓ ત્યાં નહોતી.' વાળંદે વિચારપૂર્વક કહ્યું, 'મહારાજ, એટલે સાતમી બરણી તો ક્યારેય નહીં ભરાય એ વાત તો સાચી જ છે ને?' રાજાએ કહ્યું, 'આ વાત નિઃશંક છે. બહુ મોડુ થઈ જાય એ પહેલાં એ સાતેય બરણી પરત કરી દે. તું દૂબળો માંદલો થતો જાય છે. આવી વધુ ને વધુ સોનાની તૃષ્ણા બીજું તો શું આપી શકે? ખોટી મુસીબતમાં પડ એ પહેલા આ બરણી પાછી આપી આવ, મારા ભાઈ.'

રાજાની વાત સાંભળીને વાળંદ ગભરાઈ ગયો. તે જંગલમાં પેલા વૃક્ષ પાસે જઈને ગેબી અવાજને એ સાતે બરણીઓ લઈ લેવા ગેબી અવાજને વિનંતી કરી.

અવાજ બોલ્યો : 'ભલે ભાઈ, હું લઈ લઉં છું?' વાળંદ ઘરે ગયો અને જોયું તો સાતેય બરણી અદશ્ય અને એ બરણીઓ સાથે વાળંદે બચાવેલું બધું સોનુ અને વાળંદની પત્નીના બધા જ દાગીના ય ગયા!

## ૧૦. એક અદ્દભુત દેવી

(આયુષી વિપુલભાઈ નકુમ, ધો.-૯-બી, બાપ્સ સ્વામિનારાયણ વિદ્યામંદિર, રાંદેસણ, ગાંધીનગર)

એક મોટું ગામ હતું. ગામમાં બધી જ સુવિધા હતી. શાળા, હોસ્પિટલ, દુકાનો, બગીચા વગેરે. બધા લોકો સુખ-શાંતિથી રહેતા હતા. સવાર પડે એટલે બધા જ પોતપોતાના કામે લાગી જાય ને સાંજ પડે એટલે બધા કામેથી પાછા આવી જાય. ગામમાં બધા ભક્તિભાવવાળા લોકો પણ હતા. એટલે જે લોકો કામ ન કરે કે નવરા પડે એટલે ભગવાનની ભક્તિ કરતા.

આ ગામમાં એક સુખી પરિવાર રહેતો હતો. પરિવારમાં બધું જ હતું, કંઈ જ ન ઘટે. બધા એકબીજાની મદદ કરે ને હળીમળીને રહેતા. તે પરિવારમાં એક રૂપેન નામનો છોકરો હતો. તે શાળાએ જતો હતો. પહેલા તો અભ્યાસમાં ખૂબ જ હોંશિયાર પણ શાળામાંથી તેને કુસંગી મિત્રોનો સંગ થયો. પહેલા તો તેને કુસંગી મિત્રો સાથે રહેવાની મજા આવી. ધીમે ધીમે તે મિત્રો તેને વધારે કુસંગમાં ફસાવતા ગયા. એક દિવસ તે સાવ આળસુ થઈ ગયો. બધી જ વાતમાં આળસ કરે. સવારથી જ ઊઠવામાં આળસ કરે, શાળાએ જવામાં આળસ કરે, શાળાએ પણ ન જાય. એ આટલો બધો આળસુ અને કુસંગી બની ગયો હતો.

એક દિવસ રૂપેન ઊઠીને પરાણે શાળાએ ગયો. તેને ભણવામાં સહેજ પણ ધ્યાન દીધું ન હતું. શાળામાં ટીન ... ટીન ... ટીન ... રિસેષ પડતાની સાથે જ બધા બાળકો શાળાના બગીચામાં રમવા માટે દોડી ગયા. રૂપેન તેના ક્લાસરૂમમાંથી બહાર આવનાર સૌથી છેલ્લો વિદ્યાર્થી હતો. લોબીમાં ઊભા રહી રૂપેને આજુબાજુ નજર કરી. તેને ખૂબ જ આશ્ચર્ય થયું. તેને કોઈ વિદ્યાર્થી દેખાયા નહીં. બધા જ ક્લાસરૂમ પણ ખાલી હતી. રૂપેન ત્રીજા માળેથી નીચે ઊતરવા આગળ વધ્યો. તે ઝડપથી દાદરા ઉતરી પહેલા માળે આવ્યો અને ત્યાં જ તેની નજર વિદ્યાર્થીઓના ટોળા ઉપર પડી. તેઓ રમી રહ્યા હતા. એવામાં તે આગળ વધ્યો. ત્યાં એક બોર્ડ હતું. તે પવન આવવાની સાથે નીચે પડ્યું. ત્યાં બેઠેલા ઘુવડો પણ ઊડવા લાગ્યા. તેને પરસેવો છૂટી ગયો. તે થોડો બહાર ગયો. એવામાં તો એક બિહામણી રાક્ષસરાણી તેની પાછળ દોડી રહી હતી. રાક્ષસરાણીએ હાથ લંબાવી રૂપેનને પકડવાનો પ્રયત્ન કર્યો. રૂપેને ફટાફટ તેની સાઈકલ લીધી અને તેણે સાઈકલની ઝડપ વધારી દીધી. તેનામાં હતી તેટલી તાકાતથી તે સાઈકલ દોડાવવા લાગ્યો. રાક્ષસરાણી પણ ઝડપથી તેની પાછળ દોડી રહી હતી.

આગળ રસ્તો વળાંક લઈ રહ્યો હતો, ત્યાંથી બજારની શરૂઆત થઈ રહી હતી. રૂપેને ત્યાં સાઈકલ દોડાવી. એક શ્વાસે ઝડપભેર સાઈકલ ચલાવવાથી તે હાંફી રહ્યો હતો. તેણે પાછળ નજર કરી પરંતુ પાછળ તેને કોઈ દેખાયું નહીં. એટલે તેને થોડી હાશ થઈ. ધીમે ધીમે સાઈકલ ચલાવી તે ઘરે પહોંચ્યો. રોજની જેમ તે રસોડામાંથી નાસ્તો લઈ ટી.વી. જોવા સોફા પર બેઠો હતો. ટી.વી. જોવામાં તે મગ્ન હતો ત્યાં જ અચાનક કોઈ એના ગળા

પર હાથ ફેરવી રહ્યું હોય એવો તેને અહેસાસ થયો. તેણે પાછળ નજર કરી અને તેના મોઢામાંથી ચીસ નીકળી ગઈ. 'ઓ મા ... બચાવો'ની બૂમો પાડવા લાગ્યો. પેલી રાક્ષસરાણી તેની પાછળ જ આવીને ઊભી હતી. રૂપેન સોફા પરથી કૂદકા મારી બેડરૂમમાં દોડ્યો. બેડરૂમનો દરવાજો તેણે અંદરથી બંધ કર્યો.

રાક્ષસરાણીએ દરવાજાની આરપાર નીકળી અંદર પ્રવેશ કર્યો. તે ધીરે-ધીરે રૂપેન તરફ આગળ વધી રહી હતી. રૂપેનના હાથમાં એક નાનું ટેબલ આવ્યું. તેણે ટેબલ રાક્ષસરાણી તરફ ફેંક્યું. પરંતુ રાક્ષસરાણીને તેની કોઈ અસર થઈ નહિ, ઊલટું ટેબલના ટુકડેટુકડા થઈ ગયા.

રાક્ષસરાણીએ રૂપેનના વાળ પકડી, તેને હવામાં અધ્ધર ઊંચો પકડી જોરથી પલંગ પર પછાડ્યો. પલંગ ઉપર કેટલાંક પુસ્તકો પડ્યાં હતાં તેની ઉપર તે પડ્યો. રાક્ષસરાણીએ તેને પકડવા હાથ લાંબો કર્યો. રૂપેને તેનાથી બચવા પુસ્તક આડું ધર્યું અને ચમત્કાર થયો. રાક્ષસરાણીનો હાથ ત્યાં જ અટકી ગયો. પુસ્તકને જોઈ રાક્ષસરાણી ત્યાંથી અદશ્ય થઈ ગઈ અને ત્યાંથી રૂપેનના ઘરના આંગણામાં આંટા મારવી લાગી. રૂપેનને આશ્ચર્ય થયું. તેને લાગ્યું જરૂર આ પુસ્તકમાં કાંઈક ચમત્કાર છે. રૂપેને પુસ્તક ખોલ્યું અને જોયું તો તેનું વિજ્ઞાન વિષયનું પુસ્તક હતું. પુસ્તક ખોલવાની સાથે જ તે રાક્ષસરાણી આંગણામાંથી પણ દેખાતી બંધ થઈ. ત્યાં જ ડોરબેલ વાગ્યો. ડરતાં-ડરતાં રૂપેને દરવાજો ખોલ્યો. જોયું તો મમ્મી-પપ્પા હતા. મમ્મી-પપ્પાને દરવાજા પર જોઈ તેને શાંતિ થઈ. પછી પુસ્તકને સાથે રાખીને જ આખો દિવસ ફર્યો અને પુસ્તકને સાથે રાખીને સૂઈ ગયો.

બીજે દિવસે રૂપેન આળસ કર્યા વગર શાળાએ ગયો હતો. પછી રોજની જેમ શાળાએથી ડરતો-ડરતો પાછો આવ્યો. પણ આખા દિવસમાં તેને રાક્ષસરાણી દેખાઈ ન હતી. થોડીવારમાં તેના મિત્રો તેને ક્રિકેટ રમવા માટે બોલાવવા આવ્યા હતા. ક્યારેક તેના મિત્રો ઘરેથી પૈસાની ચોરી કરતા હતા. ગાળો બોલતા હતા. ક્યારેક ગુટખા-માવા પણ ખાતા હતા. આવા મિત્રોની સાથે રહીને જ રૂપેન બગડ્યો હતો. 'એક કલાકમાં રમીને આવું છું' એમ કહી રૂપેન મિત્રો સાથે રમવા ગયો. એકાદ કલાક થતા રૂપેન ઘરે જવા નીકળ્યો. તેના કુસંગી મિત્રોએ તેને આગ્રહ કરીને રોક્યો અને રૂપેનને રમતમાં જોડ્યો.

રૂપેન ફરી પાછો રમતમાં જોડાયો અને બેટ લઈને રમવા લાગ્યો. રૂપેને સામે છેડે બોલર તરફ નજર કરી અને તેના હાથમાંથી બેટ પડી ગયું! તે એકદમ ગભરાઈ ગયો. કારણ કે સામે છેડે બોલ લઈને રાક્ષસરાણી ઊભી હતી. તે તરત જ ઘર તરફ દોડ્યો. રાક્ષસરાણી પણ તેની પાછળ દોડી. ઘરમાં આવી તે તરત જ પુસ્તક વાંચવા બેસી ગયો અને રાક્ષસરાણી તરત જ અદશ્ય થઈ ગઈ. આવું ઘણા દિવસ થયું. તે જ્યારેજ્યારે તેના ખરાબ મિત્રોને મળતો ત્યારે રાક્ષસરાણી તેની પાછળ દોડતી ને ફરી તે પુસ્તક લઈને વાંચવા બેસતો એટલે તે અદશ્ય થઈ જતી.

એક દિવસ તે રાતે સૂતો હતો. તેને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તે એક નગરીનો રાજા હતો. બધા તેને બાળરાજા કહીને બોલાવતા હતા. તેના હજારો સૈનિકો હતા. તે જ્યારે રાજસભામાં પધારે એટલે નગારા વાગતાની સાથે બોલાય કે ''રાજાધિરાજ બાળારાજા આપણી સમક્ષ પધારી રહ્યા છે'' અને બાળારાજાને માન મળે એટલે તે ખુશ થાય. સ્વપ્નમાં ને સ્વપ્નમાં તે રાજા હતો એટલે બધી શાળાઓ બંધ કરાવવાનો આદેશ આપ્યો. શાળામાં બાગ-બગીચા, ઠંડા-પીણા, ચોકલેટ, નાસ્તો વગેરે મોજશોખની વસ્તુ લાવવા કહ્યું. બધા જ બાળકોને ભણવાની ના પાડી દીધી. બધાને કહ્યું આવતીકાલે સવારે જેને જે ડીગ્રી જોઈતી હશે તે બધી જ ડીગ્રી હું તમને ભણ્યા વગર આપીશ. માટે કાલે બધા ભેગા થઈ જજો.

સ્વપ્નમાં જ બીજા દિવસની સવાર થઈ. બધા સભામાં બેઠા હતા. છોકરાઓ પણ હાજર હતા. અને થોડીવારમાં આળસુ બાળારાજા પધાર્યા. પછી બાળારાજાએ કહ્યું હવે બધા એક પછી એક જેને જે ડીગ્રી જોઈએ તે માંગો. તરત જ મળી જશે. બધા છોકરાઓ રાજી થઈ ગયા.

પિંકુ નામના છોકરાનો પહેલો નંબર હતો. તેથી તેણે કહ્યું, 'રાજાજી, મને ડૉકટરની ડિગ્રી આપો.' બાળારાજાએ કહ્યું, 'જા તને ડૉકટરની ડીગ્રી મળી ગઈ. કાલથી તું તારા કામમાં લાગી જજે.' પિંકુ તો 'જય હો બાળારાજાની' અવાજ સાથે સાઈડમાં ઊભો રહી ગયો.

બીજા વારો ધર્મેશનો હતો. ધર્મેશ કહે 'રાજાજી મારે વકીલ બનવું છે. મને વકીલની ડીગ્રી આપો.' તેથી રાજાએ તેને વકીલની ડીગ્રી પણ આપી દીધી.

આમ, એક પછી એક બધા જ આળસુ વિદ્યાર્થીઓને બાળારાજાએ પોલીસ, ઈજનેર, વકીલ, ડૉકટર, હવાઈચાલક વગેરેની ડિગ્રી આપી દીધી. ને બધા જ બાળકો ખુશ થઈને બાળારાજાની જય બોલાવતા હતા.

બીજા દિવસે જે-જે છોકરાઓએ ડિગ્રી લીધી હતી તે બધા જ પોતપોતાના કામે લાગી ગયા. વકીલ કોર્ટમાં બધા પેપર લઈને ગયો પણ તેને કાયદા-કાનૂન ખબર ન હોવાથી કંઈ જ ન આવડ્યું. હવાઈચાલકે પ્લેન કાઢ્યું, બધાને કહ્યું, ચાલો બધા જ મારા પ્લેનની અંદર બેસી જાવ. બધા તેના વિમાનની અંદર બેઠા. વિમાન ચલાવતા ન આવડતું હતું. તેથી તેણે એક બટન દબાવ્યું અને વિમાન થોડે ઊંચે ઊડ્યું અને ધડામ ... કરતું નીચે પડી ગયું. અંદર બેઠેલા બધાને ઈજા પહોંચી. વિમાનને પણ નુકસાન થયું.

માણસોને ઈજા પહોંચવાથી ડૉકટરને બોલાવવામાં આવ્યા. ડૉકટર આવ્યા. પણ તેને કંઈ જ કરતા ન આવડતું હતું. તો બચાવે તો કઈ રીતે બચાવે? આમ કરતાં-કરતાં ભણ્યા વગર કામે લાગ્યા હતા તે બધા હેરાન થઈ ગયા. કોઈને પણ કશું જ ન આવડે. બધાએ બાળારાજાને ન્યાય માંગવા કહ્યું અને નક્કી કર્યું કે આપણે ન્યાય લઈને જ રહીશું.

થોડીવારમાં બાળારાજા આવ્યા. બધા બાળારાજા ઉપર રાડો પાડતા હતા. અને કહ્યું

કે બધી જ શાળાઓ ચાલુ કરાવો. અમે ભણ્યા વગર શું કરીશું? અમને કંઈ જ નહીં આવડે અને બધાએ બૂમો પાડી. બાળારાજા મુર્દાબાદ ... બાંળારાજા મુર્દાબાદ ...

અને નક્કી કર્યું કે આપણે બધા ભણીશું જ. બધા બાળારાજાને મારવા લાગ્યા. બાંળારાજા બચાવો-બચાવોની બૂમો પાડવા લાગ્યા.

એવામાં શાળાનો સમય થઈ ગયો હોવાથી મમ્મી રૂપેનને ઉઠાડવા આવી. રૂપેન બચાવો ... બચાવોની બૂમો પાડતો હતો. નીંદરમાં પણ તેને પરસેવો વળી ગયો હતો. મમ્મીએ પૂછ્યું શું થયું? રૂપેને આવેલા સ્વપ્નની બધી જ વાત કરી. અને નિયમ લીધો કે હવે હું રોજ વહેલો ઊઠીને આળસ કર્યા વગર મહેનતથી ભણીશ.

રૂપેન પહેલાં ખૂબ જ આળસુ હતો. તેની મમ્મી તેને સવારે ૭.૦૦ લાગે ઉઠાડે, ત્યારે ઊઠીને તે પાછો ચાદર ઓઢીને સૂઈ જતો. રોજ ૯.૦૦ વાગે ઊઠતો. પરંતુ હવે તે ૭.૦૦ વાગે ઊઠી વાંચવા બેસી જતો. અભ્યાસ કરવો હવે તેને ગમવા લાગ્યો હતો. એક જ મહિનાની અંદર તેણે બધાં પુસ્તકો વાંચી નાખ્યા હતાં. તેને કુસંગી મિત્રોનો સંગ પણ છોડી દીધો હતો અને આળસ તો સાવ દૂર કરી દીધી હતી. સ્વપ્નમાંથી તે શીખ્યો હતો કે ભણીશ નહીં તો મારું કંઈ જ કામ નહીં થાય. માટે, ભણવામાં વધારે ધ્યાન દેતો. હવે તેને રાક્ષસરાણી દેખાતી ન હતી. પરંતુ હજુ તેના મનમાંથી રાક્ષસરાણીનો ડર દૂર થયો ન હતો.

એક સવારે મમ્મીએ રૂપેનને જગાડ્યો. રૂપેન ઊઠીને થોડી જ વારમાં પાછો સૂઈ ગયો. થોડીવારમાં તેનું માથું ઊંચકી કોઈએ ખોળામાં લીધું. તેને થયું કે મમ્મી હશે. થોડીવાર પછી કોઈએ ધીમે રહીને તેના માથા પરથી ચાદર ખસેડી. રૂપેને ધીમે રહીને આંખ ખોલી અને તેના મોઢામાંથી ચીસ નીકળી ગઈ, 'બચાવો...' કારણ કે રાક્ષસરાણી તેની સામે હતી. તે કૂદીને ઊભો થઈ ગયો. રાક્ષસરાણી તેને પકડે તે પહેલાં તે તેની બાજુમાં પડેલાં પુસ્તકોને વાંચવા લાગ્યો. તરત જ રાક્ષસરાણી અલોપ થઈ ગઈ. રૂપેનનું જીવન હવે બદલાઈ ગયું હતું. તે રોજ સવારે વહેલો ઊઠી જતો. નાહી, ધોઈ અભ્યાસ કરતો. ટી.વી. જોવાનું પણ બંધ થઈ ગયું હતું. કુસંગી મિત્રોની સંગત પણ દૂર થઈ ગઈ હતી. હવે વધુમાં વધુ સમય તે અભ્યાસ કરવામાં પસાર કરતો હતો.

એક સાંજે રૂપેન પોતાના રૂમમાં બેસી અભ્યાસ કરી રહ્યો હતો. ત્યાં અચાનક તેની નજર દરવાજા તરફ પડી. તે એકદમ ચોંકી ગયો. રાક્ષસરાણીએ દરવાજામાંથી પ્રવેશ કર્યો. રૂપેને તરત જ પુસ્તક હાથમાં પકડી લીધું. પરંતુ આ વખતે ગજબ થઈ ગયું. પુસ્તકની કોઈ અસર રાક્ષસરાણીને થઈ નહિ. રાક્ષસરાણીએ રૂપેનને પકડવા હાથ લાંબો કર્યો. રૂપેને ગભરાઈને આંખો બંધ કરી દીધી. રાક્ષસરાનીએ રૂપેનના માથા પર હાથ મૂક્યો. તે ધીમેધીમે રૂપેનના માથા પર હાથ ફેરવવા લાગી. એટલે રૂપેનને આશ્ચર્ય થયું! આ હાથનો સ્પર્શ એકદમ કોમળ હતો. હાથ એકદમ રેશમ જેવા સુંવાળા લાગતા હતા. તેણે ધીમે રહીને આંખો ખોલી. તે એકદમ અચંબામાં પડી ગયો. તેની સામે રાક્ષસરાણી

નહિ, પરંતુ એક દેવી સમાન સ્ત્રી ઊભી હતી.

દેવી સ્વરૂપે સ્ત્રીએ સુંદર આભૂષણો, મુગટ, સુંદર વસ્ત્રો પહેર્યા હતા. રૂપેને ડરતાં-ડરતાં તેમને પૂછ્યું, 'તમે કોણ છો?' ખૂબ જ કોમળ સ્વરે જવાબ આપ્યો, 'પરીક્ષાદેવી' છું. રૂપેને પૂછ્યું, 'પરીક્ષાદેવી?' તો પેલી રાક્ષસરાણી ક્યાં ગઈ? દેવીએ હસતાં-હસતાં જવાબ આપ્યો, 'રૂપેન! જે બાળકો નિયમિત અભ્યાસ નથી કરતા, ટી.વી. જોવા પાછળ સમય બગાડે છે. કુસંગી મિત્રોની સાથે રહે છે. આખો દિવસ રમ્યા જ કરે, ચોરી કરે, જૂઠ્ઠુ બોલે, મમ્મી-પપ્પાનું ન માને, તેમની સામે બોલે, બધી જ વાતમાં આળસ કરે, સાવ મોડા ઉઠે, વગેરે કુસંગી લક્ષણો હોય તેને તે રાક્ષસરાણી ડરાવે અને કડક સજા પણ આપે. અને જે બધા આ કુસંગનો ત્યાગ કરે તેના માટે હું પરીક્ષાદેવી છું અને હંમેશા મદદરૂપ થાઉં છું.

ત્યારબાદ પરીક્ષાદેવી રૂપેનને શિખામણ આપતા કહે છે કે આપણે ક્યારેય આળસ ન કરવી. આળસ કરીએ તો બધા જ કામ અધૂરા રહી જાય. ભવિષ્યમાં આપણે કંઈક કરી બતાવવું હોય, પૈસા કમાવા હોય તો ભણવું તો પડે જ. માતા-પિતા આપણને ભણાવે તો આપણે ધ્યાન દઈને શાળામાં ભણવું. બહાના ન કાઢવા, પરીક્ષા સમયે બધી જ તૈયારી કરીને જવું, ચોરી પણ ન કરવી અને બીજાને ચોરી કરવા પણ ન દેવી. અને પછી કહ્યું રૂપેન, મારી આ શિખામણ તું હમેશ માટે યાદ રાખજે, તો જીવનમાં તું ખૂબ જ પ્રગતિ કરીશ, 'એવું મારું વરદાન છે.' રૂપેન તરત જ પરીક્ષા દેવીનાં ચરણોમાં પડી ગયો. પરીક્ષાદેવી રૂપેનને આશીર્વાદ આપી અદૃશ્ય થઈ ગયાં.

રૂપેને પણ ખૂબ જ મહેનત શરૂ કરી દીધી. તે પહેલાં ઠોઠ વિદ્યાર્થી ગણાતો. પણ પરીક્ષાદેવીના આશીર્વાદ અને પોતે જાતે મહેનત કરવાથી તે કલાસમાં પણ પ્રથમ આવવા લાગ્યો. તે પ્રથમ આવતો તેથી બધાને ખૂબ જ ખુશી થતી અને બધા વડીલો તેને આશીર્વાદ આપતા. અને તેને આળસ તો છોડી જ દીધી હતી. અને ટી.વી. જોવામાં ક્યારેય સમય બગાડતો ન હતો અને કુસંગી મિત્રો સાથે પણ ન રહેતો. પછી તો તેના બધા સારા અને હોંશિયાર મિત્રો બની ગયા હતા અને શાળામાં તેની પ્રતિષ્ઠા પણ વધી ગઈ હતી. તે સંસ્કારી બની ગયો હતો.

બોધ : શું આપણને પરીક્ષાનો ડર લાગે છે? જો 'હા' તો પરીક્ષાના ડરરૂપી રાક્ષસરાણીને ભગાડવા પુરુષાર્થરૂપી હથિયાર ચલાવો. રૂપેનને જેમ સ્વપ્ન દ્વારા જાણ થઈ તેમ આપણે પણ સારાની સોબત કરી મોટાનું માર્ગદર્શન લેવું અને આળસ છોડવી ને મહેનત કરવી.

''પુરુષાર્થ + પ્રાર્થના = સફળતા.''

''પુરુષાર્થી લલાટે જે રીતે પ્રસ્વેદ પાડે છે,<br>
ઘણા પ્રારબ્ધને જળ છાંટીને એમ જગાડે છે.''

## ૧૧. ચતુર કોણ?

(આસરા અલ્તાફભાઈ વ્હોરા, ધોરણ-૮, શ્રી એસ.જી.બ્રહ્મભટ્ટ બધિર વિદ્યાવિહાર, નડિયાદ)

જંગલ વચ્ચેથી એક નદી વહે. એક સિંહ નદીને આ કાંઠે રહે. એક શિયાળ નદીને સામે કાંઠે રહે. નદીની સાંકડી જગ્યાએ પાણી પીવા બંને લગભગ એક જ સમયે આવે.

સામસામે કાંઠેથી બેય એકબીજાને જુએ. શિયાળ સિંહથી ડરે નહિ. પણ સાવધાન રહે. સિંહને એનો ખટકો. એક દિવસ સિંહ પાણી પીવા આવ્યો. આજે તો શિયાળને ખાઈ જ જઈશ એવું સિંહે નક્કી કર્યું. થોડીવારમાં શિયાળ આવ્યું. સિંહ તો જાણે એને દોસ્ત હોય એમ પ્રેમથી પૂછવા લાગ્યો, 'શિયાળભાઈ, આજ કેમ મોડા પડ્યા? તબિયત તો સારી છે ને?'

શિયાળ સિંહનો આશય સમજી શક્યું નહિ. એણે કહ્યું, 'આજે અમારી બાજુનાં બધાં શિયાળ ભેગા થયાં હતાં. તેથી જરા મોડું થયું.'

સિંહ કહે, 'જાતિભાઈઓ સાથે હળવું-મળવું બહુ જરૂરી છે. અરે, શિયાળભાઈ મેં સાંભળ્યું છે કે ગધેડાં તો બહુ સારું ગાય છે.'

શિયાળ કહે, 'ગધેડાને વળી ગીત સાથે શો સંબંધ? એના કરતાં તો અમે શિયાળ સારું ગાઈએ છીએ.'

સિંહ અચરજ પામતો હોય એમ કહ્યું, 'અરે, રોજ આપણે મળીએ છીએ, પણ મને આ વાતની ખબર જ નહિ!' શિયાળ ધીમે ધીમે સિંહની જાળમાં ફસાઈ રહ્યું હતું. તેણે તો ગાવા માંડ્યું : 'ઉવાં ઉવાં!'

સિંહ કહે, 'પણ શિયાળભાઈ, મેં એવું સાંભળ્યું છે કે સારું ગાનારા ગાય ત્યારે આંખો બંધ રાખે છે.'

શિયાળ કહે, 'હાસ્તો, તે વગર ગવાય જ નહિ.'

શિયાળે આંખો મીંચી ગાવાનું ચાલુ કર્યું. સિંહ નદીની સાંકડી જગ્યાએથી ઠેકડો મારીને આ કાંઠે આવ્યો અને શિયાળને પકડ્યું.

શિયાળ કહે, 'અરે, આવો દગો?'

સિંહ કહે, 'એમાં દગો શાનો? શિકાર કાંઈ સામેથી આવીને મારા મોંમા પેસે ખરો?'

શિયાળ નમ્ર બનીને બોલ્યું, 'તમે તો વનના રાજા કહેવાઓ. તમારા હાથે મરવાનું થાય એ તો ભાગ્ય કહેવાય. પણ આજે અમારી બાજુમાં શિયાળ ભેગાં થયાં ત્યારે કહેતાં હતાં કે સિંહ શિકારનો કોળિયો કરતાં પહેલાં ભગવાનનું ધ્યાન ધરે છે. સિંહ આંખો મીંચે એટલે એને ભગવાનનાં દર્શન થાય. શું આ સાચું છે?'

સિંહ કહે, 'તારી આ વાત સો ટકા સાચી છે. હું આંખ મીંચુ, ધ્યાન ધરું એટલે ભગવાન મારી સામે આવીને ઊભા રહે. તું મરતાં પહેલાં મારું ધ્યાન જોઈ લે.' સિંહ તો આંખો મીંચીને ભગવાનનું ધ્યાન કરવા લાગ્યો. સિંહ વીલે મોંએ શિયાળને નાસી જતું જોઈ રહ્યો. કહે છે ને, 'જે બીજાને ઠગવા જાય તે પોતે જ ઠગાય.'

## ૧૨. ઢાલ સોનાની કે ચાંદીની?

(તન્વી પ્રકાશભાઈ પ્રજાપતિ, ધો.-૮, શ્રી એસ.જી.બ્રહ્મભટ્ટ બધિર વિદ્યા વિહાર, નડીયાદ)

એક વાર એક સૈનિક ઘોડા ઉપર સવાર થઈને પશ્ચિમ તરફ જતો હતો. રસ્તામાં એને એક તલવાર અને ઢાલની વિશાળ કલાકૃતિ જોવા મળી. તલવાર સાથેની ઢાલની કૃતિ જોઈ એ વિસ્મય પામી બોલ્યો, 'અરે આ તો સોનાની ઢાલ છે!'

એ જ વખતે એક બીજો સૈનિક ઘોડા ઉપર સવાર થઈને પૂર્વ તરફ જતો હતો. તે પણ તલવાર અને ઢાલની આ વિશાળ કલાકૃતિ જોઈને બોલ્યો, 'અરે, આ તો ચાંદીની ઢાલ છે!'

પેલા સૈનિકે આ સાંભળ્યું અને એ તરત જ બોલી ઊઠ્યો, 'અરે મૂર્ખ, તને સોનાની ઢાલ ચાંદીની દેખાય છે?'

બીજા સૈનિક કહ્યું, 'મૂર્ખ તો તું જ છે કે ચાંદીની ઢાલને સોનાની કહે છે.'

પછી તો બંને સૈનિક વચ્ચે ઢાલની બાબતે બોલાચાલી થઈ અને વાત આગળ વધીને મારામારી સુધી પહોંચી.

એ જ વખતે વનદેવી પ્રગટ થયાં અને બોલ્યા, 'ભાઈઓ, તમારી વાત મેં સાંભળી છે. તમે બંને સાચા છો. ઢાલ બે બાજુથી દેખાય છે. તમે બંનેએ ઢાલની એક જ બાજુ જોઈ છે. તમે બંને તમારું સ્થાન બદલીને ઢાલ જોશો તો આ વાતની તમને ખાતરી થશે.'

વનદેવીના કહેવા પ્રમાણે બંને સૈનિકોએ પોતપોતાનું સ્થાન બદલી ઢાલની બીજી બાજુ જોઈ. જે સૈનિકને ઢાલ સોનાની દેખાતી હતી એ સૈનિકને ઢાલ ચાંદીની દેખાઈ અને જે સૈનિકને ઢાલ ચાંદીની દેખાતી હતી એ સૈનિકને ઢાલ સોનાની દેખાઈ.

બંનેને પોતાની ભૂલ સમજાઈ. ઢાલની બે બાજુ જુઓ નહિ ત્યાં સુધી સાચું શું છે એ જાણી શકાય નહિ.



## ૧૩. ગુરુજીના આશીર્વાદ

(બિપીનચંદ્ર વિષ્ણુભાઈ પંચાલ, શિક્ષક : દીવાન બલ્લુભાઈ પ્રાથમિક શાળા, કાંકરિયા, અમદાવાદ)

દેવશી ગોવિંદ પટેલિયા, ઉં.વ. ૬૨!!

હાથમાં એક નાની લાકડી!! એક ખાદીનો બગલથેલો!! ખાદીની એક કફની અને લેંઘો પહેરેલ. જિલ્લા સેવા સદનના બગીચામાં આવેલ એક બાંકડા પર બેઠા-બેઠા ચશ્માં લગાવીને અત્યારે જ લીધેલું એક છાપું વાંચી રહ્યા હતા. સવારના સાડા દસ થયા છે. જિલ્લા સેવા સદનમાં ચહલ-પહલ વધતી જાય છે. બગીચામાં બે સફાઈ કામદારો સફાઈ કરી રહ્યા છે. દૂર એક ખૂણામાં એક વ્યક્તિ લોનને પાણી પાઈ રહ્યો છે. સેવા સદનની બહાર શેરડીના ચિચોડાવાળો અને પડખે જ આવેલી ચા અને પાનની કેન્ટિન પર જિલ્લા સેવા સદનમાં કામ કરતા કર્મચારીઓ આવતા જાય છે એમ ટોળે વળતા જાય છે. બે-ત્રણ છાપામાં સમાચાર વાંચતા કેટલાક બેઠા હતા. ઘણા કર્મચારીઓના ગલોફામાં તમાકુના માવા ભરેલા છે. બાજુમાં જ એક ખુલ્લી જગ્યા થૂંકી થૂંકીને લાલચોળ થઈ ગઈ છે. અમુક કર્મચારીઓ મોઢામાં સળગતું મોત, એવી સિગારેટ અને બીડીને ભરપુર ખેંચી-ખેંચીને આસ્વાદ માણી રહ્યા છે. એની ઉપર એક પછી એક ધુમાડાના કશ હવામાં પ્રદૂષણ ઓકી રહ્યા છે. પડખે એક થાંભલા ઉપર સેવા સદન આરોગ્ય વિભાગનું એક મોટું બેનર લટકેલું છે. બેનરમાં લખેલું છે!!!

''જીવન પસંદ કરો અથવા તમાકું.''

''તમાકુ પ્રતિબંધિત વિસ્તાર. જિલ્લા સેવાસદન-જનહિતમાં જારી.''

દેવશી ગોવિંદ પટેલિયા આ બધું જોતા જોતા છાપામાં ધ્યાન પરોવી રહ્યા છે. અગિયાર વાગ્યા અને તે સેવાસદનનાં પગથિયાં ચડવા લાગ્યા. પહેલી વાર આવ્યા ત્યારે ઓફિસ ગોતવી પડી હતી. પણ હવે આ સત્તરમો ધક્કો હતો એટલે પગ પગથિયાંથી ટેવાઈ ગયા હતા!!! ચોથા માળે તે લોબીમાં પહોંચ્યા અને છેલ્લા ખૂણામાં બે જણા કશીક ચર્ચા કરતા હતા. દેવશી ગોવિંદને જોયા એટલે બે ય ઓફિસમાં જતા રહ્યા અને અંદર જઈને વધામણી ખાધી!!!

'જોશી દિવસ સુધરી ગયો. દેવશી ગોવિંદ મોટી વિકેટ આવે છે!! સત્સંગ માટે તૈયાર થઈ જાવ.'

વ્યાસ કહે, 'શું વાત છે જોશી .... મારે બેટો તારીખનો પાક્કો છે. આવા રેરેસ્ટ ઓફ ધ રેર કહી શકાય એવા આંગળીને વેઢે ગણાય એવા બહુ ઓછા બચ્યા છે. આવવા દો એને, આજે ય ધક્કો જ છે. ડીપીઈઓ સાહેબ તો આજે શિક્ષણમંત્રીની ટેલી કોન્ફરન્સમાં સભાખંડમાં છે અને નાયબ ડીપીઈઓ પણ આજે ઈનોવેશન ફેરમાં જવાના છે. આજે પણ દેવશી ગોવિંદને ધક્કો જ છે.'

દેવશી ગોવિંદ પ્રવેશદ્વારના બાંકડા પાસે બેઠા. એક ચબરખી કાઢી પોતાનું નામ લખ્યું. પટાવાળા ભાઈને આપ્યું અને અંદર આપવા જણાવ્યું. થોડીવાર પછી એમને અંદર આવવાનું કહ્યું. પ્રવેશદ્વારની જમણી સાઈડ એક ચેમ્બર હતી એની પર એક બોર્ડ લટકતું હતું.

''એચ.ટી.મહેતા.''

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી

પ્રવેશદ્વારની સામે જ એક કાચની એક અર્ધ કેબિન હતી. તેની પર તકતી હતી.

''યુએનપટેલ, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી.''

ઓરડામાં બે ય સાઈડ ટેબલ હતાં. બધાં ટેબલની ઉપર એક-એક પ્રિઝમ આકારનું લાકડું હતું. એની પર અલગ અલગ નામ લખ્યાં હતાં : સિનિયર કલાર્ક, બદલી વિભાગ, ઈન વર્ડ, આંકડા, પગાર અને પેન્શન!! વગેરે વગેરે !!

'હું બેસી શકું, સાહેબ??' જોશીની ખુરશી આગળ અદબપૂર્વક દેવશી ગોવિંદ ઊભા રહ્યા. જોશી પેન્શનનું કામ સંભાળતો હતો. જવાબમાં જોશીએ આંગળી ચીંધી ખુરશી તરફ દેવશી ગોવિંદ બોલ્યા, 'કેટલેક પહોંચ્યું મારા પેન્શનનું?'

'આજે સ્ટાફ ઓછો છે અને બંને સાહેબો બહાર ગયા છે. ચૌધરી પણ આજે એક જગ્યાએ જમવા ગયા છે. વાઘેલાને ઘેર સીમંતનો પ્રસંગ છે એટલે એ તો જાણે ત્રણ વાગ્યે આવશે. થોડી પૂર્તતા બાકી છે એટલે હજુ પંદર દિવસ લાગશે. મકવાણા પણ હજુ આવ્યો નથી. નહિંતર એની પાસે પૂર્તતા કરાવી લેત. પેન્શન શરૂ તો થઈ જશે, પણ થોડી વાર લાગશે!!!'

'થોડીવાર થોડીવાર કરતાં ચાર વર્ષ વીતી ગયા છે સાહેબ!!! મારા પછી નિવૃત્ત થનારા તમામના પેન્શન કેસ અને બધું ક્યારનુંય પતી ગયું છે. ફક્ત મારું જ બાકી રહી ગયું છે. તમે અત્યારે જોઈ લો ને પૂર્તતા કરી આપોને તો મારે ધક્કા ખાવા મટે.'

'અમે અહીં કામ કરવા જ બેઠા છીએ, મને કામ કરતાં આવડે જ છે, દેવશીભાઈ!! બહાર મોટું બોર્ડ ના જોયું - 'સેવાસદન'. સેવા કરવા માટેનું જ આ સદન છે. તમારી મેટર જ અમને મોડી મળી એમાં અમે શું કરી શકીએ?'

'એક વર્ષ તો તાલુકાવાળાએ ત્યાં રાખી અને દોઢ વર્ષ સુધી એલ એફમાં ફાઈલ પડી રહી. તમારે પહેલેથી જ ઉતાવળ રાખીને અહીં મોકલવાની જરૂર હતી પણ તમે રહ્યા ચીકણા માણસ, અમુક વહીવટમાં તમે ના માનો એટલે આવું થાય. કેટલા ધક્કા થયા? કેટલા વર્ષ થઈ ગયા? તમને કેટલું આર્થિક નુકશાન થયું? પણ ખેર જવા દો ... હવે આજે સ્ટાફ પૂરતો નથી અને આ કામ જેના અન્ડરમાં આવે એ પંડ્યા મેડિકલની રજા પર છે. એ આવે એટલે થઈ જશે. બસ, પછી તો સાહેબ સહી કરી દે એટલે થઈ જશે. તમારું રેગ્યુલર પેન્શન શરૂ થઈ જશે. પુરવણી છે એ પછી નીકળશે.'

'પણ તમે ચાર જણા તો છો. એમાંથી કોઈ એક આ કામ અત્યારે ના કરી શકે? વળી

સાવ નવરા જ બેઠા છો. તમે કશું જ નથી કરતા. કોઈ રજા પર જાય તો એનો હવાલો તો કોઈને સોંપીને જતા હશે ને? કરવું હોય તો અડધી કલાકનું પણ કામ નથી.' દેવશી ગોવિંદ બોલ્યા અને જોશીની સામે તાકી રહ્યા. જોશી વ્યાસની સામે જોઈને હસ્યો. વ્યાસ દેસાઈની સામે જોઈને હસ્યા. દેસાઈ ગોહિલની સામે જોઈને હસ્યા!

'અમે નવરા છીએ કે નહિ એ તમારે જોવાનું નથી. એક વખત કીધું ને કે તમારું કામ જેને કરવાનું છે એ આજ નથી એટલે નહિ થાય. તમારું કામ અમે માનવતાની દૃષ્ટિએ કરી દઈએ છીએ. બાકી હજી બીજા ચાર વર્ષ નીકળી જશે. તમે મને હજુ ઓળખતા નથી. આ જોશી શી ચીજ છે એ તમને હજુ ખબર નથી. ચાર વર્ષથી પેન્શનના ધક્કા ખાવ છો, તો હવે ઓફિસમાં કેમ વાત કરવી એ તમને આવડી જવું જોઈએ. આ તો તમારા સંઘના પ્રમુખ કાનજીભાની ભલામણ છે એટલે કામ હાથ પર લીધું છે. બાકી તમારો પેન્શન કેસ ક્યાંય કચરા ટોપલીમાં જતો રહ્યો હોય અને નવેસરથી કરવો પડે, શું સમજ્યા??!! તમને શુદ્ધ ગુજરાતીમાં કીધું છે તો ય મગજમાં નથી બેસતુ કે પંડ્યા આવશે પછી જ મેળ પડશે? ૩૮ વર્ષ શિક્ષક તરીકે નોકરી કરી છે તો એટલું પણ સમજમાં નથી આવતું?'' જોશી ધગી ગયો. જોશી વાત વાતમાં ધગી જતો. જોશીને ડાયાબિટીશની સાથે બી.પી.ની તકલીફ હતી. દરરોજ એ પચાસ ગ્રામ વજન જેટલા ટીકડા ખાતો, પણ તો ય બ્લડપ્રેશર કાબૂ બહાર જતું રહેતું!!

'શિક્ષક તરીકે નોકરી કરી છે એટલે જ કીધું. અમારે પણ શિક્ષકો નિશાળમાં ગેરહાજર હોય તો એની વ્યવસ્થા કરીએ જ છીએ. ગેરહાજર શિક્ષકના વર્ગના બાળકોને અમે કોઈ દિવસ એમ નથી કીધું કે તમે આજે ઘરે જતા રહો. તમારા સાહેબ આજે રજા પર છે. એક શિક્ષક હોય ને તો ય સાતેય ધોરણની વ્યવસ્થા થઈ જાય!!! અમે દરેક કામ કરીએ છીએ. કોઈ કામમાં શિક્ષકો ના નથી પાડતા. બસ અમારું કામ આવે એટલે બધાને બળ પડે છે. ખોટું કરાવવું નથી અમારે ... અમને અમારા હક્કનું મળવું જોઈએ. એ પણ સમયસર.' ઓફિસમાં બેઠેલા ચારે ય જણા કાળામેશ તો થઈ ગયા. બોલવું તો હતું પણ દેવશી ગોવિંદના ચહેરા સામું જોઈને કશું બોલી ના શક્યા. દેવશી ઊભા થયા અને સડસડાટ બહાર નીકળી ગયા!!!

દેવશી માસ્તરને હવે વટનો સવાલ થઈ ગયો. તાલુકાવાળા અને જિલ્લાવાળાએ એવું ચક્કર ચલાવ્યું હતું કે દેવશી માસ્તર તાલુકામાંથી જિલ્લામાં અને જિલ્લામાંથી એલ એફની કચેરીમાં અને વળી પાછા શાળામાં. ત્યાંથી તાલુકામાં ... આમને આમ ચાર વર્ષથી ચક્કર કાપતા આવ્યા છે!! પણ હરામનો કે લાંચનો કોઈને એક પૈસો દેવો નહિ કે હરામનો એક પૈસો લેવો નહિ એ સિદ્ધાંત એમણે હજુ સુધી જાળવી રાખ્યો હતો!!!

પણ આજે પહેલીવાર એ ઓફિસમાંથી બહાર આવતાં ગુસ્સાથી ધમધમી રહ્યા હતા. ચોથા માળેથી એ દાદરા ઊતરતાં ઊતરતાં ધ્રૂજી રહ્યા હતા. હવે એમનું કામ એક જ કાગળ પર અટક્યું હતું અને એ કામ કરનાર પંડ્યા આજે રજા પર હતો. નહિંતર આજે થઈ

જાત!! મન આખું પહેલીવાર ગૂંગળાઈ રહ્યું હતું. દાદર ઉતરીને એ ગ્રાઉન્ડ ફલોર પર આવી રહ્યા હતા. ત્યાં સામેથી ત્રણ ઓફિસર સાથે ત્રીસેક વર્ષની યુવતી ચાલી આવતી હતી. યુવતીની દેવશી માસ્તર સામે નજર મળી. એ યુવતી રોકાઈ અને પૂછ્યું, 'કોઈ કામ હતું? કાંઈ કામે આવ્યા હતા?'

દેવશી માસ્તર ઘડીક એની સામે જોઈ રહ્યા અને બોલ્યા, 'કામ આજકાલનું નથી. ચાર વર્ષથી પેન્શન માટે ધક્કા ખાઉં છું. અને અહીં કામ વગર કોણ આવે? પણ જે કામ હતું એ ભાઈ તો બહાર ગયા છે. આજે મેળ નહીં પડે એમ કીધું છે.'

પેલી યુવતી દેવશી માસ્તર સામે લાગણીથી જોઈ રહી હતી અને બોલી, 'આવો મારી ઓફિસમાં. તમારું કામ આજે જ પતી જશે.' તો ય દેવશી માસ્તર ત્યાં ઊભા જ રહ્યા. યુવતીની સાથે એક યુવાન પણ હતો એ બોલ્યો, 'દાદા, આ છે દર્શાબેન પેથાણી!!! ડીડીઓ સાહેબ છે!!! ચાલો તેમની સાથે ઓફિસમાં.' અને દેવશી માસ્તર તેમની ઓફિસમાં ગયા. ઓફિસની બહાર એક નેઈમ પ્લેટ હતી. ત્યાં લખ્યું હતું.

દર્શાબેન આર. પેથાણી – ડીડીઓશ્રી

દર્શાબેન રમેશભાઈ પેથાણી...! મૂળ તો દાહોદ બાજુના. જીપીએસસી પાસ કરીને વર્ષ પહેલા નાયબ ડીડીઓ બનેલા. ડીડીઓ તરીકેનું પ્રમોશન મેળવીને પંદર દિવસ પહેલાં જ અહીં હાજર થયેલા હતા અને આજે એમને ગ્રાઉન્ડ ફલોર પર જ દેવશી માસ્તર ભેગા થઈ ગયા!!!

'બેસો આ ખુરશી પર.' દર્શાબેને કહ્યું અને દેવશી માસ્તર ડીડીઓ સાહેબની આગળ ગોઠવાઈ ગયા. પાણી અને ચા પીધા પછી વીસ જ મિનિટમાં આખી વાત જાણી લીધી. દેવશીભાઈ વાત કરતા ગયા અને ડીડીઓ સાહેબ સાંભળતા ગયા. બધી વાત સાંભળ્યા પછી દર્શાબેને પોતાના મોબાઈલ દ્વારા દેવશી માસ્તરનો એક ફોટો લીધો, એમની જાણ વગર અને પોતાના પીએને બોલાવીને કહ્યું, 'માસ્તર દેવશીભાઈને તમારી કેબિનમાં બેસાડો. એમના નાસ્તાની વ્યવસ્થા કરો. બે કલાકમાં એમનું કામ પતી જશે.'

દર્શાબેને દેવશીભાઈ સામે હાથ જોડ્યા અને કહ્યું, 'તમારા કામમાં જે બેદરકારી થઈ છે એ હું સ્વીકારું છું. તંત્ર વતી એની માફી માગું છું પણ તમને ખાતરી આપું છું કે આજનું તમારું તમામ કામ આજે જ પતી જશે.'

જવાબમાં દેવશી માસ્તરે બે હાથ જોડ્યા અને કહ્યું, 'તમારો આભાર બેનબા સાહેબ! તમારો ખૂબ ખૂબ આભાર!' પીએ દેવશી માસ્તરને બાજુના રૂમમાં લઈ ગયો. જેવા દેવશી માસ્તર પીએ સાથે ગયા કે દર્શાબેનની આંખમાંથી એક આંસુ પડ્યું. તેમણે મોબાઈલમાં વોટ્સએપ ખોલીને પોતાના પતિ જે ગાંધીનગરમાં સેકશન ઓફિસર હતા એને દેવશી માસ્તરનો હમણાં જ લીધેલો ફોટો મોકલ્યો. ફોટો સેન્ડ કર્યા પછી તેમણે

પોતાના પતિને ફોન કર્યો.

'હેલ્લો, દર્શન ... હું તમને અવારનવાર વાત નહોતી કરતી કે આજથી વર્ષો પહેલાં એક સાહેબે મને ભણતરની ભૂખ લગાડી હતી. જેના કારણે જ હું આજે આ હોદ્દા પર છું. એ મારા ગુરુજી આજે મને અહીં સેવા સદનમાં મળી ગયા છે. નિવૃત્ત થયા પછી ચાર વર્ષ વીતી ગયા છે. એમનો પેન્શન કેસ ટલ્લા ખાય છે. દર્શન, મેં એમનો ફોટો મોકલ્યો છે. તમે જોઈ લેજો. હજુ હમણાં જ મારી ચેમ્બરમાં એ હતા. હું એમને ઓળખી ગઈ છું પણ એ મને નથી ઓળખી શક્યા!!! અને ઓળખે પણ ક્યાંથી, ઘણો સમય વીતી ગયો ને?'

દર્શાબેનના પતિએ કહ્યું, 'પણ પછી તેં ઓળખાણ આપી કે નહીં?'

'ના, હું ઓળખાણ નહીં આપું અને વગર ઓળખાણે એમનું કામ થઈ જશે. મને હજુ પણ એ ગુરુજીના શબ્દો યાદ છે જે અમને અવારનવાર પ્રાર્થના સભામાં કહેતા કે કોઈની ઉપર તમે ઉપકાર કરો તો એ જણાવો નહિ. જણાવ્યા વગર કરેલો ઉપકાર એ જ સાચું કર્તવ્ય છે. જીવનમાં જ્યારે પણ તમે સારા હોદ્દા પર હો અને કોઈનું કામ કરો ત્યારે એ વ્યક્તિને એવું ના જણાવો કે તમે કરેલા ઉપકારના બદલામાં હું આ કામ કરું છું. આવું કરવાથી તમે કરેલા કામનો આનંદ જતો રહે છે. એમણે જે કામ કર્યું છે મારા માટે એનું ઋણ તો હું ક્યારેય નહીં ચૂકવી શકું. અત્યારે ઓળખાણ કાઢીને હું એમનું એ ઋણ જરા પણ ઓછું કરવા નથી માંગતી. બસ એમણે એ વખતે આશિષ આપેલા અને આજે પણ આશિષ આપશે. એ જ મારું મોટામાં મોટું ઈનામ હશે.' કહીને દર્શાબેન ડીડીઓશ્રી ભાવુક બની ગયાં અને આજથી વર્ષો પહેલાંના એ ભૂતકાળમાં ખોવાઈ ગયાં. જ્યારે એની ઉંમર સાત વર્ષની હતી. પોતે પોતાના પિતાજી સાથે સૌરાષ્ટ્રમાં મજૂરીએ આવેલાં હતાં. પોતાના માતાપિતા સાથે એક રોડ કાંઠાના ખેતરમાં રહેતાં હતાં. દર્શાબેને આંખો મીંચી દીધી અને એમાં એમને દેવશી માસ્તરની સાયકલ દેખાણી!!

રમેશભાઈ પેથાણી ખેતીના કામ માટે એક ગામમાં આવેલા. રોડ કાંઠાના એક ખેતરમાં એક નાનકડા મકાનમાં એ પોતાની એકની એક દીકરી દર્શા અને પત્ની રમીલાની સાથે રહેતા હતા. દેવશી માસ્તર એ વખતે એ ગામમાં નોકરી કરતા અને સાઈકલ લઈને નિશાળે જાય. ગામ બે કિલોમીટર જેટલું દૂર હતું. અષાઢ મહિનામાં એક વખત જોરદાર વરસાદ પડેલો અને દેવશી માસ્તર સાઈકલ લઈને પાંચ વાગ્યે નિશાળેથી નીકળ્યાં. આગળનું એક નાળું પાણીથી બરાબર ભરાઈ ગયેલું. સાઈકલ જ્યાં સુધી પાણી ઓછું ના થાય ત્યાં સુધી આગળ જઈ શકે એમ નહોતી. હવે વરસાદ વધ્યો અને દેવશી માસ્તરે બાજુની વાડીમાં આશરો લીધો. ત્યાં આ દર્શા અને એનો પરિવાર રહેતો હતો.

રમેશભાઈએ ચા બનાવી. દેવશી માસ્તરે પીધી અને પૂછ્યું, 'આ છોડીને નિશાળે

નથી મૂકવી? તમે તો ના ભણ્યા, પણ આ છોડીને ભણાવો. એની આંખમાં મને શિક્ષણની ચમક દેખાય છે.'

'અમે વાડીમાં રહેનારા .. વળી નિશાળ ખૂબ જ આઘી પડે. અમને ભણવાનું થોડું પોહાય? વળી નિહાળમાં જન્મતારીખના દાખલા માંગે. એ અમારી પાસે હોય નહિ. ગામની છોકરીઓને અમારા જેવી ગરીબની છોકરીઓ હારે ન ફાવે. અમારે તો ભલી મજૂરી ને ભલો અમારો દેશ. અહીં ક્યાં કાયમ રહેવાનું છે!' રમેશભાઈએ પોતાની વાત રજૂ કરી.

'ઈ બધુંય થઈ રેશે! કાલ દસ વાગ્યે છોડીને તૈયાર રાખજે. હું આ ગામમાં જ શિક્ષક છું. તારી છોડીને નિશાળે લેતો જઈશ. અને સાંજે પાછો વાડીના શેઢે મૂકતો જઈશ. આનો ભાર મને નહીં નડે!!' દેવશી માસ્તરે કહ્યું.

બીજા દિવસે દેવશીભાઈ વાડી પાસે ઊભા રહ્યા. પણ રમેશભાઈએ દર્શાને ભણાવવાની ના પાડી દીધી. માંને એ દેવશી માસ્તર શેના!! દેવશી માસ્તર રમેશભાઈ અને રમીલાને કહે, 'તમને જેમ જમીન કે પાક જોઈને કેટલી ઉપજ આવશે એનો અંદાજ હોય એમ અમે નાના છોકરાંને જોઈને કહી દઈએ કે ભવિષ્યમાં આ કેટલી પ્રગતિ કરશે. મારું માનો તો તમે બેય ધણી-ધણિયાણી આ દર્શાને ભણાવો!!! એની આંખમાં મને અનેરી હૈયા ઉલકત દેખાય છે!' આટલું કહીને એ જતા રહ્યા. દર્શાની આંખમાં અનેરી ચમક આવી ગઈ.

પછીના દિવસે દસ વાગ્યે નાહી-ધોઈને તૈયાર થયેલ બે ચોટલાવાળી દર્શા રોડ પર એની માતા સાથે ઊભી હતી. દેવશી માસ્તર તો રાજીના રેડ! ખિસ્સામાંથી એક ચોકલેટ કાઢીને દર્શાને આપી. રમીલાએ દર્શાને માથે હાથ મૂકીને કહ્યું, 'જો બેટા, તારી કોઈ ફરિયાદ નહિ આવવી જોઈએ. દેવશી સાહેબ જેમ કહે એમ કરવાનું.' દેવશી માસ્તરની સાઈકલ ચાલી. સાઈકલના પૈડાંની ગતિ વધી જાણે કે દર્શાના ભાગ્ય ચક્રની ગતિ વધી!

દર્શા આવી નિશાળે. અટકળે જન્મતારીખ નાખીને દર્શાને પહેલા ધોરણમાં દાખલ કરી. પહેલા ધોરણના વાલી ફોર્મમાં રમેશભાઈની સહી લીધી ત્યારે દેવશીભાઈ બોલ્યા, 'રમેશ, યાદ રાખજે. આ તેં જે અંગૂઠો માર્યો છે આ ફોર્મ પર એ ખાલી અંગૂઠો જ નથી. પણ તારી દીકરીના ભવિષ્ય પર તેં સોનાની મહોર મારી છે.'

બસ પછી તો દર્શાના ભણવાનો સીલસીલો શરૂ થયો. રોજ દેવશીભાઈની સાઈકલ સાથે દર્શાનું પણ અપડાઉન શરૂ થયું. બપોરે દેવશીભાઈ પોતાના ટિફીનમાંથી એને જમાડે! થોડું ઘણું મધ્યાહ્ન ભોજનનું પણ દર્શા ખાઈ લે. દર્શા ભણવામાં હોંશિયાર નીકળી. દરરોજ સાંજે રમીલા રાહ જોતી ઊભી હોય. સાઈકલ ઉપર દૂરથી એ પોતાની દીકરીને આવતી જુએ. સાઈકલ રસ્તા પર ઊભી રહે. રમીલા પરાણે શાકની થેલી દેવશીભાઈને આપી દે. દેવશી માસ્તરની સાઈકલ ચાલે અને રમીલા સાથે જતી દર્શા દેવશી સાહેબ સામે

હાથ હલાવતી હોય!! આ રોજનો ક્રમ બની ગયો!!

છ વર્ષ સુધી આમ ચાલ્યું અને પછી રમેશભાઈ વતનમાં જવા રવાના થયા. દર્શાએ છઠ્ઠું ધોરણ પાસ કરી લીધું હતું. જતી વખતે દેવશીભાઈએ કીધેલું. 'તમે દર્શાને ત્યાંની નિશાળમાં ભણાવજો. આનું મગજ તેજ છે. બધું જ યાદ રહી જાય છે! છોકરીઓ માટે બધું જ શિક્ષણ મફત છે. તેમ છતાં કાંઈ જરૂર પડે તો આ મારું સરનામું છે પૈસા મંગાવી લેજો. અત્યારે આટલા આપું છું.' કહીને પરાણે ૫૦૦/- રૂપિયા આપેલા.

દર્શા દેવશીભાઈને પગે લાગી. દેવજીભાઈએ આ આશીર્વાદ આપેલા, 'ખૂબ ભણજે બેટા. સહુની સેવા કરજે ... માતાપિતા તને જરૂર આગળ ભણાવશે. તું ય સુખી થજે અને સહુને સુખી કરજે!!' અને દેવશીભાઈની સાઈકલ ચાલતી થઈ. ક્યાંય સુધી દર્શા એને જોઈ રહી હતી.

બસ પછી તો વતનમાં આવીને દર્શાને દસ અને બાર ધોરણ પૂરું કર્યું. કોલેજ કરવા એ હોસ્ટેલમાં ગોધરા ગઈ. કોલેજ કર્યા પછી એણે સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવા લાગી. ચાર વર્ષ પછી એ જીપીએસસી પાસ થઈ. દેવશી માસ્તર સાથે પછી ક્યારેય મેળાપ થયો જ નહીં.

દર્શાબેને આંખો ખોલી. મોંઢા પર પાણી છાંટીને એ સ્વસ્થ થયાં. પોતાના પીએને બોલાવીને એમણે શિક્ષણ શાખામાં જેટલા હાજર હોય એટલાને બોલાવીને લાવવા કહ્યું.

સેવા સદનમાં ખ્યાલ તો આવી જ ગયો હતો કે ડીડીઓશ્રી પાસે દેવશી માસ્તર બેઠા છે એટલે શિક્ષણ શાખા ખુલાસા સાથે તૈયાર જ હતી. જોશી, વ્યાસ, દેસાઈ, ગોહિલના ધબકારા ઓલિમ્પિકની દોડમાં પ્રથમ આવેલા ખેલાડીના ધબકારા જેટલા જ ચાલી રહ્યા હતા!! એમાં ડીડીઓ સાહેબનું તેડુ આવ્યું!! બધા મારતી ઘોડીએ આવી પહોંચ્યા. તંત્ર સફાળું જાગ્યું હોય એવો ઘાટ થયો!!

'શું છે આ દેવશી માસ્તરના પેન્શનની મેટરનું? એવી તે કઈ વહીવટી આંટીઘૂંટી છે કે ચાર વર્ષ વીતી ગયા તેમ છતાં આ ફાઈલનો મોક્ષ નથી થતો? એક પછી એક વિભાગમાં આ ફાઈલ ભટક્યા કરે છે. શ્રીમાન દેવશીભાઈ એક સંનિષ્ઠ શિક્ષક તરીકે નિવૃત્ત થયા છે. એમની કોઈ ખાતાકીય તપાસ ચાલે છે? નહીં ને? તો પછી આટલા વિલંબનું કારણ જાણી શકું? આ સેવાસદન છે, કોઈ મેવા સદન તો છે નહિ? બોલો આ વિશે આપ સહુ મહાશયોનું શું કહેવું છે?' ડીડીઓ સાહેબા હવે બરાબરના ગરમ થયા હતા.

'સાહેબ એમાં એવું છે ને કે દેવશીભાઈનું વર્તન બરાબર નથી. એ અહીં આવતા ત્યારે ઉદ્ધતાઈથી વર્તન કરતા. ફાઈલમાં કાગળો પણ પૂરતા નહોતા' વ્યાસ બોલ્યા.

જવાબમાં દર્શાબેને પોતાની પાછળની બારી ખોલી અને કહ્યું, 'સામે દેખાય છે એ લીમડાનું ઝાડ તમે જુઓ. એની ડાળીઓ, એનાં પાન, એનાં ફૂલ, એનાં ફળ લીંબોળીને એના મૂળ વિશે ફરિયાદ કરવાનો કોઈ હક ખરો? એ મૂળ થકી જ આ ડાળીઓ, પાન, ફૂલ

અને ફળનું અસ્તિત્વ છે ...! મૂળ સારાં હોય તો જ ઝાડનો વિકાસ થાય છે, એમ આ સમાજરૂપી વૃક્ષમાં શિક્ષકો અથવા ગુરુજનો એ મૂળિયાં છે. તમે બધા આ ઓફિસમાં એશોઆરામથી જિંદગી વિતાવી રહ્યા છો એનું કારણ તમારા કોઈને કોઈ ગુરુજનો છે. તમે બધા મારા કરતાં ઉંમરમાં મોટા છો પણ આટલી સાદી વાત તમને સમજાતી નથી. હું તો કદાચ તમને નોટીસ આપું કે એક-એક ઈજાફ અટકાવું. પણ તમારા અંતરઆત્માને પૂછી જુઓ, તમે જે ખેલ ખેલી રહ્યા છો એમાં તમારો આત્મા દુભાતો નથી? તમને અંતરમાં દુઃખ થતું નથી? જાવ હવે, તમારી પાસે બે કલાકનો સમય છે. મારે કશું જ નથી સાંભળવું. દેવશીભાઈ ગોવિંદભાઈ પટેલિયાનો પેન્શન કેસ ક્લિયર જોઈએ. હું હિસાબી અધિકારીને કહી દઉં છું. ચેક બે કલાકમાં નીકળી જવો જોઈએ. જ્યાં સહીની જરૂર પડે ત્યાં હું કરી દઈશ. કોઈ વહીવટ બાકી હોય તો એ રકમ હું તમને આપી દઈશ.''


ચારેયમાંથી કોઈ કશું જ બોલ્યું નહિ. સહુ કામે વળગ્યા. મનમાં ખુશ થતા હતા કે ચાલો આ દેવશીભાઈના પેન્શનની મેટર પતી જાય તો હવે પછી નિયમ લેવો છે કે કોઈનો પેન્શન કેસ વગર કારણે તો બાકી રાખવો જ નહિ!

બે કલાક પૂરા થવામાં થોડીવાર હતી. ત્યારે જ દેવશીભાઈ માસ્તરને પેન્શનની તમામ પુરવણીનો ચેક આપવામાં આવ્યો. ફાઈનલ આદેશ પણ એમને હાથોહાથ આપવામાં આવ્યો. દેવશીભાઈ સાહેબનું ગળું ભરાઈ આવ્યું. એમણે દર્શાબેન સામે બે હાથ જોડ્યા.

ડીડીઓશ્રી દર્શાબેન બોલ્યા, 'દેવશીભાઈ તમે આજીવન શિક્ષક છો! શિક્ષક જ્યારે સમાજ સામે કે સરકારી તંત્ર સામે હાથ જોડે એ બરાબર ના કહેવાય! એ તંત્ર કે સમાજની લાપરવાહી છે. બાકી સમાજના બે હાથ જ્યારે શિક્ષકના માન-સન્માન માટે જોડાય ત્યારે એ સમાજ કે દેશનું ભાવિ ઉજ્જવળ બને છે.' આટલું કહી દર્શાબેને પોતાના ગુરુજીના ચરણમાં વંદન કર્યા.

'ભગવાન સહુને તમારા જેવી સમજણ આપે. જીવનમાં આપ ખૂબ જ પ્રગતિ કરો. ખૂબ જ સુખ, શાંતિ અને સમૃદ્ધિ મેળવો. આપની કીર્તિ અને પ્રતિષ્ઠામાં ઉત્તરોત્તર વધારો થાય.' આમ કહીને દેવશી માસ્તર લાકડીને ટેકે પીઠ ફેરવીને ચાલતા થયા ...''

પોતાના ગુરુજીના આશિષ મેળવીને ડીડીઓ દર્શાબેન ફરીથી ધન્ય થઈ ગયા!! જીવનમાં બીજીવાર તેમને ગુરુજીના આશીર્વાદ પ્રાપ્ત થયા હતા!!!



# ૧૪. શિલ્પી : નવ સર્જનનો

(વિજયસિંહ લક્ષ્મણસિંહ આર્ય, શિક્ષક : અનગઢ ગ્રુપ પ્રા. શાળા, અનગઢ)

'વિશ્વરાજ' ... આર્યભૂમિ વિદ્યાલયનું કુખ્યાત નામ. પ્રિન્સિપાલથી લઈ પટાવાળા, કે.જી.થી લઈ ધો.-૧૨ બધા તેને ઓળખે. ધમાલ, મસ્તી, તોફાનનો પર્યાય એટલે વિશ્વરાજ. બધાને 'ફૂલ' બનાવતો એપ્રિલ માસ તેના માટે બારેમાસ ચાલતો. રોજ કોઈનું કોઈ મૂર્ખ બને, શિક્ષક યા બાળક. કલાર્ક વિનોદભાઈનું તો આવી જ બને! પણ તે કરે પણ શું? કેમ કે શાળાના માલેતુજાર ટ્રસ્ટીનો એકનો એક દીકરો છે વિશ્વરાજ, પછી ફરિયાદ કોને કરવાની? સમસ્ત શાળા તેનાથી ત્રસ્ત, પણ એ તો એની મસ્તીમાં જ મસ્ત.

શાળામાં 'સામાજિક વિજ્ઞાન' વિષયના નવા શિક્ષક હિરેન સર આવ્યા. આવતાં જ તેમને વિશ્વરાજનો પરચો મળ્યો. તેણે આચાર્યની ઓફિસની જગ્યાએ નવા સાહેબને શૌચાલયની સફર કરાવી. નવા આવેલા હિરેન સાહેબને અડધા દિવસમાં તો લગભગ અડધી પોણી શાળા તરફથી વિશ્વરાજથી સંભાળવાની અનેકવિધ સૂચનાઓ મળી ગઈ. આચાર્યશ્રીએ પણ આ એક જ વિદ્યાર્થીથી સાવચેત રહેવાની સૂચના આપી. હિરેન સરે પણ તેનાથી નહીં પણ તેને સંભાળવાની મનમાં ઠાની.

બપોર પછી હિરેન સાહેબનો પ્રથમ તાસ યોગાનુયોગ વિશ્વરાજના વર્ગમાં જ ગોઠવાયો. વિશ્વરાજને નવા સાહેબને પાઠ ભણાવવાનું ઝનૂન હતું, તો નવા સાહેબને તેને શિસ્તના પાઠ ભણાવવાનું. બંને બાજુ સમાન આગ હતી. વર્ગમાં પગ મૂકતાં જ તેમની નજર વિશ્વરાજ પર પડી. બંને વચ્ચે રચાયેલા તારામૈત્રકમાં, કોઈ આગળ ન ઝૂકેલી વિશ્વરાજની નજર ક્ષણભર – સહેજ ઝૂકી. બસ! હિરેન સરનું હૈયું વર્ષાની હેલી બની તેના પર જાણે વરસી પડ્યું.

બસ ત્યારની ઘડી'ને આજનો 'દિ. વિશ્વરાજનું વિશ્વ જ બદલાઈ ગયું. હિરેન સરે તેનો બધો ઈતિહાસ જાણી લીધો. ભૌતિકતાના નાદમાં પડેલા માતાપિતાનો પૂરો પ્રેમ ન મળવાને કારણે ઉન્માદ થયેલા વિશ્વરાજ પર તેમણે નિઃસ્વાર્થ પ્રેમની એવી તો અસ્ખલિત ધારા વહાવી કે 'ઈશ્વર પેટલીકર રચિત જનમટીપ' નવલકથાનો તોફાની મદમસ્ત સાંઢ જેમ ચંદાના રૂપરાશિ આગળ ઝૂકી જાય તેમ અહીં વિશ્વરાજનું થયું. તેનું વર્તન જ બદલાઈ ગયું. સાચે જ 'જાદુ કી જપ્પી' ધાર્યું કામ કરી જાય છે.

હિરેન સરનું કેન્દ્ર વિશ્વરાજ. વિશ્વરાજ એટલે સમજોને તેમની પીએચ.ડી.નો વિષય અને વિશ્વરાજનું એક માત્ર ભાવવિશ્વ એટલે હિરેન સર. હિરેન સરે તેનામાં રહેલી ખૂબીઓ બહાર કાઢવા માંડી, તેનાથી તેની ખામીઓ ક્યારે, ક્યાં અને કેમની જતી રહી તેની કોઈને ખબર જ ન પડી. બધા દિગ્મૂઢ બની આ પરિવર્તન વિસ્ફારિત નયને જોઈ રહ્યા હતા. ભણવામાં સાવ 'ઢ', વર્ગમાં કદી ન દેખાતો અને કદાચ દેખાય તો તે પણ માત્ર

ધમાલમસ્તી કરવા જ. તેવો વિશ્વરાજને ભણવામાં, ખાસ કરીને હિરેન સર દ્વારા કરાવાતી નવી-નવી પ્રવૃત્તિઓ, પ્રોજેક્ટમાં વધુ રસ પડવા લાગ્યો. આખી સ્કૂલ હિરેન સરનો આભાર માનવા લાગી સાથે છૂપી ઈર્ષ્યા પણ ખરી!

એક દિવસ વિશ્વરાજ સ્ટાફ રૂમમાં દોડી આવ્યો, ને કહેવા લાગ્યો 'જુઓ, સર મેં નવી લીપી બનાવી છે.' હિરેન સરે નાસ્તો કરવાનું છોડી રસપૂર્વક તેની લીપી જોઈ રહ્યા. 'શાબાશ બેટા! તે તો કમાલ કરી નાખી! આટલા વર્ષોમાં મેં લોથલ, હડપ્પા, મોહે-જો-દડો (સિંધુ ખીણની સંસ્કૃતિ)ની સાથે વિશ્વની બધી જ સંસ્કૃતિ, તેની લિપિ ભણ્યો છું ને ભણાવી છે. પણ મને જે આઈડિયા ક્યારેય ન આવ્યો તે તું બનાવી લાવ્યો. વાહ! બેટા વાહ! જોરદાર!' તેમના શબ્દો વિશ્વરાજની છાતી ગજ-ગજ ફૂલાવી રહ્યા હતા તો બીજી બાજુ આ જ શબ્દો નાસ્તો કરતા સ્ટાફના ઘણા સભ્યોના મોઢાને મરડી રહ્યા હતા 'હેં... એમાં શું?'

વિશ્વરાજે કંઈક આવી લિપી બનાવી હતી તેણે 'ક' થી 'જ્ઞ' અને 'અ' થી 'અં' સુધીના મૂળાક્ષરોને ઉલટાક્રમમાં નંબર આપી દીધા હતા. જેમ કે 'ક'ને તેણે નંબર આપ્યો ૪૬ ને છેલ્લા 'અઃ'ને નંબર આપ્યો ૧. અંકને કાનો, માત્રા, ઈ, ઉ શબ્દની જેમ જ લાગે તેવી લિપી એણે બનાવી હતી. દા.ત. 'હિરેન સાહેબ' લખવું હોય તો ...

ડિ૧રંપે૧૭ ૩૦/૩ે૨૦

ખરાબ માનવી જ્યારે સુધરે છે ત્યારે તેની ખૂબ જ કપરી કસોટી થાય છે. આમ તો વિશ્વરાજ અમીર બાપનું એક માત્ર સંતાન. કેટલાક વિત્તપિપાસુ લોકોએ તેનું અપહરણ કર્યું. આખી શાળામાં સન્નાટો છવાઈ ગયો, ખાસ કરીને હિરેન સાહેબના દિલમાં. બધા બધે જ શોધી વળ્યા પણ વ્યર્થ. વિશ્વરાજને ધરતી ગળી ગઈ કે આકાશ! જે હોય તે, પણ વિશ્વરાજની કોઈ ભાળ ન મળી.

અપરહરણકર્તા, પણ એટલા જ હોંશિયાર અને ચબરાક હતા. તેમણે ટેલિફોન કે મોબાઈલ પર કોન્ટેક્ટ કરવાને બદલે કાગળ લખવાનું નક્કી કર્યું. તેમણે એક કાગળમાં વિશ્વરાજને છોડાવવા આપવાની રકમ, અને તે ક્યાં અને કેવી રીતે આપવાની છે તેની માહિતી સાથે પોલિસને જાણ ન કરવાની ધમકી વગેરે લખ્યું.

એક અપહરણકારે તે કાગળ વિશ્વરાજને બતાવ્યો ને કહ્યું, 'જો આ છે અમને અમીર બનાવતો જેકપોટ.' વિશ્વરાજે કહ્યું, 'લાવો, હું પણ કંઈક લખું.'

અપહરણકારને લાગ્યું કે આ શું લખશે? છતાં તેણે કહ્યું, 'તે લખ.' સાચે જ ઘણીવાર વધારે પડતી તાકાતનો આત્મવિશ્વાસ 'ટાઈટેનિક' ને ડૂબાડી દે છે. અહીં પણ એવું જ થયું. વિશ્વરાજે પોતે નવી આવિષ્કાર કરેલી લિપીમાં અહીંનો બધો જ ચિતાર-સ્થળ, સ્થિતિ ને સરનામું આંકડાકીય લિપિમાં લખી દીધું ને કહ્યું કે, 'આનાથી તમને લાખ-બે લાખ રૂપિયા વધારે મળશે. પેલાને શી ખબર પડે કે આ છે શું? ભણ્યો હોય તો કંઈ

ખબર પડે ને? તેને તો આંકડા એટલા રૂપિયા દેખાયા, તે તો ખૂબ ખુશ થઈ ગયો ને કાગળ કુરિયરમાં આપી આવ્યો.

આ બાજુ આખું ઘર રડારોળ કરે. માતાના સ્નેહાશ્રુથી ઘર જાણે ભીંજાઈ ગયું. હિરેન સર પણ આજે અહીં આવ્યા. આજે ચાર દિવસ થયા છતાં વિશ્વરાજનો કાંઈ પત્તો જ ન હતો. પોલિસ પણ તેને શોધવામાં હજુ સુધી નિષ્ફળ જ હતી. આવા સમયે કુરિયરમાં ટપાલ આવી. ટપાલનું લખાણ સાંભળી માના રૂદનનો સ્વર પોકમાં પલટાયો. પિતાના કપાળમાં ચિંતાની વધુ બે રેખા ઉમેરાઈ. તે ધબ્બ કરતા હાથમાં કાગળ સાથે સોફામાં ફસડાઈ પડ્યા.

હિરેન સરે તેમના હાથમાંથી ધીરેથી પત્ર લીધો, વાંચી મંદ મંદ હસવા લાગ્યા અને બોલ્યા, 'વાહ દીકરા વાહ!' હાજર બધાને લાગ્યું કે અરે! આ સાહેબમાં વિવેક જેવું છે કે નથી? આવા ગંભીર પ્રસંગે આમ હસાતું હશે?

પોતાના તરફ મંડાયેલી બધી જ પ્રશ્નાર્થ આંખોનો જવાબ આપતા હિરેન સરે બધાને વિશ્વરાજની ચતુરાઈની - તેણે લખેલા લખાણની વાત કરી. તેના પિતા સહેજ સતેજ બન્યા. તેમનામાં પણ હવે હિંમતનો સંચાર થયો. આજ સુધી નકામા પથરા જેવા 'ડફોળ' વિશ્વરાજે આજે કેટલું બુદ્ધિયુક્ત કામ કર્યું હતું. તેમનું માથું ગર્વથી ઊંચું થયું. તેમણે પોલિસને બોલાવીં, પત્ર આપ્યો. હિરેન સરે પોલિસને વિશ્વરાજે મોકલેલી માહિતી સમજાવી. પછી તો પૂછવું જ શું. ઘડીના છઠ્ઠા ભાગમાં અપહરણકારો પકડાઈ ગયા. વિશ્વરાજ પણ માતા-પિતા સ્નેહીજનોના મોહાવરણમાં સુરક્ષિત રીતે પાછો આવી ગયો.

બધાએ, ખાસ તો વિશ્વરાજના માતા-પિતાએ હિરેન સરનો ખૂબ જ આભાર માન્યો. બગડેલા દીકરાને સારો બનાવવા માટે તથા તેમની આંખોના તારાને અપહરણકારોની ચુંગાલમાંથી બચાવવા માટે તેના પિતાએ બીજા બાળકો સાથે આવું ન થાય તે માટે તાત્કાલિક કડક સિક્યુરિટીની વ્યવસ્થા કરી તથા સીસીટીવી કેમેરા લગાવડાવ્યા. સમયાંતરે વિશ્વરાજ દરેક ક્ષેત્રમાં 'કોહીનૂર' બની ચમકતા લાગ્યો.

કોઈકે સાચું જ કહ્યું છે કે ..

''હર પથ્થર મેં મૂરત રહતી હૈ,

સિર્ફ ઉસે બનાને કા તરીકા આના ચાહિએ.''



## ૧૫. મેઘધનુષ

(ડૉ. વિજયભારતી સી. ગોસ્વામી, શિક્ષક : પાઠક સ્કૂલ, રાજકોટ)

આકાશમાં વાદળોનો ગડગડાટ ને મનમાં સ્મરણોનો સરવરાટ લઈને હું બારી પાસે બેસી ખુલ્લા આકાશમાં રચાયેલાં મેઘધનુષને નિહાળી રહ્યો હતો. આ મેઘધનુષી રંગોમાં મારું મન અતીતના વાદળોને વિખેરી રહ્યું છે.

મને ઘણું ખરું યાદ છે. મારા દાદાની આંગળી પકડી હું નીકળતો ને દાદા મને દુનિયા બતાવતા. બેટા, જો આ મોર છે. પેલું કબૂતર છે, અને સાંભળ આ કૂહું ..., કૂહું કરે છે તે કોયલનો ટહુકો છે. મંદિરમાં લઈ જઈ ભગવાનના દર્શન કેમ કરવા? અને આ ભગવાન એટલે કોણ? એવા મારા પ્રશ્નના જવાબમાં થોડું હાસ્ય વેરતાં ભગવાનની કથા કહેતા. ઘૂરરર ... કરતાં વિમાનની વાત, તો છૂક ... છૂક કરતી ગાડીની માંડીને વાત કરતા. રાત્રે ચંદ્રની ચાંદની ને ચાંદામામાની વાત, તો ઝગમગતાં તારાની રોશનીની વાત તેઓ કહેતાં. હું તેમનાં ખોળામાં બેસીને, ક્યારેક લપાઈ-છુપાઈને રામ-રાવણની વાત, તો ક્યારેક અભિમન્યુની વાત સાંભળતો. ક્યારેક હું પ્રશ્ન કરતો કે દાદા આ બધું તમે કેમ જાણો છો? ત્યારે તે ટપલી મારી હસીને જવાબ આપતાં, 'બેટા, હું નિશાળમાં બાળકોને આ બધું જ ભણાવતો.' વળી, મને પ્રશ્ન સ્ફૂરતો કે આ નિશાળ શું ને ભણવું શું? દાદા, ફરી હસીને કહેતાં, 'તું મોટો થઈશ એટલે બધું જ સમજી જઈશ.'

મને મારા દાદા બહુ જ વહાલાં. હું મારા મિત્રો પાસે બડાઈ મારતો કે મારા દાદા તો બધું જ જાણે! તેમને તો બધી જ ખબર હોય! આ વિમાન આમ કેમ ઊડે? તેથી લઈ આકાશનાં તારાઓની કથા બધાંને સંભળાવતો. મારા દાદા આમ કહેતાં, મારા દાદા તેમ કહેતાં તે કહેતાં હું થાકતો જ નહીં, અને સાચે જ મારા દાદા ખરેખર હતાંય એવા જ. દુનિયા આખીનું જ્ઞાન તેમની પાસે, સફેદ અને પીળાશ ઝાંયવાળા તેમના રેશમી વાળ, મોં પર કરચલીઓ, પણ હાસ્ય વેરે ત્યારે ઝગારા મારતું તેમનું સ્મિત. વાણીની મીઠાશ તો એવી કે દાદા પાસે બેઠા પછી ઊભા થવાનું મન જ ન થાય.

પણ મમ્મી મારી દાદાને જરાય ન સમજે. તુરત મારો હાથ પકડી તેનાં રૂમમાં ખેંચી, ભણવાની વાત માંડે ... સમજ પડે નહીં ને ઊંઘ પણ આવે નહીં. દાદા વારંવાર સાંભરે. મમ્મીને વાર્તા તો આવડે નહીં અને 1 to 10 અને ABCDની વાત તે માંડે ... કોયલ કાળી કેમ? ને સસલું ધોળું કેમ? એવું પૂછું તો તુરંત ગુસ્સાથી કહે : 'દાદા પાસે રહીને બસ આવું જ તું શીખીશ? પેલો, ચિન્ટુ તો કેવો કડકડાટ ABCD બોલે છે?' અને હું વચ્ચે જ બોલું, 'પણ મમ્મી, તે કૂતરાથી કેવો ડરે છે?' બસ હવે, વચ્ચે ન બોલ અને ABCD બોલ.' મમ્મીની ABCD તો પૂરી જ ન થાય અને મારી આંખ ધીમે ધીમે મીંચાય.

સવાર થતાં જ ન મળે મમ્મી કે ન મળે પપ્પા. દાદાના હૂંફાળા વહાલથી સવાર મારું થાય. મમ્મી તો ઈંગ્લિશની ટીચર ને પપ્પા તો એન્જિનિયર. ને મારા દાદા તો સઘળું - દૂધ પીવડાવે ને સાથે ગાવલડીની વાર્તા માંડે. ગાય આપણી માતા ને ગાય આપણી દાતા. એવું તેમણે બરાબર મને સમજાવ્યું. જીવનનાં આ રહસ્યોની અને જીવનના આ પાઠ ભણવાની દાદા પાસે ખૂબ જ મજા આવે. પણ સ્કૂલના પાઠ તો બોરિંગ. A for Apple કે B for Ball, C for Cow આવે પણ એમાં ચાર પગ, શીંગડાં ને એક પૂંછ ... ક્યાંય ન આવે. ગાય માતાની વાત કે ગાવલડી કે માવલડી કે માવલડીની વાત પણ ન આવે.

સ્કૂલની બસનું હોર્ન વાગે તે પહેલાં તો દાદા મને તૈયાર કરી ઘરના આંગણે ઊભા હોય. બાળસહજ મારી ચંચળતા જોઈ કહેતાં : 'બેટા, સ્કૂલમાં તોફાન નહીં કરવાના, દાદાએ કહેલી વાતો કલાસમાં કહેજે, અને આજે જે ભણીને આવ તે સાંજે મને કહેજે.' પણ મારા એક પ્રશ્નથી દાદા ઉદાસ થઈ જતાં. જતાં જતાં હું પૂછતો કે, 'દાદા મારા ગયા પછી તમે શું કરશો? પપ્પા તો સાંજે આવે કે ન આવે! ને મમ્મી તો ક્યાં તમારું ધ્યાન રાખે છે? તેના કામમાંથી નવરી જ નથી પડતી.' દાદા હસીને ઉદાસ મને કહેતાં, 'ઘરનું ધ્યાન રાખીશ, તારા માટે નવી નવી વાર્તા વાંચીશ. થોડીવાર તારી દાદીના ફોટા સાથે વાતો કરીશ .. ત્યાં તું આવી જઈશ.' ઘૂરરર ... કરતી સ્કૂલ બસ ઊભી રહી. દાદાને આવજો કહેતો હું દાદાની નજરથી ઓઝલ થતો.

સાંજે બસ ફરી ઘરનાં આંગણે ઊભી રહે. દાદા મારી રાહ જોતાં, ઘરના ઓટલે બેઠા હોય, હરખાતા, ધીમે ચાલતાં મારી સ્કૂલબેગ ઉઠાવે અને હંમેશની જેમ કહે : 'દુનિયા આખીનો ભાર મેં ઊંચક્યો છે. પણ તારી આ બેગનો ભાર ઊંચકવો કઠીન છે. આજનું આ ભણતર તો નદીમાં દરિયો ઠાલવવા બેઠું છે.'

મમ્મી સામે આવી બેગ લઈ તુરત કહેતી : 'યુનિફોર્મ બદલાવી લે, હાથ-મોં સાફ કરી લે.' અને તુરંત બેગમાંથી ડાયરી લઈ તપાસ કરતી કહે : 'આજની ટેસ્ટમાં કેટલાં માર્ક્સ આવ્યાં? આજે શું ભણાવ્યું? લેશનમાં શું આપ્યું?' વગેરે પ્રશ્નોની ઝડી વરસાવતી. સ્કૂલના ભારથી હજુ તો હળવો થયો ન થયો ત્યાં તો મમ્મીના પ્રશ્નોરૂપી બાણોથી વીંધાવા લાગ્યો. સ્કૂલનો યુનિફોર્મ કાઢતા તો જાણે સ્વર્ગાનુભૂતિ થતી હોય, તેમ બેલ્ટ આમ ફેંક્યો ને પેન્ટ તેમ ફેંક્યુ... દુનિયાનો જાણે હળવામાં હળવો બાળક હું બની ગયો હોય, તેમ મને આનંદની અનુભૂતિ થતી. હાશકારો લઉં ન લઉં ત્યાં તો મમ્મીની સ્કૂલ રિમાન્ડ શરૂ થઈ જતી. મને થતું કે એક જેલમાંથી છૂટીને આ બીજી જેલમાં પુરાઈ ગયો.

દાદા આ બધું મુંગા-મુંગા જોતા હોય. હું ક્યારેક દાદા સામું જોઈ હસી લેતો. દાદા આંખોથી વધાવતા હસીરૂપી જવાબ આપતાં. કોણ જાણે કેમ પણ મમ્મીની હાજરીમાં દાદા સાવ શાંત બની જતાં!

સ્કૂલનું ટાઈમ-ટેબલ પૂરું થતાં મમ્મીનું ટાઈમ-ટેબલ શરૂ થઈ જાય. કલાકની છુટ્ટી મળે પણ સાથે બે કલાકનું લેક્ચર મળે. દાદા સામુ જોતાં વળી મમ્મી બોલે, 'સવારે તો બરાબર ધ્યાન નથી અપાતું, અત્યારે તો મારી પાસે તારે બે કલાક ભણવાનું જ.' દાદા ઊભા થતાં રૂમમાં જતા રહે. અને મારું મન પણ તેની સાથે જ જાય. હું મમ્મીને કહેતો કે દાદાએ મને સવારમાં આ લેશન કરાવ્યું તે લેશન કરાવ્યું, પણ કોણ જાણે કેમ મમ્મી મારી વાત ધ્યાનમાં જ ન લે.

કલાકની આઝાદીથી મારી સ્કૂલ આખીનો ભાર ક્યાંય હવામાં ઊડી જતો. હું પણ આ કલાકમાં ઊડતો ... શેરીનાં મિત્રો સાથે ધમાચકડી ને દોડાદોડીમાં ખૂબ જ મજા આવતી. મારી આ ઊડવાની અને ધીંગામસ્તીની મંજામાં દાદામાં પણ જીવન છલકાતું. અમારા બાળકોની દુનિયાનું રખોપું કરતાં તેઓ પણ તેમાં જ ખોવાઈ જતાં.

આ એક કલાકમાં દુનિયા આખીનો આનંદ લઈને હું દાદા સાથે ઘરે પરત ફરું. મમ્મી રસોઈ બનાવતી રસોડામાંથી જ અવાજ કરે, 'ચાલ, હાથ-મોં ધોઈ અને લેશન ફીનીશ કર. પોએમ અને સ્પેલિંગ પાકા કરી લે. હું હમણાં જ પૂછું છું.' દાદા મારો હાથ છોડાવતાં કહે : 'બેટા, સ્કૂલનું કામ પૂરું કરી, લે ત્યાં હું પણ સંધ્યા આરતી કરી લઉં.' દાદા, મારે પણ આરતી કરવી છે. શંખ વગાડવો છે. ત્યાં તો મમ્મી વચ્ચે જ બોલે : 'દાદાને તો આરતી કરતાં કલાક થશે, ત્યાં તું તારું કામ પતાવી લે.' મમ્મીને તો બધું ફટાફટ જ જોઈએ. કારણ બધું કામ પતાવી, વહેલું સૂવું હોય, પછી વહેલી સવારે ઊઠી, બધાની રસોઈ કરી, વહેલું નોકરી પર જવું હોય.

દાદાની આરતી શરૂ થાય ને મારું લેશન શરૂ થાય. દાદાના ઉચ્ચારેલાં શ્લોકોનો અવાજ મારા એક કાનમાં ગૂંજતો હોય તો બીજા કાનમાં મમ્મીના ઈંગ્લિશ ઉચ્ચારોનો બડબડાટ ઠોકાતો હોય. આ સ્પેલિંગ પાકો કર, પેલો સ્પેલિંગ પાકો કર પછી નોટમાં ઉતાર, એમ કહેતી જાય અને મારા સામું જોતી જાય. મમ્મી મારું મન બરાબર ઓળખે. એને ખબર કે, મારો જીવ તો દાદાનાં ઉચ્ચારેલાં શ્લોકોમાં લીન છે ત્યારે ઝડપથી દોડતી, દાદાના રૂમનું બારણું ગુસ્સાથી ધડામ કરતું બંધ કરી, મારી પાસે આવી ધમકાવતી કહે :

'હવે, જો આ અડધી કલાકમાં નહીં પતાવ તો જમીને દાદા પાસે નહીં જવા દઉં.' એ વાત સાંભળતા જ મને ધ્રાસકો પડતો. હું ફટાફટ સ્પેલિંગ અને લેશન કરવા તૈયાર થઈ જતો, પરંતુ ધડામ કરતાં વાસેલાં બારણાથી દાદા પર શી અસર થઈ હશે! એવું પણ મારું નાનકડું મન વિચારતું...

મેં મમ્મીને Rainbow નો અર્થ પૂછ્યો. મમ્મીએ જવાબ આપ્યો કે, 'સાત રંગોનું ધનુષ' 'વરસાદ પછી આકાશમાં રચાતું રંગોનું ધનુષ'. મમ્મી, એ તો સ્કૂલમાં પણ આજ એવું જ સમજાવ્યું અને એવું કંઈક કહ્યું કે સૂર્યનો પ્રકાશ પરિવર્તિત થઈ રંગો બનાવે. પણ દાદાએ તો તેવું સરસ સમજાવ્યું. તને ખબર છે મમ્મી? આજે દાદાએ અમારું 'મેઘધનુષ'

બનાવ્યું. મેં કાલે દાદાને મેઘધનુષ વિશે પૂછ્યું તો તેમણે કહ્યું કે કાલે તારા મિત્રો સાથે તને સમજાવીશ. આજે દાદાએ અમને સાત છોકરાઓને એક હારમાં ત્રાંસા ગોઠવી અમારા રંગો બનાવ્યાં. હું લીલો રંગ બન્યો કારણ દાદા કહેતા, લીલો રંગ ફળદ્રુપતાનો પ્રતીક છે. લીલો રંગ હંમેશા લહેરાતો હોય અને હું તને હંમેશા લહેરાતો જોવા ઈચ્છું છું. સાથે સાથે બીજા રંગો અને તેનું મહત્ત્વ સમજાવ્યું. અમને લોકોને મેઘધનુષનો આકાર આપી, પ્રકાશથી રંગો નીખરે છે એવું કહી કહ્યું કે, તમો પણ તમારા ઘરના ઉજાસ છો અને તમારાથી તમારું ઘર હંમેશા રંગીન રહે છે. અને પછી વરસાદનું ગીત ગવડાવી, અમોને મજામજા કરાવી, નવડાવી દીધાં.'

'હા, બસ હવે, લાંબીલાંબી વાતો ન કર અને બીજા સ્પેલિંગ પાકા કર. આમ એક સ્પેલિંગમાં આવું લાંબુ-લચક કરીશ તો કાલે જવાબ શું આપીશ?' મને એ ન'હોતું સમજાતું કે મમ્મી મારી, હું બધાં સ્પેલિંગ અને અર્થ કડકડાટ બોલી જાઉં તો ખુશ થઈ જાય! આ સ્પેલિંગ અને અર્થમાં એવું તે શું છે કે, મમ્મી મારી ખુશ થઈ જાય છે? અને મને તો એમાં કંટાળો આવે છે, મને તો એમાં કંઈ મજા આવતી નથી. આ રેઈબોના સ્પેલિંગ કરતાં, દાદાના મેઘધનુષમાં ન્હાવાનું મને વધારે ગમે છે. મારા મિત્રોને પણ કેવી મજા આવતી હતી? પેલો પીન્ટુ-પીળો ને ચિન્ટુ-લાલ, કિશન-કાળો ને વીર-વાદળી, બધાં રંગો પણ યાદ રહી ગયાં.

મમ્મીની સ્કૂલ પૂરી કરી જમી લીધું. પપ્પાને તો અવારનવાર બહાર સાઈટ પર જવાનું હોય. શનિ-રવિની રજામાં આવે, ક્યારેક રાત્રે મોડા પણ આવે! મમ્મી પણ મારી સાથે જમી લે. દાદાને તો હંમેશા સાંજે ઉપવાસ જેવું જ હોય. થોડી ખીચડી કે દૂધ પીએ. પરંતુ આજે દાદાએ અનિચ્છા બતાવી. મમ્મી કહે, 'લે આ દૂધ દાદાના રૂમમાં આપી આવ. ઈચ્છા હશે તો પી લેશે.' મને તો જાણે મમ્મીની સ્કૂલમાંથી છુટ્ટી મળી ને દાદાના રૂમમાં જવાની ઉજાણી મળી. દોડતો'ક દાદાના રૂમમાં ગયો. પણ દાદા આજ મને કંઈક ઉદાસ લાગ્યા. હંમેશા મારા આવતાં હરખાતાં દાદા આજે દાદીના ફોટા સામે અને તેની જ બાજુમાં રાખેલાં મારા ફોટા સામે એકીટશે જોતાં ઊભા હતાં. મારા આવવાની અણસાર પણ ન હોય તેમ, તલ્લીન બની ગયાં હતાં. દાદાને મેં ઢંઢોળ્યાં ... 'લે, તું આવી ગયો' કહેતો'ક પલંગ પર બેઠાં. મને ગોદીમાં લઈ માથે હાથ ફેરવતાં બોલ્યાં : 'આવ્યો મારો ઉજાસ. હું તો તારા ફોટા સામે જોઈ તારી દાદીને કહેતો હતો કે, આ મારો ઉજાસ છે. તું તો ચાલી ગઈ ને મારા જીવનમાં અંધારું કરતી ગઈ. પણ આ ઉજાસે મારું જીવન રંગીન બનાવી દીધું.' મેં જોયું કે દાદા રોજની જેમ આજે હરખથી ન'હોતાં બોલતાં. મેં દૂધ પીવાનું કહ્યું. દાદાએ કહ્યું હું પછી પી લઈશ.' દાદા, એક વાત કહું? 'હું મોટો થઈને તમારા જેવો જ શિક્ષક બનીશ. મમ્મી જેવો નહિં.'

'હા, બેટા જરૂર બનજે. મારા તારા પપ્પાને શિક્ષક જ બનાવ્યો હતો. પરંતુ તારી દાદીએ તેને એન્જિનિયરનું શિક્ષણ અપાવ્યું.'

'બેટા, ખરો શિક્ષક ભગવાન સ્વરૂપ છે. જેમ બીજમાંથી વટવૃક્ષ બનાવવું એ ભગવાનનું કાર્ય છે તો જીવમાંથી શિવ બનાવવો તે શિક્ષકનું કાર્ય છે. આવ બેટા, આજે તું મારી પાસે જ સૂઈ જા, મારે તને ઘણી વાતો કહેવી છે.' એમ કહેતા'ક દાદા તો પથારીમાં લાંબા થયા, હું તેમની બાજુમાં જ સૂવા જતો હતો ત્યાં મમ્મીની બૂમ સંભળાઈ ...

'ચાલ બેટા, હવે સૂવાનો સમય થઈ ગયો, હજુ રિવીઝન કરવાનું બાકી છે.' મેં કહ્યું, 'આજે હું દાદા પાસે સૂવાનો છું.' એ સાંભળતાં જ મમ્મી રૂમમાં દાખલ થતી, મારો હાથ પકડી કહે : 'ના, મારે તને હજુ ઘણું પૂછવાનું છે. કાલે ટેસ્ટ છે. તારા વગર મને પણ ઊંઘ ન આવે.'

કદાચ, એવું બહાનું બનાવી મને ખેંચી લઈ ગઈ. મેં જોયું કે દાદા મારી સામે અનિમેષ ભરી દષ્ટિથી જોતાં જ રહ્યાં.

સવાર તો થયું , પણ આજે હું મારી મેળે ઊઠ્યો હતો. ઊઠીને જોઉં છું તો મારો રૂમ સૂમસામ છે. આટલાં વર્ષોમાં આજે હું મારી મેળે ઊઠ્યો હતો ને આજે જ મારા માથા ઉપર દાદાનો હૂંફાળો હાથ ફર્યો ન હતો.

'દાદા.... દાદા'ની મેં બૂમો પાડી. પરંતુ કશો જવાબ મળ્યો નહીં. સફાળો ઊભો થતાં, 'દાદા ... દાદા'ની બૂમો પાડતો સીધો જ દાદાના રૂમમાં ગયો.

મેં જોયું તો દાદા તો હજુ સૂતાં જ છેં. છાતી પર બંને હાથ, ઝગારા મારતું તેમનું સ્મિત. દાદાની પથારી પર ચઢીને મેં દાદાને ઢંઢોળ્યા.... 'દાદા ... દાદા .. હું ઊઠી ગયો. દાદા .. દાદા .. તમે કેમ હજુ સૂતા છો?'

પણ ... દાદા તો કશું બોલતાં પણ નથી અને હલતાં પણ નથી.

મેં દાદાનો હાથ પકડ્યો. ખેંચ્યો. 'દાદા... દાદા ... ઊઠો ... ઊઠો' ... અને દાદાનો હાથ સહેલાઈથી મારી તરફ ખેંચાણો ... દાદાનો હાથ છાતીથી છૂટો પડતાં મેં જોયું કે છાતી પર કંઈક પડેલું છે, તે મેં હાથમાં લીધું, તો જોઉં છું કે, તો તે મારો જ ફોટો છે. દાદા સૂતી વખતે છાતી સરસો ચાંપી સૂઈ ગયાં.

બેબાકળો બનેલો હું કંઈ સમજી નથી શકતો. ફરી દાદા, દાદાની બૂમો પાડતા, દાદાને ઢંઢોળવા લાગ્યો. મારું નાનકડું મન સમજી નથી શકતું કે આજે દાદા ઊઠતાં કેમ નથી? ને હું બોલાવું ને દાદા ન ઊઠે એ કેમ બને? મારા એક સાદે તો, દાદામાં એવી શક્તિ આવી જતી કે, તુરત દોડીને જાણે મારી સામે હોય.

મારા .. દાદા, મારા .. દાદા, મારા ... દાદા..! કહેતો હું ફળિયા સુધી રડતો, બૂમો પાડતો ... દોડ્યો .. મારા દાદા... મારા દાદા... મારા દાદા.. દાદા ..ઓ દાદા..

અને મારા દાદા.. મારા દાદા .. એવું બોલતાં જ મારા ઉજાસે મને ઢંઢોળ્યો..
'પપ્પા, પપ્પા આ શું બોલો છો? મારા દાદા .. મારા દાદા?'

અતીતનાં વાદળો પૂરી રીતે વિખરાઈ ચૂક્યાં હતાં. સામે જ મારો દીકરો ઉજાસ કશુંક કહેવા ઉત્સુકતાથી મારી સામે જોઈ, બોલતો મેં જોયો.

'કંઈ નહીં બેટા, બોલ શું કામ છે?'

પપ્પા ... પપ્પા, આ બારીમાંથી આકાશમાં જુઓ તે શું છે? આ રંગોનાં લીસોટાં કેમ પડ્યાં? ઉજાસના આ પ્રશ્નએ ફરી મને દાદા સન્મુખ લાવી દીધો..


'પપ્પા, અમારે ભણવામાં પણ એવું ચિત્ર આવ્યું છે જુઓ :

આમાં તેને 'મેઘધનુષ' એવું નામ આપ્યું છે તે શું છે?'

'હા, બેટા સાંભળ, આજે સાંજે હું તને અને તારા મિત્રોને આ મેઘધનુષની રમત રમાડી, સમજાવીશ. જા, તું બધા મિત્રોને આ વાત કહી દે કે, સામેના મેદાનમાં ભેગા થાય.'

ઉજાસ તો ખુશ થતો ચાલ્યો ગયો ... મારી નજર સામે ટીંગાડેલી દાદાની તસવીર હસીને, જાણે મને કહી રહી હતી ... 'બેટા, એ જ તારો ખરો ઉજાસ છે.... એ જ તારો લહેરાતો લીલો રંગ છે.'





## ૧૬. મોબાઈલ

(ડૉ. પ્રકાશ બી. દવે, શિક્ષક : ગળકોટડી પ્રા. શાળા, ગળકોટડી)

'લ્યો સાહેબ! આ રાહુલનું પરાક્રમ!' વર્ગ શિક્ષક નટુભાઈએ ઓફિસમાં પ્રવેશ કરતાંની સાથે જ પ્રિન્સિપાલ જોશી સાહેબને મોબાઈલ આપતા ફરિયાદના સૂરે કહ્યું.

'આ શું?' જોશી સાહેબે મોબાઈલ હાથમાં લેતા પૂછ્યું.

'સાહેબ, મારા વર્ગના પેલા રાહુલ પાસેથી મોબાઈલ પકડાઈ ગયો.'

'હં... ગઈકાલે પણ રાહુલ મોબાઈલ લાવ્યો હતો કે નહિ?' જોશી સાહેબે મોબાઈલનો લોક ખોલવાનો પ્રયત્ન કરતાં પૂછ્યું.

'હા, સાહેબ ગઈકાલે મોબાઈલ પકડાયો ત્યારે મેં તાકીદ કરી હતી કે હવી પછી મોબાઈલ પકડાશે તો જપ્ત કરી લેવામાં આવશે અને વાલીને સ્કૂલમાં બોલાવવામાં આવશે પણ એની કોઈ અસર ન થઈ.'

નટુભાઈ આજ થોડા અસ્વસ્થ હતાં. એમનાં માતા આજે સવારથી બિમાર હતાં. રજા પડે પછી એમને દવાખાને લઈ જવાનાં હતા. એમાં આ રાહુલનો પ્રશ્ન ...!

'આ આજકાલનાં છોકરાંઓ પણ ... કોણ જાણે શું જોઈ ગયા છે આ મોબાઈલમાં...' જોશીસાહેબ બબડ્યા. હજી એનાથી મોબાઈલનો લોક ખૂલ્યો નહોતો.

'રાહુલ તો એકદમ સીધો છોકરો લાગે છે. એ આવું કરે એવું માનવામાં નથી આવતું.' ભાષા શિક્ષિકા ભવાનીબેને મત વ્યક્ત કર્યો.

'ભણવામાં પણ નિયમિત છે. સાવ શાંત છોકરો છે.' ગણિત શિક્ષક ગણપત સરે ટાપસી પૂરી.

'શાંત જળ બહુ ઊંડા હોય છે.' સામાજિક વિજ્ઞાનના શિક્ષક શાંતિલાલે અનુભવવાણી રજૂ કરી.

'આ મોબાઈલનું શું કરવાનું છે સાહેબ?' નટુભાઈએ મૂળ મુદ્દો પકડી રાખ્યો.

'એમ કરો, મોબાઈલ અત્યારે બહાર બધાના મોબાઈલ રાખીએ છીએ એ કબાટમાં રાખી દો. બપોર પછી એના વાલીને બોલાવીએ.' જોશી સાહેબે પોતાનો ફેંસલો સંભળાવ્યો અને લોક ખોલવામાં સફળતા ન મળી એટલે થોડું મોં બગાડી મોબાઈલ નટુભાઈને આપ્યો. નટુભાઈએ મોબાઈલ સાહેબના કહ્યા પ્રમાણે કબાટમાં મૂકી દીધો.

'સાહેબ, સાહેબ ... રાહુલ મોબાઈલ લઈને ભાગી ગયો.' એક વિદ્યાર્થીએ દોડતા આવી વિશ્રાંતિના સમયમાં સ્ટાફરૂમમાં બેસી ચા પી રહેલા નટુભાઈને ફરિયાદ કરી.

'હેં? ક્યાં...?' નટુભાઈએ ચાનો કપ મોં પાસેથી પરત લઈ ટેબલ પર મૂકતા પૂછ્યું. બીજા શિક્ષકોના હાથમાં રહેલા ચાના કપ પણ ''જૈસે થે''ની સ્થિતિમાં રહી ગયા.

'ખબર નથી સાહેબ, પણ હમણાં કબાટમાંથી મોબાઈલ ખિસ્સામાં નાખી બહાર જતાં જોયો.' બાતમીદાર વિદ્યાર્થીએ આંખે દેખ્યો અહેવાલ રજૂ કર્યો.

'હા સાહેબ, અમે પણ જોયો.' બાતમીદાર પોતાની સાથે સાક્ષીઓની ફોજ પણ લઈ આવ્યો હતો. તમાશાને તેડું ન હોય એ ન્યાયે સાહેબ હવે રાહુલને શું સજા કરશે એવા કુતુહલથી વિદ્યાર્થીઓની ભીડ પણ જમા થવા માંડી હતી.

'આ રાહુલને હવે શિક્ષા કરવી પડશે.' નટુભાઈ અપસેટ હતા. એમાં રાહુલે આ પરાક્રમ કર્યું હતું. એટલે એ વધારે ગુસ્સે થયા હતા.

'ચાલો સાહેબ, રાહુલ પાછળ દિવાલ બાજુ જ ગયો છે, હું બતાવું.' બાતમીદાર વિદ્યાર્થીને રાહુલે બે દિવસ પહેલાં નોટબુક નહોતી આપી એટલે એના માટે બદલો લેવાનો આ સુઅવસર હતો.

'શાળામાં ગેરશિસ્ત બિલકુલ ચલાવી નહિ લેવાય. ચાલ બતાવ ક્યાં છે એ રાહુલ. આજ એની ખેર નથી..!' એમ કહીને લાંબા પગલે નટુભાઈ પાછળની દિવાલ તરફ ઉપડ્યા. આગળ નટુભાઈ એની લગોલગ પેલો બાતમીદાર, એની પાછળ 'કુતુહલપ્રેમી' વિદ્યાર્થીઓ અને એની પાછળ શાળાના બે-ત્રણ શિક્ષકો, એમ આખું લાવલશ્કર ઊપડ્યું, જાણે ગેરિલા પદ્ધતિથી છાપો મારી રાહુલને રંગે હાથે પકડવા!

અને ...

'ઊભો છે, ઊભો છે. દિવાલ પાછળ ઊભો છે અને મોબાઈલમાં વાત કરે છે.' બાતમીદારના કોઈ સાથીદારે દોડતા આવી નટુભાઈને વિસ્ફોટક માહિતી આપી. નટુભાઈએ હાથનાં ઈશારે આખા ટોળાને ત્યાં જ ઊભું રાખી દીધું. નટુભાઈ પોતે, બાતમીદાર વિદ્યાર્થી અને એનો સાથીદાર અને બે શિક્ષકો, આ આખરી ઓપરેશન પાર પાડવા દબાતા પગલે દિવાસ સુધી પહોંચ્યા!

દિવાલ પાછળથી એક ધીમો ને દબાતો અવાજ આવતો હતો.

રાહુલનો જ અવાજ...! નટુભાઈ અવાજ પારખી ગયા અને સાથી શિક્ષકોને ઈશારાથી જ કહ્યું કે સાચાં ઠેકાણે જ પહોંચી ગયા છીએ. કાન સરવા કરી દિવાલની પેલે પારથી આવતો અવાજ સાંભળવા બધા પ્રયત્ન કરવા લાગ્યા.

'હા... પપ્પા ... હું તો મજામાં જ છું પણ તમે મમ્મીનો ખ્યાલ રાખજો... હા ... ઘરની કોઈ ચિંતા ના કરતા ... દાદીમાને હું મદદ કરું છું અને હેરાન પણ નથી કરતો... હજી કેટલાં દિવસ રોકાવાનું થાશે? ઠીક કાંઈ વાંધો નહિ. પણ મમ્મીનું ધ્યાન રાખજો અને કહેજો કે મારી ચિંતા ન કરે... હું ભણવા આવ્યો છું અને કોઈને ખબર ન પડે એમ રિસેશમાં તમને ફોન કર્યો છે.'

દિવાલની આ તરફ સન્નાટો હતો. નટુભાઈના ચહેરા પર અજીબ પ્રકારનું પરિવર્તન આવી રહ્યું હતું. ટોળું ઘડીક નટુભાઈ તરફ તો ઘડીક દિવાલ તરફ દૃષ્ટિ ફેંકતું હતું.

'ના પપ્પા... મમ્મી ભલે આરામ કરતી. વાત નથી કરવી...આ તો મને ચિંતા થાય એટલે મમ્મીનો મોબાઈલ સ્કૂલે લાવ્યો ... રિસેશમાં વાત કરવા માટે ... કાલે પણ લાવ્યો હતો પણ વાત ન થઈ.'

દિવાલની આ પાર વિદ્યાર્થીઓનાં ટોળામાંથી આવતો અવાજ રાહુલના કાને પડ્યો, એ ચમક્યો...

'હવે મૂકું પપ્પા. સાહેબ જોઈ જાય તો ફોન લઈ લે. મૂકું છું. જય શ્રીકૃષ્ણ..!'

ફોન મૂકી રાહુલ દિવાલની આ તરફ આવ્યો. આ શું? શિક્ષકો અને વિદ્યાર્થીઓનું ટોળું ઊભું હતું. રાહુલને ગભરામણ થવા લાગી. એ જમીન તરફ દૃષ્ટિ રાખી ઊભો રહ્યો. એનો એક હાથ મોબાઈલવાળા ખિસ્સા પર દબાયેલો હતો.

'રાહુલ આવ્યો સાહેબ...!' ટોળામાંથી કોઈ બોલ્યું.

'રાહુલ...!' નટુભાઈના અવાજનો રણકાર ફરી ગયો હતો.

'સાહેબ, સાહેબ ... મારાં મમ્મી બીમાર છે અને મોટા દવાખાને દાખલ કરેલાં છે.'

'હા મેં સાંભળ્યું, બધું જ સાંભળ્યું..!' નટુભાઈના અવાજમાં ભીનાશ હતી; 'પણ આ મોબાઈલ કેમ લાવવો પડ્યો?'

'સાહેબ એમાં એવું છે ને કે મને મારાં મમ્મીની બહુ જ ચિંતા થતી હતી. આજે ઓપરેશન કરવાનું છે. મને મારા પપ્પા દવાખાને સાથે ન લઈ ગયા. એટલે મારાં મમ્મીની તબિયત જાણવા માટે હું મોબાઈલ લાવ્યો છું અને સાહેબ આ મારાં મમ્મીનો મોબાઈલ છે. ઘરે મારાં દાદી એકલા છે. એને મોબાઈલમાં વાત કરતાં ન આવડે એટલે હું લઈ આવ્યો.' રાહુલના અવાજમાં ગભરાટની સાથેસાથે સચ્ચાઈનો રણકો પણ હતો.

ટોળામાં સન્નાટો હતો. નટુભાઈ અને બીજા શિક્ષકો સહાનુભૂતિપૂર્વક રાહુલની વાત સાંભળી રહ્યા હતા.

'અને સાહેબ, હું ગેમ રમવા મોબાઈલ નથી લાવ્યો હોં. આમાં એકેય ગેમ જ નથી. જુઓ લ્યો...' કહીને રાહુલે ખિસ્સામાંથી મોબાઈલ કાઢી નટુભાઈ તરફ લંબાવ્યો.

'ના બેટા ના ... રહેવા દે. મોબાઈલ ચેક કરવાની જરૂર નથી. મને વિશ્વાસ છે તારા પર. બેટા આવી કોઈ તકલીફ હોય તો મને કહેવાય ને! હું વાત કરાવી દેત તારા પપ્પા સાથે.' અને પછી કંઈક યાદ આવ્યું હોય એમ નટુભાઈ આગળ બોલ્યા, 'અને આજે રજા પડ્યા પછી મારે પણ હોસ્પિટલ જવાનું છે. તારે તારાં મમ્મી પાસે આવવું હોય તો તૈયાર થઈ જજે. હું લઈ જઈશ.'

રાહુલ હરખાતો હરખાતો ઘોંઘાટ કરતાં ટોળામાં ભળી ગયો. નટુભાઈએ ચશ્મા ઉતારી સહેજ આંખ લૂછી.

## ૧૭. ઈબુચાચા

(પીયુષ પી. જોટાણિયા, શિક્ષક : શ્રી ગાવડકા પ્રા. શાળા)

ટ્રીન ... ટ્રીન ... ટ્રીન ... ટ્રીન ...

હાલો છોકરાંવ ... ફુગ્ગા લઈ લ્યો ... રંગબેરંગી ફુગ્ગા... મીઠી મીઠી સુતરફેણી ખાવ ... સુતરફેણી.

ગામની વાંકીચૂંકી સાંકડી શેરીઓમાંથી ટ્રીન ... ટ્રીન ... ટ્રીન ... ટ્રીન ... કરતી એક સાઈકલ રોજ પસાર થાય. સાઈકલ અને તેની ઉપર ઠાઠથી સવાર થયેલા ઈબુચાચા. બંનેનાં દીદાર સરખાં જ હતાં, ખખડધજ.

દેશી હિસાબ મુજબ ઈબુચાચા પાંસઠ વર્ષનાં ગણાય. દેખાવ જુઓ તો સાવ સુકલકડી લાંબો-પાતળો દેહ, મોઢા ઉપર સુખ-દુઃખની કરચલીઓ અને નાની એવી ધોળી દાઢી રાખે. સફેદ કુર્તો અને લીલી લુંગી હારે માથા ઉપર ઝાળીદાર ગોળ ટોપી કાયમ હોય. બુઢાપાના દિવસોમાં પણ મોજફકીરીથી જીવતા ઈબુચાચા આખા ગામના ચાચા જ કહેવાતા.

સવારમાં વહેલાં ઊઠીને માલિકની બંદગી કરે. બંદગી પૂરી થાય ત્યાં સુધીમાં અમીના બેગમ ચૂલે ચા બનાવી નાખે. ચા હારે બંને સાંજનો ટાઢો રોટલો અડધો-અડધો ખાય. મનમાં કુરાનની આયાત બોલતાં જાય અને જિંદગી જીવતા જાય.

એક દિવસ સવારનું શીરામણ પતાવી અમીનાએ વાહીદું શરૂ કર્યું. ઈબુચાચાએ રોજની જેમ સાઈકલની સેવા શરૂ કરી. સાઈકલને બે ડોલ પાણીથી નવડાવી, પોતાના જૂના ઝભ્ભામાંથી થેલી બનાવતાં વધેલાં કાપડનાં ગાભાથી સાઈકલ સાફ કરી. હેન્ડલને ઘસીને ચમકાવ્યું. રીંગને બે વખત સાફ કરી, ઘાસલેટનું ઊંઝણ કર્યું. પછી જોરથી પેડલ ફેરવ્યું એટલે ફરરર્ ... કરતું ટાયર ફર્યું. ચેન અને ટાયરનો ફોરો અવાજ સાંભળીને ચાચાનું મોઢું મલકાયું. મલકાતાં ચાચાને જોઈને અમીના પણ હસી પડી.

સાઈકલ બરાબર સાફ કરીને ઈબુચાચાએ અદબથી ટકોરી વગાડી. ટ્રીન ... ટ્રીન ... ટ્રીન ... ટ્રીન...

'ચલો અમીના, મારી સાઈકલ તૈયાર છે.'

ઈબુચાચાની સાહજિક વાતને અમીના વધાવતી હોય એમ સાવરણો પડતો મૂકીને નજીક આવી. ચુંદડી સરખી કરી. મોઢા ઉપર લાલી કરતી હોય એવો ઢોંગ કરી, મશ્કરી કરતાં બોલી : 'હાલો, હું પણ તૈયાર છું.'

'અરે ... પણ તારે ક્યાં જવું છે?'

'શેરપુરનાં મેળામાં. જ્યાં આપણે પહેલી વખત મળ્યા હતાં.'

'અમીના, અત્યારે ત્યાં મેળો હોય?'

'ના હોય તો શું છે? ત્યાં આપણી યાદો તો છે ને?'

'હા ... બિલકુલ તારા જેવી.' એમ કહીને ચાચાએ અમીના પર નજર નાખી. બુઢ્ઢાની આંખોમાં પહેલાં જેવી ધાર તો ન હતી, પણ પ્રેમ તો હજી એટલો જ ઊભરાતો હતો.

અમીના ચાચાની આંખોમાં થઈને ભૂતકાળમાં ઊંડી ઉતરી ગઈ.

સુખ-સાહ્યબી અને જુવાનીનાં જોશથી ભરેલાં ઈબ્રાહિમ અને અમીનાની જોડી ગામ આખામાં ચર્ચાતી હતી. કબૂલ ... કબૂલ ... કબૂલ ... બોલીને બંનેનાં નિકાહ થયા હતાં. જીવનની કેટલીય તડકી-છાંયડી જોઈને બંને આજે જીવનનાં છેલ્લા પડાવે પહોંચી ગયા છે. હવેલી જેવડાં મકાનમાં નિકાહ કરીને આવેલી અમીના, જિંદગીના કેટલાય તોફાનોનો સામનો કરીને આજે ફકીર જેવાં ઈબુચાચા સાથે અડીખમ ઊભી છે અને કદાચ એટલે જ ઈબુચાચા જીવે છે!

ભૂતકાળ અને વર્તમાન વચ્ચે ગોથા ખાઈને ઊભેલી અમીનાનાં ગળે ડૂમો ભરાઈ ગયો. આંખમાંથી આંસુ બહાર નીકળે તે પહેલાં જ અમીના જાગૃત થઈ ગઈ. ઈબુચાચાને કોણીનો ઠોસો મારીને બોલી,

'હાલો, તમે જાવ હવે.'

'હા, અમીના, હવે હું થોડું રળી આવું. બચ્ચાવ પણ મારી રાહ જોતા હશે.'

રસોડામાં જતાં-જતાં અમીનાએ યાદ કરાવ્યું, 'આજે તો સાઈકલમાં નવો પંખો નંખાવી જ લેજો.'

'જી બેગમજી.' એટલું બોલી ઈબુચાચાએ સાઈકલ મારી મૂકી.

આમ તો અમીના પંખો નંખાવવા માટે રોજ યાદ કરાવતી હતી, પણ ઈબુચાચા કોઈને કોઈ બહાનું કાઢીને વાત ટાળી નાંખતાં.

આગળનાં ટાયરનો પંખો લગભગ ત્રણ મહિનાથી નીકળી ગયો હતો. અગાઉ પણ ત્રણ-ચાર વખત પસાની દુકાને નખાવ્યો હતો. પણ આ વખતે તો પસાએ ચોખ્ખું જ કહી દીધું કે : 'ચાચા, પંખો સાવ સડી ગયો છે. સ્ક્રૂ મરાય એવી કોઈ જગ્યા વધી નથી. હવે નવો પંખો લઈ લો.'

'પણ બચ્ચા, આ પંખો તો સારો છે. હજી એકાદ વખત નાખી દે.'

'ચાચા, પંખામાં એટલાં બધા કાણાં પડી ગયાં છે કે હવે તો રીવેટ પણ મૂકાય એમ નથી. એટલે આ નવો પંખો નાંખી જ દઉં છું.'

ઈબુચાચાએ પંખો હાથમાં લીધો. બીજો હાથ ઝભ્ભાનાં ખિસ્સામાં નાખ્યો. ગળી ગયેલા ઝભ્ભાનાં ખિસ્સામાં માંડ થોડાક સિક્કા હોય એવું લાગ્યું. કદાચ વધુ સિક્કાનું વજન ખિસ્સું ખમી શકે એમ પણ નહોતું!

ચાચાએ હાથ ખિસ્સામાં જ રાખ્યો. પંખો પાછો મૂકી દીધો. ચાચાનો ચહેરો જોઈને પસો પરિસ્થિતિ પારખી ગયો.

'ચાચા, પંખો નાખી આલું છું. ફદિયા મહોરમે આલજો.'

'ના .. ના ... રે'વા દે. પંખાની કંઈ જરૂર નથી. ખોટો વજન કરે છે. એ કરતાં તો ખુલ્લું ટાયર સારું.'

ટ્રીન ... ટ્રીન ... ટ્રીન ... ટ્રીન ... કરતાં ત્યાંથી નીકળીને ઈબુચાચા ગામનાં ચોરા પાસે પહોંચ્યા. ટકોરીનો અવાજ સાંભળીને શેરીના છોકરાવે તેમને ઘેરી લીધાં. એક-બે છોકરાવે તેનાં ઝભ્ભાનો છેડો પકડી લીધો, તો વળી મોહન તો સાઈકલની સીટ પર બેસી ગયો. મોહનને સાઈકલ ઉપર બેઠેલો જોઈને હુસેન રડવાં લાગ્યો. ચાચાએ હુસેનને પ્રેમથી ઊંચકીને સાઈકલ પર બેસાડી દીધો. આગળ મોહન અને પાછળ હુસેનને બેસાડીને ચાચાએ સાઈકલ સવારી ઉપાડી. ટ્રીનન ... ટ્રીનન .. કરતાં જાય અને છોકરાવ રમાડતાં જાય. કેટલાંક છોકરાંવ સાઈકલ સાથે દોડે, કો'ક ધક્કો મારે, તો કેટલાંક ઊભાં-ઊભાં હુરીયો બોલાવે. છોકરાંવ હારે ચાચા પણ છોકરા જેવાં બની ગયા. કેવું મજાનું દૃશ્ય! આવો નિર્દોષ નજારો જોઈને ઉપર આકાશમાં બેઠાં-બેઠાં હરિ હરખાતાં હશે અને માલિક પણ જરૂર મલકાતાં હશે!

સાઈકલ સવારી પૂરી થયા પછી છોકરાંવે ભાગ ખાધો. કોઈએ ફુગ્ગો લીધો, તો કો'કે કાકડી લીધી, તો કો'કે સુતરફેણી ખાધી. ચાચા પણ મોટા હાથે સુતરફેણી આપે. ઈબુચાચા ધંધો કરવાં કરતાં ધર્મ વધુ કરતાં. પૈસા વધતાં ન હતાં, પણ પ્રેમ જરૂર વધતો હતો.

છોકરાંવની બઘડાટી સાંભળીને અરજણકાકા ડેલી બહાર નીકળ્યાં. હાથમાં મોટો ડંગોરો લઈને માથે પાઘડી સરખી કરતાં કરતાં આઘેથી હાંકોટો નાખ્યો. ડંગોરો ભીત હારે પછાડ્યો. અરજણકાકાને જોઈને છોકરાંવ દેકારો કરતાં ભાગ્યાં.

છોકરાંવના ગયા પછી ઈબુચાચા અરજણકાકાનાં ઓટલે બેઠાં. તેનાં ઘરેથી લોટો પાણી પીધું અને ટાઢક કરી.

'એલા ઈબુડા! આ છોકરાંવ તને રોજ કનડે છે, તો'ય તું કેમ કંઈ બોલતો નથી?'

'બચ્ચાવ તો અલ્લાહનું રૂપ હોય છે, અરજણ.'

'પણ તોય આમ માથે થોડાં ચડાવાય?'

'શરારત કરતાં બચ્ચાંવ મને બોવ પ્યારા લાગે છે. એની હારે રમતાં-રમતાં મને મારો સલીમ યાદ આવી જાય છે.' આટલું બોલતાં આંખ ભીની થઈ ગઈ.

અરજણે ઈબુનાં ખભે હાથ મૂકી દિલાસો આપ્યો.

ઈબુચાચાનો બાળકો પ્રત્યેનો પ્રેમ અરજણકાકા જોઈ રહ્યાં. 'ઈબુ, તારી સાઈકલ ભલેને જૂનવાણી હોય, પણ ઓલાં છોકરાંવની ટોળી હારે તારી સાઈકલ હાથીની અંબાડી જેવી લાગતી હતી હો.'

રામ અને રહીમની આંખો મળી, દોસ્તીનો દરીયો ઉભરાયો અને બંને ભેટી પડ્યાં. એકબીજાનાં ખભ્ભે હાથ નાખીને ઝૂલવા લાગ્યા. જાણે કૃષ્ણ-સુદામાની જોડી. ધર્મની ધાર આજે પણ તેમની દોસ્તીને તોડી શકી ન હતી.

'હાલ, અરજણ, હવે હું રજા લઉં? મારે હજી ફુગ્ગા વેચવાનાં છે.'

'રોટલા ખાઈને જાજે ભાઈબંધ.' અરજણે આગ્રહ કર્યો.

'ના અરજણ, હું હજી આખા ગામમાં કૂતરાંને રોટલાં નાખીશ, થોડાંક ફુગ્ગા વેચીશ અને પછી ઘરે જઈને અમીના હારે જ ખાઈશ.'

'ભલે ભેરું, જેવી તારી મરજી. કાલે પાછો આવજે હો.'

'ઈ તો જેવી માલિકની મરજી.'

'ખુદા હાફિજ.'



ઈબુચાચા ટ્રીનન ... ટ્રીનન ... કરતાં સાઈકલ ઉપર સવાર થયા. થોડા આગળ જઈને વડલાના છાંયડે બેઠાં. થોડું પાણી પીધું. ખિસ્સામાંથી સિક્કા કાઢીને ગણવા લાગ્યા. આમ તો આ તેમનો રોજનો ક્રમ હતો. પણ આજે સિક્કા ગણવાની થોડી વધારે તાલાવેલી હતી. એક ખિસ્સામાંથી આજની કમાણીનાં અને બીજા ખિસ્સામાંથી રૂમાલની ગાંઠે બાંધીને રાખેલાં સિક્કા કાઢીને ગણ્યાં. મોઢું હરખાઈ ગયું. અમીના માટે નવું કપડું લેવામાં થોડાક રૂપિયા ઘટતાં હતાં, જે આજે ભેગા થઈ ગયા. બધા સિક્કાની પોટલી વાળીને ખિસ્સામાં નાખી. મનમાં અલ્લાહનો આભાર માન્યો.

યા માલિક ... યા માલિક ... બોલતાં બોલતાં ઝડપથી સાઈકલ ચલાવી. ગામમાં આવીને સીધા જ સુલેમાન સઈની દુકાને ઊભા રહ્યાં.

'સલામ વાલેક્કુમ, સુલેમાનમિયા.'

ઈબુચાચાને આવતાં જોઈને સુલેમાન ચશ્મા નીચા કરીને સીવવાં લાગ્યો.

આવકારો ન મળ્યો એટલે ઈબુચાચા ઓટલે ઊભાં રહ્યાં. અપમાન જેવું લાગતું હતું. પણ અમીના માટે કપડું લેવું હતું એટલે ગમ ગળી ગયાં.

'સલામ વાલેક્કુમ, સુલેમાનમિયા' ઈબુચાચાએ ફરીથી કહ્યું.

થોડીવાર પછી સંચો બંધ કરીને તેમણે મોઢું ઊંચુ કર્યું. ચશ્મામાંથી નજર કાઢીને 'આવો' એટલો ટૂંકો જવાબ દીધો.

'સુલેમાનભાઈ, અમીના માટે મેં તમને કપડાનું કહ્યું હતું તે આવી ગયું?'

'કપડું? ... કયું કપડું?'

'અરે, સુલેમાનભાઈ, જુઓને હું અને અમીના ગયા વખતે કપડું લેવા આવ્યા હતાં, ત્યારે અમીનાને ગુલાબી કપડું ગમી ગયું હતું. પીળું ભરત ભરેલું હતું, ગુલાબી ફૂલ હતાં, અને આખામાં ઝરીનાં તાર હતાં એ કપડું.' ઈબુચાચા હરખભેર બધું બોલી ગયા.

'તમે કયાં કપડાની વાત કરો છો?' સુલેમાનો યાદ કરવાનો ડોળ કર્યો.

'ભાઈ, સરખું યાદ કરો. ગયા વખતે હું લેવા આવ્યો હતો, પણ એમાં થોડા રૂપિયા ઘટતાં હતાં, એટલે મેં તમને એ સાચવીને રાખવાનું કહ્યું હતું ... યાદ છે?' ઈબુચાચા ગભરાઈ ગયા.

'સાલ્લું ... કંઈ યાદ આવતું નથી. શેની વાત કરો છો?' સુલેમાને પોતાની ટેવ મુજબ કળા કરવાનું ચાલુ રાખ્યું.

ઈબુચાચાનો જીવ મૂંઝાઈ ગયો. અમીનાને એ કાપડ બહુ ગમી ગયું હતું. કેટલાય વખતથી લેવાનો વિચાર હતો, પણ ફદિયાનો મેળ થાતો ન હતો. સાઈકલનો પંખો નાખવાનું માંડી વાળીને કપડાં માટે પૈસા ભેગા કર્યા હતાં. હવે માંડ રૂપિયાનો મેળ થયો ત્યાં કપડું મળતું નથી. ઈબુચાચાને નિરાશા ઘેરી વળી. અમીનાને ખુશ કરવાનાં અરમાન ઉપર ટાઢું પાણી ફરી ગયું. મનોમન અલ્લાહને યાદ કર્યા. આશા અને નિરાશા વચ્ચે દુકાનમાં ચારેકોર નજર કરી, પણ કંઈ દેખાયું નહિ. થોડા અંદર ઘૂસીને ફરી ઝીણી નજર કરી. અચાનક અભેરાઈનાં ખૂણામાં ગુલાબી રંગનો છેડો દેખાયો. નજર રોકાઈ ગઈ. હરખાઈને બોલી ઊઠ્યાં, 'એ રહ્યું ખૂણામાં.'

પોતે સંતાડેલું કપડું દેખાઈ જતાં સુલેમાન ઝંખવાણો પડી ગયો.

'ક્યાં છે? ક્યાં છે?' કરતો ખૂણા પાસે ગયો.

'સાલ્લું અહીં સંતાઈને પડ્યું છે.' એમ બોલી બહાર કાઢ્યું.

ઈબુચાચાના જીવમાં જીવ આવ્યો. સુલેમાનનાં હાથમાંથી ઝડપથી ઝૂંટવી લીધું.

'કેટલા ફદિયા આલું?'

સુલેમાન ખંધુ હસતાં બોલ્યો, 'આમ તો આવું કપડું હવે ક્યાંય મળતું નથી. પણ અમીનાભાભીને ગમી ગયું હતું એટલે ખાસ મંગાવી દીધું છે. તો મોંઘું આવ્યું છે. એટલે ત્યાર કરતાં અત્યારે વધુ ફદિયાં આલવાં પડશે, ઈબુમિયા.'

ઈબુચાચા સુલેમાનની લુચ્ચાઈને જોઈ રહ્યાં. પાવલી-પાવલી ભેગી કરીને આજે અમીના માટે કપડું લેવાનો માંડ મેળ થયો છે, એમાં પણ આ સુલેમાનને શરમ નથી. કચવાતાં જીવે સિક્કાની આખી પોટલી જ સુલેમાનના હાથમાં પકડાવી દીધી.

સિક્કા ગણતો સુલેમાન હરખાતો હતો અને ઈબુચાચાનો જીવ કપાતો હતો. ઊકળતાં મને તે ઓટલો ઊતરી ગયાં. સાઈકલનું પેડલ મારી ઘર તરફ ઉપડ્યાં. મનમાં અમીનાનાં વિચાર શરૂ થઈ ગયાં. નવું કપડું ઓઢેલી અમીના નજર સામે દેખાવા લાગી. મોઢા ઉપર ચમક આવી ગઈ. જીવમાં જીવ આવી ગયો અને ટ્રીનન ... ટ્રીનન ... કરતી સાઈકલ દોડાવાં લાગ્યાં.

ઘરની ડેલી પાસે સાઈકલ ઊભી રાખી. ખડકીમાંથી અંદર ડોકું કાઢ્યું. અમીના ક્યાંય દેખાઈ નહિ. કદાચ રસોડામાં રોટલા ટીપતી હશે. આજે અમીનાને અચાનક આ નવું કપડું ઓઢાડીને ખુશ કરી દેવી છે, એમ બબડતાં બબડતાં અંદર ઘૂસ્યાં.

'એકલાં-એકલાં શું બબડો છો?' વાડામાંથી આવતી અમીના બોલી.

ઈબુચાચાએ કપડું પોતાની પાછળ સંતાડી દીધું. પણ અમીના દેખી ગઈ.

'આ પાછળ શું સંતાડો છો?'

'કંઈ નથી, અમીના. એ તો બસ એમ જ.'

'ખોટું બોલવાનું રહેવા દો, તમારે હારે પાંચ દહકાં કાઢ્યાં છે, હું તમને ઓળખતી નહીં હોઉં? શું લાવ્યા છો?'

પોતાની ચોરી પકડાઈ ગઈ. એટલે ઈબુચાચા પ્રેમથી બોલ્યા : 'અમીના, તારા માટે એક ચીજ લાવ્યો છું. તમે ગમતી ચીજ. એટલે અમે નહીં બતાવું. તારી આંખો બંધ કરી દે.'

'બચપના કર્યા વગર હવે બતાવી દો. મારે હજી રોટલા ટીપવાના છે.' એટલું બોલી અમીના રસોડા બાજુ ચાલતી થઈ.

ઈબુચાચાએ તેને રોકી.

'અમીના, એમ ના કર. તારી ગમતી ચીજ છે. આંખ બંધ કરીને ઊભી રહે.' ઈબુચાચાએ જીદ કરી.

'એવી વાત છે? મારા માટે લાવ્યા છો? તો ઊભા રહો. હું પણ તમને કંઈક આપવાની છું.'

અમીના અંદર ગઈ. ઈબુચાચા વિચારમાં ખોવાઈ ગયા. અમીના શું લાવી હશે? શું કામ લાવી હશે? પૈસા ક્યાંથી કાઢ્યા હશે? ક્યાંક તે પોતાની બંગડી લેવાને બદલે મારા માટે તો કંઈક ચીજ નહિ લાવી હોય ને?

થોડીવાર પછી અમીના પોતાની પાછળ સંતાડીને કંઈક ચીજ લાવી.

'હવે તમે આંખો બંધ કરો.'

'ના અમીના, તું આંખો બંધ કરી ઊભી રહે.'

'ના, તમે.'

'ના, તું.'

મીઠી રકઝક સાથેનો આગ્રહ લાંબો ચાલ્યો.

'તો પછી અમીના, આપણે એમ કરીએ કે બંને આંખો બંધ કરી ઊભા રહીએ અને બંને હારે જ ચીજ આલીએ.' ઈબુચાચાએ વચલો રસ્તો કાઢ્યો.

'કબૂલ.'

બંનેએ આંખો બંધ કરી. બંનેએ એક હારે જ ચીજ સામે રાખી. બંનેએ હારે જ આંખો ખોલી .... અને પછી બંનેની આંખો ખુલ્લી જ રહી ગઈ.

ઈબુચાચાએ પોતાનાં હાથે જ અમીનાને ગુલાબી કપડું ઓઢાડી દીધું. તો અમીનાએ સાઈકલનો પંખો આપીને તેમને છક્ક કરી દીધાં.

એકબીજાની લાગણીથી બંનેનું હૈયું ભરાઈ ગયું, આંખો છલકાઈ ગઈ અને બંને એકબીજાના વિચારમાં ઊંડા ઊતરી ગયાં.

## ૧૮. સાચી સજા

(પ્રકાશ દોલતરામ કુબાવત, શિક્ષક : ઝીકિયાળી પ્રા. શાળા, જિ. મોરબી)

નંદનવનના રાજા પરાક્રમસિંહ આજ બહુ ઉદાસ હતા. એના રાજ્યમાં કોઈ દિવસ ચોરી થઈ ન હતી. થોડા દિવસ પહેલા શીવી સસલી ફરિયાદ લઈને આવી હતી કે એની પુત્રી સીમીનાં લગ્ન માટે જે ઘરેણાં અને કપડાં તેના ઘરે હતા, તે રાત્રે કોઈ ચોરી ગયું હતું.

આજ પછી શીવી રાજદરબારમાં આવી અને કહેવા લાગી કે 'મહારાજ પંદર દિવસ પછી સીમીના લગ્ન છે, તમે ચોરને ઝડપથી પકડો. હું તો બરબાદ થઈ ગઈ. હવે કેવી રીતે સીમીના લગ્ન કરીશ? ઘરેણાં પણ મારા જૂનાં જ હતાં, કપડાં પણ જૂનાં જ રાખી મૂક્યાં હતાં. આ દુષ્કાળના વર્ષમાં નવા ઘરેણાં કરાવવાની મારી ત્રેવડ જ નથી. જો મને ઘરેણાં અને કપડાં પાછા નહિ મળે તો મારે આત્મહત્યા કરવી પડશે.' રોતા રોતા શીવી બોલી ગઈ.

શીવીની વાતથી પરાક્રમસિંહ પણ વિચારમાં પડી ગયા. તેના રાજ્યમાં ચોરી થવાથી તેને પણ આઘાત લાગ્યો હતો.

પરાક્રમસિંહને ઉદાસ જોઈ મંત્રી શામજી શિયાળથી ન રહેવાયું. શામજીએ ભરસભામાં જાહેરાત કરી કે, 'દસ દિવસમાં હું ચોરને પકડીને રાજદરબારમાં હાજર કરીશ.' શીવીને કહ્યું કે 'તમે લગ્નની તૈયારી ચાલુ રાખો.'

શામજીને પોતાની રીતે તપાસ કરતા વનુ વાંદરા પાસેથી જાણવા મળ્યું કે તે રાત્રે શીવીના ઘર પાસેથી હંસી હરણીને કંઈક લઈ આવતા તેને જોઈ હતી.

હંસીએ ચોરી કરી હોય તો પણ મારી પાસે કંઈ પુરાવો નથી. વધારે ઊંડી તપાસ કરવી પડશે, એવું શામજી વિચારવા લાગ્યો.

અચાનક એક ઝબકારો તેના દિમાગમાં થયો. શેરૂ સોની અને ગમેશ ધોબીને પોતાના ઘરે બોલાવ્યા. અને બધુ શાનમાં સમજાવી દીધું.

'હાલો જૂના કપડાંને ડ્રાઈક્લિનિંગ કરાવી નવા જેવાં બનાવો.' એવું બોલતો-બોલતો ઢબુ ધોબી ચાલતો જાય છે. હંસીના ઘર પાસે વારંવાર આંટા મારી બોલવા લાગે છે.

બપોરનો સમય હોવાથી કોઈ બહાર નીકળતું નથી. હંસી ઘરની બહાર આવે છે તરત ઢબુ કહે છે, 'જૂના કપડાં નવા જેવા કરી દઈશ.'

હંસી કહે છે કે, 'તમે કોણ છો? તમને તો મેં ક્યારેય જોયા નથી.'

ઢબુ કહે છે કે, 'હું આ ગામમાં નવો જ આવ્યો છું.' હંસી ખુશ થઈ જૂનાં કપડા નવા બનાવવા આપે છે.

બીજા દિવસે શામજી શીવીને બોલાવે છે અને કપડાં બતાવે છે. શીવી પોતાના કપડાં ઓળખી જાય છે, પણ શામજી તેને ચૂપ રહેવાનું જ કહે છે.

પછીના દિવસે બપોરે મેરૂ સોની હંસીના ઘરની આસપાસ બોલતો ફરે છે કે, 'હાલો જૂના ઘરેણાં આપી તદ્દન વાજબી ભાવે નવા ઘાટના ઘરેણાં બનાવો.'

હંસીને વિચાર આવ્યો કે ચોરેલા જૂના ઘરેણાંને નવાં ઘાટના બનાવી દઉં તો હું પકડાઈશ નહિ અને આ સોની પણ નવો જ લાગે છે.

હંસી જૂના ઘરેણાંને નવા ઘાટના બનાવવા મેરૂને આપે છે. રાત્રે શામજી શીવીને બોલાવે છે અને ઘરેણાં બતાવે છે. શીવી પોતાના ઘરેણાં ઓળખી જાય છે. શીવીને શામજી કહે છે કે, 'કાલે દરબારમાં આવજે અને ત્યાં સુધી ચુપ જ રહેજે.'

બીજા દિવસે શામજી ભરદરબારમાં રાજા પરાક્રમસિંહને કહે છે કે, 'ચોર મળી ગયો છે. સિપાહીઓને મોકલો કે હંસીને બોલાવી લાવે.'

સિપાહી હંસીને દરબારમાં હાજર કરે છે. શામજી કહે છે કે, 'આ હંસી ચોર છે.' રાજાએ કડકાઈથી પૂછતાં જ હંસી પોતાનો ગુનો કબૂલ કરી લે છે.

રાજા પરાક્રમસિંહે પૂછ્યું કે, 'તે ચોરને કેવી રીતે પકડ્યો?' શામજી કહે છે કે, 'વનુ વાંદરાએ રાત્રે હંસીને શીવીના ઘર પાસેથી કંઈક વસ્તુ લઈને ચોરી છૂપીથી આવતા જોઈ હતી. ત્યારથી મને શક હતો. પણ ચોરી સાબિત કરવી જરૂરી હતી. આથી શેરૂ અને ગમેશને બોલાવી એક યુક્તિ રચી.'

વાત આગળ વધારતા શામજી બોલ્યો : 'યુક્તિ મુજબ મેં શેરૂ અને ઢબુને મારા ઘરે બોલાવ્યા અને કહ્યું કે, શીવીના ઘરેમાં અને કપડાં ચોરનાર ચોરને પકડવો છે, તમારે મારી મદદ કરવાની છે. તમે બંને તમારા માસીના દીકરાને બોલાવી લો.'

ઢબુ ધોબી અને શેરૂ સોનીએ સાથે બેસી યુક્તિ રચી.

યુક્તિ મુજબ ઢબુને પહેલાં જૂના કપડાં ડ્રાયક્લિનિંગ માટે ગમે તેમ કરીને હંસી પાસેથી મેળવવા અને ત્યારબાદ મેરૂએ જૂના ઘરેણમાંથી નવા ઘરેણાં બનાવવા હંસીને લાલચ આપી.

આ યુક્તિ મુજબ બંનેએ પોતાનું કામ કરી બતાવ્યું. શીવીને કપડાં અને ઘરેણાં રાત્રે બતાવવામાં આવતા, શીવી પોતાના કપડાં અને ઘરેણાં ઓળખી જતી, પણ તેને ચૂપ રહેવાનું કહેવામાં આવ્યું હતું. હંસી આ પ્લાનમાં આબાદ સપડાઈ ગઈ.

'મહારાજ, માફ કરો મહારાજ. માફ કરો. રોતા રોતા હંસી કરગરવા લાગી. મારી દીકરીનાં પણ હમણાં જ લગ્ન છે અને મારી પાસે કંઈ જ ન હોવાથી શીવીના ઘરે મેં ચોરી કરી. શીવીની દીકરીના લગ્ન હોવાથી તેની પાસે કપડાં અને ઘરેણાં હશે એમ વિચારી મેં ચોરી કરી.' એકી શ્વાસે હંસી બોલી ગઈ.

'મને ખબર ન હતી કે શીવી પાસે પણ કંઈ બહુ નહિ હોય. તે પણ જૂના કપડાં અને ઘરેણાં આપવાની હશે. મને માફ કરો ... મને માફ કરો.' એમ કરગરી રાજાના પગમાં પડી ગઈ.

રાજાએ તેને ઊભી કરતાં કહ્યું કે, 'તેં ચોરી કરી છે તો સજા પણ થવી જ જોઈએ. હું તને રાજમહેલમાં કામ આપું છું. તારે દરરોજ કામે આવવાનું. અત્યારે હું તારી દીકરીનાં લગ્નના પૈસા આપું છું.'

'સાથે સાથે શીવી તને પણ રાજમહેલમાં કામ આપું છું. તારી દીકરીનાં લગ્ન પણ ધામધૂમથી કરજે. અત્યારે તને પણ હું પૈસા આપું છું.' રાજાની વાતથી બંને ખૂબ પ્રસન્ન થયા.

'મહારાજ, મારે પણ ચોરી નહોતી કરવી, પણ ક્યાંય કામ મળતું ન હતું. માથે દીકરીના લગ્ન હતા, આથી ચોરી કરવી પડી. તમે કામ આપ્યું તેથી તમારો ખૂબ આભારી રહીશ.' હંસી ભાવુક થઈને બોલી.


શીવીએ પણ કહ્યું કે, 'મારે પણ મારી દીકરીને જૂનાં કપડાં અને ઘરેણાં આપવા ન હતા, પણ દુષ્કાળમાં મજૂરીકામ ન મળવાથી હું લાચાર હતી. મજૂરી મળવાથી હું પણ હવે સારી રીતે મારી દીકરીના લગ્ન કરીશ.'

જતા-જતા બંનેએ રાજાનો ઉપકાર માન્યો. અને બોલી કે 'અમે પણ અમારી મજૂરીમાંથી બચત કરી થોડા ઘણા પૈસા જરૂરિયાતમંદોને આપીશું. તમારો જય હો. તમારો જય હો.'

રાત્રે રાજાને નિંદર આવતી નહતી. પથારીમાં પડ્યા પડ્યા રાજાએ વિચાર્યું કે, 'દુષ્કાળમાં પ્રજાને કામ ન મળે અને મજબૂરીમાં ચોરી કરવી પડે એ રાજની શરમ કહેવાય.'

મારા રાજ્યમાં હવે દુષ્કાળ હોવા છતાં કોઈને ચોરી નહિ કરવી પડે. બધા માટે કાલથી જ કામની વ્યવસ્થા કરીશ. નવું તળાવ બંધાવીશ.

આવું વિચારતા વિચારતા રાજા પ્રસન્ન થઈ ગાઢ નિંદ્રામાં પોઢી ગયા.



# વિચારવલોણું પરિવાર

વીસમી સદીમાં વિજ્ઞાન અને ટૅકનોલોજીનો ખૂબ વિકાસ થયો. તેમાંયે છેલ્લાં પચ્ચીસેક વર્ષમાં ટૅકનોલોજી આપણા જીવનનાં દરેક ક્ષેત્રોમાં પ્રસરી ગઈ છે, એણે જીવનની ગતિને આપણી જાણ બહાર વધારી દીધી છે. આપણી પાસે હજારેક વર્ષની જીવંત સાંસ્કૃતિક પરંપરા છે, જેની અસર આપણા વિચારોમાં, વર્તનમાં અનાયાસ ડોકાયા કરે છે. ઉપરાંત વિકસિત દેશોની અસરથી પણ આપણે મુક્ત નથી.

આપણી આજની મથામણ છે આ પરંપરા, વિજ્ઞાન અને ટૅકનોલોજી અને વિદેશી અસર, આ બધા વચ્ચે મેળ બેસાડી સ્વસ્થ રીતે જીવવું. 'વિચારવલોણું પરિવાર' એવા લોકોનો પરિવાર છે, જેના પ્રયાસો છે કે -

- વૈજ્ઞાનિક અભિગમ સાથે જીવનની જરૂરિયાતો અને પ્રશ્નોને ઓળખીએ, સમજીએ અને 'આજ'ના સત્યની શોધનો પ્રયાસ કરીએ.
- નવા વિચારોને, નવાં અર્થઘટનોને સાંભળવાની, સમજવાની, સ્વીકારવાની ક્ષમતા કેળવીએ.
- કોઈ વ્યક્તિ-વિચારધારાના ચોકઠામાં બંધાઈ ન જવાની સજાગતા રાખીએ.
- વિરોધી વિચારને ઉગ્રતા વગર સાંભળવાની, સમજવાની ધીરજ રાખીએ.
- આપણને ગમતા વિચારોના પ્રચારક ન બનતાં પ્રસારક બનીએ.
- સર્વગ્રાહી, માનવકેન્દ્રી વિચારોને આચરણમાં મૂકી એની કસોટી કરતા રહીએ.
- પોતાની વાત રજૂ કરતી વખતે વિચારશુદ્ધિની, ભાષાના યોગ્ય ઉપયોગની, અનાગ્રહની અને બિનજરૂરી વિસ્તારના જોખમની કાળજી રાખીએ.
- વિશ્વસમસ્તમાં ઊઠતાં વિચારવમળોથી અવગત રહીને એને સમજવા પ્રયત્નશીલ રહીએ.
- અવિરત ચાલતી આ વિચારવલોણાની પ્રક્રિયામાં વધુ ને વધુ લોકોને સહજ સામેલ કરીએ.
- સૌંદર્યદૃષ્ટિ કેળવીએ.
- વ્યક્તિગત આગ્રહો છોડીને સમૂહમાં સ્વસ્થપણે જીવવા પ્રયત્ન કરીએ.
- પ્રકૃતિને પ્રેમ કરતા એને માણતાં શીખીએ અને આપણા પર્યાવરણનું જતન, સંવર્ધન કરીએ.

આપ સર્વેને આ પરિવારમાં જોડાવા નિમંત્રણ છે.

આજના માહિતી વિસ્ફોટના સમયમાં જ્યારે બાળકે મૌલિક વિચારવાનું અને લખવાનું ઓછું કરી નાખ્યું છે, તેવા સમયમાં બાળકને મૌલિક વિચારવા અને રચનાત્મક લખવા માટે પ્રોત્સાહિત કરવા યોજેલ વાર્તાલેખન સ્પર્ધાના અમારા ગયા બે વર્ષના સુખદ અનુભવથી દોરાઈને આ વર્ષે પણ અમે વાર્તાલેખન સ્પર્ધા યોજી. આ વર્ષની વાર્તાઓ પણ 'વાર્તામેળો-૩' સ્વરૂપે પ્રગટ થઈ રહી છે જેનો અમને આનંદ છે.